C M Y K

Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૧૫૩
તા.૦૮-૦૭-૨૦૧૮, રવિવાર
સંવત ૨૦૭૪ જેઠ વદ - ૧૦
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૦૧ સૂર્યાસ્ત : ૦૭:૨૮

તાપમાન
ડીસા ૩૭.૮ | વડોદરા ૩૪.૮
અમદાવાદ ૩૬.૬ | સુરત ૩૧.૮
ગાંધીનગર ૩૬.૮ | નલિયા ૩૪.૪

ચાંદી : ૩૯,૫૦૦ સોનું : ૩૧,૪૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71
Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ : અનેક ડેમ ઓવરફ્લો

**છેલ્લા ૧૨ કલાકના ગાળામાં જ વઘઈમાં નવ, આહવામાં સાત, સાપુતારામાં ૫, વલસાડ અને વ્યારામાં ત્રણ-ત્રણ ઈંચ વરસાદ : લોકોને સાવધાન કરાયા**

અમદાવાદ

દક્ષિણ ગુજરાતમાં અતિ ભારે વરસાદના કારણે જનજીવન ફરી એકવાર અસ્તવ્યસ્ત થઈ ગયું છે. જુદા જુદા ભાગોમાં કલાકોના ગાળામાં જ નવ ઈંચ સુધીનો વરસાદ થયો છે. મળેલી માહિતી મુજબ આહવા, સાપુતારા, તાપીના સોનગઢ સહિતના વિસ્તારોમાં કલાકોના ગાળામાં જ ધોધમાર વરસાદના લીધે ચારેબાજુ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ છે. ભારે વરસાદના પરિણામ સ્વરૂપે લોકો પણ મુશ્કેલીમાં મુકાયા છે. પ્રાપ્ત માહિતી મુજબ વઘઈમાં ૮.૭ ઈંચ, આહવામાં ૭ ઈંચથી વધુ, સાપુતારામાં પાંચ ઈંચથી વધુ, ડાંગના સબર ગામમાં આઠ ઈંચથી વધુ, તાપીના સોનગઢમાં ૮ ઈંચથી વધુ વરસાદ ટુંકા ગાળામાં જ ખાબકી જતા તંત્રને સાવચેતીના પગલાં લેવાની ફરજ પડી છે. દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદના લીધે નદીઓ પણ બે કાંઠે થઈ ગઈ છે. ડાંગમાં કોઝવે પાણીમાં ગરકાવ થઈ જતા અનેક ગામડાઓ સંપર્ક વિહોણા થઈ ગયા છે. ધરમપુરમાં ઉપરવાસમાં થઈ રહેલા વરસાદના પગલે નદીઓમાં પાણીની સપાટી વધી ગઈ છે. દક્ષિણ ગુજરાતના સોનગઢમાં નવ ઈંચ જેટલો વરસાદ ખાબકી ગયો છે. ડાંગ, વ્યારા, ઉમરપાડા સહિતના વિસ્તારો માં ત્રણ ઈંચથી વધુ વરસાદ પડ્યો છે. તંત્ર દ્વારા નીચાણવાળા અને નદી કાંઠાના વિસ્તારમાં રહેતાલોકોને દરિયા કિનારે ન જવા અને સાવધાન રહેવા માટે સૂચના આપવામાં આવી છે. બીજી બાજુ વહીવટ-ીતંત્ર સાબદુ થઈ ગયું છે. સંબંધિત અધિકારીઓને સાવધાન રહેવા માટે કહેવામાં આવ્યું છે. વરસાદી માહોલ હજુ અકબંધ રહે તેવા સંકેત પણ દેખાઈ રહ્યા છે.

## વિચાર વૈભવ...

અધ્યાત્મમાં માનસિક શાંતિ, દિવ્ય આનંદ, સાક્ષાત્કાર કેમ થાય એની આપણને ગતાગમ જ નથી. એનો લાભ મેલા બાબાઓ (નિર્મલ) ઉઠાવે છે. આપણી અંધશ્રદ્ધા અને અજ્ઞાન એવાં છે કે બહેન કહે, મને બાળક થતું નથી- તો બાબા કહે, ‘સમોસા ખા’ અને બહેન ખુશખુશાલ! હવે આવા લોકોને આધ્યાત્મિકતાથી શું લાગે કે વળગે?

જાપાનના કાકુઆ નામના ચિંતકે ચીનમાં જઈ ઝેન ધર્મની ઉપાસના કરી, દીક્ષા લીધી અને ‘જ્ઞાની’ થઈ જાપાન પાછા આવ્યા. એમના બોધ અને આશીર્વાદનો પ્રભાવ વધવા લાગ્યો.

જાપાનના રાજાએ કાકુઆને પોતાના દરબારમાં પધારી ‘શાંતિ’ પર ઉપદેશ આપવા નિમંત્રણ આપ્યું. શહેરની પ્રજા પણ હાજર રહી કાકુઆનો ઉપદેશ સાંભળવા. દરબાર હકડેઠ્ઠ ભરાઈ ગયો. પગ મૂકવાની જગ્યા નહીં. લાયક, નાલાયક બધાંને ‘શાંતિ’ પ્રાપ્ત કરવાની તીવ્ર ઈચ્છા હતી.

કાકુઆ પધાર્યા. પોતાના આસને બેઠા. બધાને વંદન કરી સૌને સ્મિત આપ્યું. દરબારમાં ‘શાંતિ’ છવાઈ ગઈ. ત્યાં કાકુઆએ ધીરેકથી પોતાની ઝોળીમાંથી એક વાંસળી કાઢી અને શાંતિ-આહલાદક સૂરમાં એક ધૂન છેડી. રાજા, સભાજનો ડોલવા લાગ્યાં, કેટલાંક તો આંખ મીંચી ‘ધ્યાન’ માં ચાલ્યાં ગયાં.

અર્ધા કલાક પછી વાંસળી ઝોળીમાં મૂકી, સ્મિત સાથે દરબાર છોડી નીકળી ગયા...

આ હતો ‘શાંતિ’ નો ઉપદેશ.

- સુરેશ પ્રા.ભટ્ટ

## ડીસા નગરપાલિકાની સાધારણ સભામાં નવા વિકાસકામોની દરખાસ્તોને બહાલી

ડીસા

બનાસકાંઠાની ભાજપ શાસિત ડીસા નગરપાલિકાના નવા વરાયેલા પ્રમુખ શિલ્પાબેન માળીના અધ્યક્ષસ્થા ને તેમજ ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા, પાલિકા ના ઉપપ્રમુખ કાન્તિ લાલ સોની તેમજ મુખ્ય અધિકારી સહિત પાલિકા સદસ્યોની ઉપસ્થિતિમાં ગતરોજ પાલિકાનું ત્રિમાસિક સાધારણ સભા યોજાઈ હતી. આ સભામાં શહેરમાં વિકાસના કાર્યોને વેગ આપવાનો એજન્ડા રજુ કરાતાં સભામાં હાજર તમામ સભ્યોએ જરૂરી સુધારા વધારા સૂચવ્યા


ભરત સુંદેશા

અનુસંધાન પાના નં.૬

**બગીચો ભણસાળી ટ્રસ્ટને સોંપવાની હિલચાલ**

ડીસા પાલિકા દ્વારા કરોડોના ખર્ચે બનેલ બગીચો તૈયાર થતા તેની દેખરેખ માટે બગીચા સાથે સંકળાયેલ સંસ્થાને સોપવાની વાત હતી પરંતુ નવી બોડીમાં આ બગીચો ભણસાળી ટ્રસ્ટને સોંપવાની હિલચાલ હાથ ધરાઈ હતી. જ્યારે શહેરની ઓળખ સમાન બનનાર તળાવનું કામ રદ કરી તેની ગ્રાન્ટ શહેરના અન્ય વિકાસ કામોમાં વાપરવાની પણ હિલચાલ હોવાનું શહેરમાં ચર્ચાસ્પદ બન્યું છે.

**નવી પાલિકા કચેરી, ટાઉનહોલ અને ફાયર ફાયટર સ્ટેશન બાંધવા સરકાર પાસે જમીનની માંગણી કરાશે**

## ડીસાની સોમનાથ ટાઉનશીપના એક મકાનમાં ચોરી : બે મકાનોમાં નિષ્ફળ પ્રયાસ

ડીસા

બનાસકાંઠાના વેપારી મથક ડીસા શહેરમાં ફરી તસ્કર ટોળકી સક્રીય બનતાં નગરજનોની ઊંઘ હરામ થઈ ગઈ છે. ગઈ રાત્રે ડીસાની સોમનાથ ટાઉનશિપ અને સોમનાથ ભાગ-૨ માં ત્રાટકેલા તસ્કરોએ ત્રણ મકાનોને નિશાન બનાવ્યા હતા. જે પૈકી એક મકાનમાંથી ત્રણેક હજારની મતા ચોરાઈ છે જો કે અન્ય બે મકાનોમાંથી તસ્કરો ખાલી હાથે પાછા ફરવાની નોબત આવી છે. ચોરીના આ બનાવના પગલે સ્થાનિક રહીશોમાં ફફડાટ ફેલાયો છે.



પ્રાપ્ત માહિતી મુજબ ગઈરાત્રે ડીસાની સોમનાથ સોસાયટીના ભાગ-૨ માં રહેતા શૈલેષકુમાર રેવાલાલ નાઈ અને તેમના પરિવારજનો ધાબા પર સૂઈ રહ્યા હતા. એ દરમિયાન કોઈ અજાણ્યા તસ્કરો મુખ્ય દરવાજો તોડી ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાં પડેલ ચાંદીની પાયલ સહિત ત્રણ હજાર ઉપરાંતની મત્તા ચોરી

અનુસંધાન પાના નં.૬

## ડીસાના શિવનગર વિસ્તારની યુવતીનું અગ્નિસ્નાન : હાલત ગંભીર

ડીસા

ડીસાના શિવનગર વિસ્તારમાં રહેતી ૨૦ વર્ષીય યુવતીએ ગતરોજ શરીરે કેરોસીન છાંટી અગ્નિસ્નાન કરી લેતાં ચકચાર મચી ગઈ છે.આ ઘટનામાં ગંભીર રીતે દાઝી ગયેલી યુવતીને ડીસાની સિવિલ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે પાલનપુર ખસેડવાની ફરજ પડી છે. આ ઘટનાની વિગતો કંઈક એવી છે કે ડીસા શહેરના શિવનગર વિસ્તારમાં રહેતી સપનાબેન માજીરાણાના માતા-પિતાનું અવસાન થયેલ હોઈ વર્ષોથી તેણી પોતાના મામાના ઘરે રહેતી હતી.

અનુસંધાન પાના નં.૬

## દાંતાના ધારાસભ્યને ટેલિફોનિક ધમકી આપનાર પેથાપુરના આધેડની અટકાયત

ડીસા

ગુજરાતમાં કોંગ્રેસના કેટલાક ધારાસભ્યો હાલ પક્ષના મોવડી મંડળને ધમકીઓ આપી દબાણની રાજનીતિ રમી રહ્યા છે. આવી સ્થિતિમાં બનાસકાંઠાના દાંતા મત વિસ્તારના કોંગ્રેસના ધારાસભ્ય કાંતિલાલ ખરાડીને ટેલિફોનિક ધમકી આપવાના ગુન્હામાં એક વૃદ્ધને જેલમાં જવાની નોબત આવી છે.આ બનાવની વિગતો કઈક એવી છે કે દાંતાના ધારાસભ્ય કાંતિલાલ ખરાડી ગત પાંચમી જુલાઈના રોજ પોતાના મતવિસ્તારમાં લોક સંપર્ક કાર્યક્રમ પતાવી પરત પોતાના ઘરે જઈ રહ્યા હતા એ વખતે કોઈ અજાણ્યા ઈસમે રાત્રીના નવ વાગ્યે કાંતિલાલ ખરાડીના મોબાઈલ પર ફોન કરી તેમને જોઈ લેવાની ધમકી આપી હતી.આ ટેલિફોનિક ધમકીને ગંભીરતાથી લઈ ધારાસભ્ય કાંતિલાલ ખરાડીએ બીજા દિવસે અમીરગઢ અને દાંતા પોલીસ મથકોમાં લેખિત જાણ કરી પોતાને ટેલિફોનિક ધમકી આપનાર શખ્સને ઝડપી લઈ યોગ્ય સજા કરવાની માંગણી કરી હતી.દાંતાના ધારાસભ્યની આવી રજૂઆતથી ચોંકી ઉઠેલી અમીરગઢ પોલિસે





અનુસંધાન પાના નં.૬

## ડીસા અને લટીયા ગામના બે યુવકોએ ઝેરી દવા ગટગટાવતાં ચકચાર

ડીસા

ગતરોજ ડીસા શહેર તેમજ દાંતીવાડા તાલુકાના લટીયા ગામના બે યુવકોએ કોઈ કારણસર ઝેરી દવા પી આપઘાતની કોશિશ કરતાં ચકચાર મચી ગઈ છે અને આ બંને અસરગ્રસ્ત યુવકોને ડીસાની સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા છે.

પ્રાપ્ત માહિતી મુજબ ડીસા ખાતે હાઈવે વિસ્તારમાં આવેલી મોઢેશ્વરી સોસાયટીમાં રહેતા શુભમ કનૈયાલાલ પટેલ નામના ૨૭ વર્ષીય યુવકે ગતરોજ ધોળા દિવસે અગમ્ય કારણોસર ડીસાના બસ સ્ટેશન પાસે આવેલ બટાકા સંશોધન કેન્દ્રના દરવાજા આગળ જ ઝેરી દવા ગટગટાવ્યા બાદ તે ઘટનાસ્થળે જ ઢળી પડ્યો હતો. દરમ્યાન, આ ઘટનાની જાણ થતાં લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા અને અસરગ્રસ્ત યુવકને તુરંત ડીસાની સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. બનાવની જાણ થતા યુવકના પરિવારજનો પણ સિવિલ હોસ્પિટલમાં દોડી આવ્યા હતા. ડીસા સિવિલમાં આ યુવકને પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે તેને ડીસાની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો.





અન્ય એક ઘટનામા દાંતીવાડા તાલુકાના લટીયા ગામમાં રહેતા અને ખેતી કરી ગુજરાન ચલાવતા નાનજીભાઈ ભીખાજી ઠાકોર નામના ૩૫ વર્ષીય ઈસમે પણ ગતરોજ ઝેર ઘોળ્યું છે. સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી ધરાવતા નાનજીભાઈ ઠાકોરના ઘરે શનિવારે કોઈ કારણસર કંકાસ થતા તેઓએ ઝેરી દવા ગટગટાવી લેતાં ૧૦૮ ની એમ્બ્યુલન્સ બોલાવી તેમને તુરંત ડીસાની સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. આ બનાવના પગલે દાંતીવાડા પંથકમાં ચકચાર મચી ગઈ છે.

## સાર સમાચાર...

### રાજસ્થાન શક્તિ-ભક્તિના સંગમ કેન્દ્ર તરીકે છે : મોદી

જયપુર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે જયપુર રેલીથી રાજસ્થાનમાં વિધાનસભાની ચૂંટણી માટે ચૂંટણી પ્રચારનું રણશીંગુ ફૂંકી દીધું હતું. જયપુરમાં વિશાળ રેલીને સંબોધતા મોદીએ રાજ્યની વસુંધરા રાજે અને કેન્દ્રની ભાજપ સરકારની યોજનાઓને રજુ કરી હતી. આ ગાળા દરમિયાન તેઓએ અગાઉની કોંગ્રેસ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે ૧૨ વર્ષ પહેલા કોંગ્રેસના નેતાઓના નામ પર પથ્થરો ગોઠવવાની સ્પર્ધા ચાલી રહી હતી. મોદીએ ઉમેર્યું હતું કે અગાઉની સરકારથી જ્યારે અમે આવ્યા ત્યારે તમામ ખજાના ખાલી હતા.

ભારતભરનાં તમામ રાજ્યોમાં લોકપ્રિય તેમજ મશહુર નામ




આંજણા- ચૌધરી સમાજ જોગ

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગરના સહયોગથી
શ્રી આંજણા (ચૌધરી) સેવા મંડળ, ગાંધીનગર દ્વારા સંચાલિત
ચૌધરી એકેડમી, ગાંધીનગર

પોલીસ કોન્સ્ટેબલ/ જનરલ વર્ગ- ૩ તાલીમ વર્ગ

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવનાર પોલીસ કોન્સ્ટેબલ/ જનરલ વર્ગ-૩ પરીક્ષા માટેનો તાલીમ વર્ગ શ્રી આંજણા (ચૌધરી) સેવા મંડળ, ગાંધીનગર દ્વારા સંચાલિત ચૌધરી એકેડમી, ગાંધીનગર દ્વારા ઓગસ્ટ માસના પ્રથમ અઠવાડિયામાં શરૂ કરવામાં આવનાર છે. તાલીમવર્ગમાં જોડાવવા ઈચ્છતા ફક્ત સમાજના ભાઈ/ બહેનોએ તા. ૦૬/૭/૨૦૧૮ થી તા. ૨૯/૭/૨૦૧૮ સુધીમાં નીચેના સરનામે ચૌધરી એકેડમીના ઓફીસમાં રૂા. ૧૦૦ જમા કરાવી ફોર્મ મેળવી રૂબરૂમાં રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રજીસ્ટ્રેશન ફોર્મ સાથે પાસપોર્ટ સાઈઝના ૨ ફોટોગ્રાફસ, ફોટો આઈડી તેમજ શૈક્ષણિક લાયકાતની સ્વપ્રમાણિત નકલ બીડવાની રહેશે. જરૂર જણાશે તો પ્રવેશ પરીક્ષા લઈ મેરીટના આધારે પ્રવેશ આપવામાં આવશે. તાલીમ વર્ગ સોમવારથી શુક્રવાર દરરોજ બપોરે ૧૨.૩૦ થી સાંજે ૮.૩૦ દરમિયાન ૨(બે) કલાકની ૨ (બે) બેચ ચલાવવામાં આવશે. તાલીમ વર્ગની ફી : રૂા. ૪૦૦૦/- રહેશે. તાલીમ વર્ગ વિષય નિષ્ણાંત અને અનુભવી ફેકલ્ટી દ્વારા ચલાવવામાં આવશે.

ઓફીસ સમય: સવારે ૯.૦૦ થી સાંજે ૭.૦૦
(શનિ-રવિ ઓફીસ ચાલુ રહેશે.)

કનુભાઈ ડી. ચૌધરી
પ્રમુખ
શ્રી આંજણા (ચૌધરી) સેવા મંડળ, ગાંધીનગર

સ્થળ: માતૃશ્રી જોઈતીબા ચૌધરી મહિલા કોલેજ કેમ્પસ
બસ સ્ટેન્ડ સામે, સેક્ટર-૭ ગાંધીનગર

મણીલાલ બી.ચૌધરી મો. ૯૪૨૮૫ ૦૩૧૨૯ | જશુભાઈ કે.પટેલ મો. ૯૪૨૭૨ ૦૧૦૧૭
સતીષભાઈ એસ.ચૌધરી મો. ૯૪૨૮૦ 33333 | યશવંતભાઈ ડી.ચૌધરી મો. ૯૪૨૭૩ ૭૫૩૭૫

રેવન્યુ તલાટી • પોલીસ કોન્સ્ટેબલ • બિન સચિવાલય • રેવન્યુ તલાટી • પોલીસ કોન્સ્ટેબલ • બિન સચિવાલય

સેવન સ્ટેપ કોચીંગ, પાલનપુર

પાલનપુરમાં માત્ર ૨ વર્ષમાં ૨૦૦ થી વધુ ઉમેદવારોને પસંદગી કરાવનાર એક માત્ર કોચિંગ સંસ્થા...

૨૦૧૮ માં આવનાર સરકારી ભરતી

| રેવન્યુ તલાટી | કોન્સ્ટેબલ | બિન સચિવાલય |
|---|---|---|
| 1800 + (જગ્યા) | 7000+ (જગ્યા) | 2500+ (જગ્યા) |

રેવન્યુ તલાટી, પોલીસ કોન્સ્ટેબલ તથા બિન સચિવાલયની પરીક્ષામાં સફળ થવા સેવન સ્ટેપ કોચીંગ ઇન્સ્ટીટ્યુટની સ્પેશ્યલ બેચ ટૂંક સમયમાં શરૂ

વર્ગ- ૩ ની સ્પેશ્યલ બેંચ શરૂ
તારીખ : ૧૧/૦૭/૨૦૧૮, બુધવાર, સમય : સાંજે ૫-૦૦ થી ૭-૦૦
સ્કોલરશીપ પરીક્ષા તારીખ : ૧૧/૦૭/૨૦૧૮
: સ્થળ :
સંકલ્પ પ્લાઝા સમર્પણ આંખની હોસ્પિટલની સામે, ગઠામણ ગેટ, પાલનપુર,મો.૯૭૧૪૮૩૨૬૧૬

કોન્સ્ટેબલની સ્પેશ્યલ બેંચ શરૂ
તારીખ : ૧૪/૦૭/૨૦૧૮, શનિવાર, સમય : ૧૨-૦૦ થી ૨-૦૦
સ્કોલરશીપ પરીક્ષા તારીખ : ૧૪/૦૭/૨૦૧૮
: સ્થળ :
સંકલ્પ પ્લાઝા સમર્પણ આંખની હોસ્પિટલની સામે, ગઠામણ ગેટ, પાલનપુર,મો.૯૭૧૪૮૩૨૬૧૬

કોન્સ્ટેબલની સ્પેશ્યલ બેંચ શરૂ
તારીખ : ૧૬/૦૭/૨૦૧૮, સોમવાર, સમય : ૧૨-૦૦ થી ૨-૦૦
સ્કોલરશીપ પરીક્ષા તારીખ : ૧૬/૦૭/૨૦૧૮
: સ્થળ :
સંસ્કૃત કોમ્પ્લેક્ષ, ઇન્કમટેક્ષ ઓફિસની સામે, આબુ હાઇવે શાખા, પાલનપુર, મો.૯૭૧૪૮૩૨૬૧૬

કોન્સ્ટેબલની સ્પેશ્યલ બેંચ શરૂ
તારીખ : ૧૮/૦૭/૨૦૧૮, બુધવાર, સમય : ૧૨-૦૦ થી ૨-૦૦
સ્કોલરશીપ પરીક્ષા તારીખ : ૧૮/૦૭/૨૦૧૮
: સ્થળ :
શુકન પ્લાઝા, બસ સ્ટેશનની બાજુમાં, વડગામ શાખા મો.૯૯૯૮૨૯૮૯૧૨

દરેક બેંચ માટે સ્કોલરશીપ પરીક્ષા લેવામાં આવશે જેમાં અગ્રક્રમે આવનાર ૫ વિદ્યાર્થીઓ અને ૫ વિદ્યાર્થીનીઓને ફીમાં ૫૦ % રાહત મળશે
નોંધ : સ્કોલરશીપ પરીક્ષા માટે ફોન પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.

# બનાસકાંઠામાં દારૂની રેલમછેલ કરતા બુટલેગરો ઉપર પોલીસની તવાઈ

## એક જ દિવસમાં ૬૩ સામે કાર્યવાહી : પોણા લાખનો દારૂ કબ્જે લેવાયો

પાલનપુર

દેશી, વિદેશી દારૂના મુદ્દે રાજકીય વાતાવરણ ગરમાયું છે. ત્યારે બનાસકાંઠામાં પોલીસ દ્વારા જુદી જુદી ટીમો બનાવી જુદાજુદા સ્થળોએ ઓચિંતા છાપા મારવામાં આવ્યા હતા. જ્યાં એક જ દિવસમાં ૬૩ બુટલેગરો સામે કાર્યવાહી કરી પોણા લાખનો દેશી- વિદેશી દારૂ ઝડપી લેવામાં આવ્યો હતો. અને રેડ દરમિયાન



નાસી ગયેલા શખ્સોને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

રાજ્યમાં કડક દારૂબંધી હોવા છતાં બુટલેગરો કાયદાના ધજીયા ઉડાવી રહ્યા છે. જ્યાં છેલ્લા બે દિવસથી દારૂના મુદ્દે રાજકીય વાતાવરણ ગરમાયું છે. ત્યારે ગાંધીનગર પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી દ્વારા સમગ્ર રાજ્યમાં ડ્રાઈવ કરવા સૂચના આપવામાં આવી છે. જે અંતર્ગત બનાસકાંઠા જિલ્લા પોલીસવડા નીરજ બદગુજર દ્વારા કરાયેલા આદેશના પગલે એલસીબી સહિતની જુદીજુદી ટીમો બનાવવામાં આવી હતી. આ અંગે એલસીબી પીઆઇ જે. એચ. સિંધવે જણાવ્યું હતું કે, જિલ્લામાં જુદાજુદા સ્થળોએ ઓચિંતા છાપા મારી એક જ દિવસમાં ૬૩ બુટલેગરો સામે જુદીજુદી કલમો મુજબ ગુના નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૩૪ શખ્સોની તાત્કાલિક ધરપકડ કરવામાં આવી છે. જ્યારે ૨૯ નાસતા ફરતા શખ્સોને ઝડપી લેવા ચક્રો ગતિમાન કરાયા છે. દારૂની બદી સામેની આ કાર્યવાહી હવે પછીના સમયમાં પણ ચાલુ રહેશે.

**રૂપિયા ૬૪૮૨૦નો મુદ્દામાલ કબ્જે લેવાયો**

બનાસકાંઠામાં પોલીસે જુદાજુદા સ્થળોએ રેડ કરી રૂપિયા ૫૨૨૦ની કિંમતનો ૨૬૧ લીટર દેશી દારૂ, રૂપિયા ૬૨૦૦ની વિદેશી દારૂની ૬૨ બોટલ, રૂપિયા ૧૧૮૪૦ નો દારૂ ગાળવાનો વૉશ ૨૯૬૦ લીટર તેમજ રૂપિયા ૪૧૫૬૦નો અન્ય મુદ્દામાલ મળી કુલ રૂપિયા ૬૪૮૨૦નો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો છે.

# થરાદ નગરમાં પીવાના પાણીની ભારે સમસ્યા સર્જાતાં હાલાકી : લોકોમાં ભારે રોષની લાગણી

પ્રતિનિધિ થરાદ

ગત ૨૧ જુનથી દસ દિવસ માટે બંધ થયેલી નર્મદા નહેરના રિપેરિંગ બાદ પાણી ચાલુ કરાતાં જ તે ફરીથી તુટવા પામી હતી.આથી હજુ એકાદ સપ્તાહ પાણી નહેરમાં આવી શકશે કે કેમ તે પ્રશ્ન ઉભો થવા પામ્યોછે.ત્યારે શુક્રવારથી નહેરમાં સાવ પાણી ખુટી જતાં થરાદના નગરજનોને અને ગ્રામ્યવિસ્તારોમાં પાણીની સમસ્યા ઉભી થવા પામી છે.નગરની થાણાશેરી,બજારના ધોરાવાસ,મહાલક્ષ્મી,સેદલાઇ અને પ્લોટ વિસ્તાર સહિતના વિસ્તારોમાં પાણીની તંગી સર્જાવા પામી છે. પાણી માટે મહિલાઓને વાહનોની અવરજવર વચ્ચે પીવાના પાણીનાં બેડાં માથે ઉપાડીને રઝળપાટ કરતી પણ જોવા મળી રહીછે.આથી લોકોએ નાછુટકે પૈસા ખર્ચીને ટેન્કર મારફત પાણી મંગાવવાની નોબત આવી છે.જેના કારણે ટેન્કર માલિકોએ ભાવ વધારતાં લોકોની હાલાકીઓ જાણે તેમના માટે બખ્ખાંમાં પરિણમી હતી.આથી રહીશોમાં ભારે રોષ અને આક્રોશની લાગણી ફેલાવા પામી હતી.નગરજનોમાં નર્મદા નહેરમાં પાણી ન આવે ત્યાં સુધી નગરપાલિકા દ્વારા શહેરના વોર્ડ દીઠ ટેન્કરની વ્યવસ્થા ગોઠવીને દિવસભર ફેરા કરીને પાણીની જરૂરીયાત પુરી પાડવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.બીજી બાજુ ટેંકર માલિકો વધારે ભાવ માંગતાં હોઇ તેમને નિયંત્રણમાં લેવા નગરના એક જાગૃત અગ્રણીએ નાયબકલેક્ટરને રજુઆત કરવાની તજવીજ પણ હાથ ધરી હોવાનું તેમણે જણાવ્યું હતું.જ્યારે નગરપાલિકાના ચીફઓફીસર રોશનીબેન પટેલે જણાવ્યું હતુંકે નગરપાલિકાના એક સહિત છ ટેન્કરોની વ્યવસ્થા કરવામાં આવી છે.અને જે વિસ્તારમાં જરૂરીયાત હશે ત્યાં પાણી મોકલવામાં આવશે. પાલિકાના કર્મચારીઓને આ અંગે સુચના પણ આપવામાં આવી છે.

# જુનાડીસા પાસે બાઈક અને રીક્ષા વચ્ચે અકસ્માત સર્જાતા એક ઘાયલ



જમીલ મેમણ

ડીસા

ડીસા તાલુકાના જુનાડીસા ગામ પાસે ગત રાત્રી ના સુમારે સતરાશહીદની દરગાહ નજીક રિક્ષા અને બાઈક વચ્ચે અકસ્માતમાં એકને ઈજા થવા પામી હતી.

મળતી માહિતી મુજબ ગતરાત્રીના સુમારે સતરાશહિદની દરગાહ નજીક પુરઝડપે અનેરિક્ષા નંબર જીજે૦૮અટી ૪૪૬૧ ગાફ્લત ભરી રીતે હેડ લઈટ બંધ હાલતમાં હંકારતા બુલેટ નંબર જઈએ ૮ બીકે ૪૨૯૨ ના ધડાકાભેર ટક્કર મારતા હિતેશભાઈને શરીરે ઈજાઓ થતા સારવાર અર્થે દવાખાને ખસેડયા હતા. જયારે રીક્ષા ચાલક રિક્ષા મૂકી ફરાર થઈ જાવા પામ્યો હતો. આ અંગે ડીસા તાલુકા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# અસાણા ગામની સીમમાંથી વિદેશી દારૂ ઝડપાયો

## ભાભર પોલીસ દ્વારા આરોપીની અટકાયત

તા.પ્રતિનિધિ ભાભર

બનાસકાંઠા જિલ્લાના પોલીસ અધિક્ષક નિરજકુમાર બડગુજ્જરે જિલ્લામાં દારૂ/ જુગારની પ્રવૃત્તિઓ નેસ્ત નાબુદ થાય તે અંગે કડક અમલવારી કરવા સુચના કરતા નાયબ પોલીસ અધિક્ષક પી.એચ.ચૌધરી તથા સર્કલ પો.ઈન્સ. સી.જે. સોલંકીના સીધા માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. એસ.એસ.રાણે તથા હેડ કોન્સ. જસવંતલાલ, પો.કોન્સ. ભગવાનભાઈ, પો.કોન્સ. ભરતભાઈ, પો.કોન્સ. વિક્રમસિંહ પો.કો. હેમંતકુમાર વગેરે પો.સ્ટાફના માણસો બીટ નંબર ૧ ના ગામડામાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન અસાણા ગામના પાટીયા પાસે આવતા મળેલ બાતમી હકીકત આધારે મીઠાથી થરાદ જતા હાઈવે રોડ ઉપર અસાણા ગામની સીમમાં રહેતા કલ્પેશજી તાલજી ઠાકોર પોતાના કબજા ભોગવટાના ખેતરમાં બનાવેલ રહેણાંક ઘરે પરપ્રાંતિય બનાવટનો દારૂ રાખી વેચાણ કરે છે. જે હકીકત આધારે સદરે જગ્યાએ પંચો સાથે રેઈડ કરતા પોતાના કબજા



ભોગવટાના રહેણાંક ઘરમાં બનાવેલ પાણીયારા નીચે પ્લાસ્ટિકની થેલીમાં પરપ્રાંતિય બનાવટનો ઈંગ્લીશ દારૂની નાની ૧૮૦ મી.લી.ની બોટલ નંગ-૨૫ (કિં.રૂા. ૨૫૦૦/-) નો ગે.કા.વગર પાસ પરમીટનો રાખી પોલીસ રેઈડ દરમ્યાન સદરે ઈસમ કલ્પેશજી તલાજી ઠાકોર (રહે. અસાણા તા. ભાભર) હાજર મળી આવી પકડાઈ જઈ ગુનો કરેલ હોય તેના વિરૂધ્ધમાં પ્રોહીબીશન એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ છે.

# ખેડૂતોને પાક વિમાના પ્રીમીયમનું વળતર ચુકવવા માંગ

પ્રતિનિધિ થરાદ

થરાદ તાલુકા કૉંગ્રેસ સમિતીના પ્રમુખ આંબાભાઇ સોલંકીએ રાજયના મુખ્યમંત્રીને પત્ર લખ્યો છે.જેમાં જણાવ્યું હતું કે થરાદ,વાવ અને સુઈગામ તાલુકાના લોકો માત્રને માત્ર ખેતી અને પશુપાલન પર નિર્ભર હોઇ સંપુર્ણ જીવન નર્મદા નહેર પર નિર્ભરછે.તેમ છતાં પણ સરકાર દ્વારા નર્મદા ડેમમાં પાણીની અછત હોવાનું જણાવી ઉનાળુ વાવેતર નહી કરવા જણાવી ૧૫ જુનથી રેગ્યુલર પાણી આપવાનું આશ્વાસન પણ આપ્યું હતું. બીજી બાજુ આજ દિનસુધી ખેતી માટે તો દુર પણ પીવા માટે પણ પાણી નહી મળતાં વરસાદની ખેંચ વચ્ચે વિકટ સમસ્યા સર્જાવા પામી છે.

ખેડુતો ઉનાળુ તો દુર પણ ચોમાસું વાવેતર પણ કરી શકે તેમ નથી.બીજી બાજુ ખેડુતોએ વડાપ્રધાન પાક વિમાના નામે લિધેલ પ્રિમીયમનું વળતર પણ હજી ચુકવાયું નથી.તો તાત્કાલિક અસરથી તે ચુકવી આપવાની માંગણી કરવામાં આવી હતી. અન્યથા ખેડુતો સાથે ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન છેડવાની પણ ચિમકી ઉચ્ચારી હતી.

# પાલડી ગામના પીડીત પરિવારની મુલાકાત



કંચનજી ઠાકોર

પ્રતિનિધિ ભીલડી

ડીસા તાલુકાના પાલડી ગામે એક દલિત પરિવારની પરણિતા પર માથાભારે ઈસમે દુષ્કર્મ આચરેલ તેમજ તેનું ઘર પણ બાળી નાખેલ. જેના પ્રત્યાઘાત સમગ્ર બનાસકાંઠામાં પડેલ છે. ઘટનાની જાણ થતા વડગામના ધારાસભ્ય જીગ્નેશભાઈ મેવાણીએ શુક્રવાર સાંજે પીડીત દલિત પરિવારની મુલાકાત લઈ આપવીતી સાંભળી સાંત્વના આપેલ અને જણાવેલ કે ગુનેગારને કડક સજા થાય તે માટે હું તમારી પડખે જ છું. આ પ્રસંગે બનાસકાંઠા દલિત સેના પ્રમુખ બળદેવભાઈ પંડ્યા, દલપતભાઈ ભાટીયા વગેરે દલિત સમાજના આગેવાનોએ પીડીત પરિવારની મુલાકાત લઈ સાંત્વના પાઠવી હતી.

## થરાદના કમાળી ગામની યુવતીને સમાજનો યુવક પરેશાન કરતો હોવાની રજુઆત

પ્રતિનિધિ થરાદ

થરાદ તાલુકાના કમાળી ગામની એક યુવતી બીએસએફમાં ફરજ બજાવે છે.જોકે તેણીને તેના કુંટુંબમાં સંબંધી થતો અને ભોરડુ ગામનો એક યુવક પરેશાન કરી રહ્યો છે.જેના કારણે તેણી એટલી હદે ત્રાહીમામ પોકારી ઉઠી છે કે તેના પિતા સાથે થરાદ પોલીસમથકમાં આવી હતી. અને એ યુવક તેની પલપલની ખબર રાખે છે અને તેણીના મોબાઈલ પર પણ તેની જાણ પણ કરે છે. આથી ગભરાટ અનુભવતાં યુવકને પાઠ ભણાવવા પોલીસમાં લેખિત રજુઆત પણ કરી હતી. પોલીસે આ અંગે પગલાં અટકાયતી પગલાં ભરાવવાની ખાત્રી આપી હતી.

# ટોટાણા સદારામબાપા સંતસેવા આશ્રમે- શ્રદ્ધાળુઓનો ઘસારો



અશોક પ્રજાપતિ

## દિવંગત જૂનાગઢ મહંતને ભાવાંજલિ

પ્રતિ. માંડલા

સંતસેવા આશ્રમ જુનાગઢના મહંત દશરથબાપુનું હૃદયરોગના કારણે આકસ્મિક અવસાન થતાં ઘેરા શોકની લાગણી છવાઈ જવા પામી હતી.

સ્વ.નું બેસણું સંતસેવા આશ્રમ ટોટાણા મુકામે રખાતા અનેક ભાવિકો ઉમટી પડ્યા હતા અને સ્વ.ને શ્રદ્ધાસુમન અર્પતા ભાવિકોમાં ઘેરા શોકની લાગણીઓ જોવા મળી હતી. ધાર્મિક કાર્યોમાં રસ રુચિ તેમજ આશ્રમમાં સેવાકાર્યમાં સદાય જોડાયેલા રહેલા બાપુનું અચાનક અવસાન થતાં તેમના સમાધિ સ્થળે લોકોનો વ્યાપક ઘસારો જોવા મળ્યો હતો.

આ પ્રસંગે કાંકરેજ ધારાસભ્ય કિર્તિસિંહ વાઘેલા, નગરપાલિકા પ્રમુખ વિનાજી ઠાકોર, કોંગ્રેસ આગેવાન દિનેશભાઈ ઝાલેરા, નંદાજી ઠાકોર, અણદાભાઈ પટેલ(માર્કેટયાર્ડ થરા), અમૃતજી ઠાકોર, વેનાજી ઠાકોર તેમજ તમામ પક્ષના નામી/ અનામી લોકો તેમજ મોટી સંખ્યામાં જાહેર જનતાની ઉપસ્થિતિ સ્વ.પ્રત્યેની ભાવના દર્શાવી જાય છે.

## વીર શહીદ સિપાહી "અલ્લારખા ઉન્ડજામ" સ્મારક રીનોવેશન અને પુષ્પાંજલી કાર્યક્રમ યોજાયો



ઈશ્વર રબારી

પ્રતિનિધિ દાંતીવાડા

એસ.આર.પી. કેમ્પ મડાણા ડાંગીયા ખાતે ગતરોજ વીર શહીદ સિપાહી અલ્લારખા ઉન્ડજામ જે ૨૪ મી સપ્ટેમ્બર ૨૦૦૨ ના રોજ અક્ષરધામ મંદિર સંકુલમાં આતંકવાદી હુમલામાં શહીદ થયા હતા. તેમની સ્મરણાંજલીરૂપે ગોંડલથી શહીદ વીરના માતાને તેડાવી સન્માન અને પરિવારને મદદરૂપ થવાની ખાત્રી આપેલ. આ કાર્યક્રમમાં એસ.આર.પી. કેમ્પ ગૃપ-૩ કેમ્પસમાં સૈનિકોની ઉપસ્થિતિમાં બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ પુષ્પાંજલી આપી હતી. તેમજ આજુબાજુના સરપંચો આગેવાનો ગૃપના સેનાપતિ અધિકારીઓ જવાનોએ શહીદ વીરને પુષ્પાંજલી અર્પણ કરેલ. આ કાર્યક્રમ નટુભાઈ ચૌધરી, હરજીવનભાઈ ભુતડીયા, વિનોદભાઈ પટેલ, દિનેશભાઈ બોકા, પી.જે.ચૌધરી તેમજ બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેલ.

## લાખણી તાલુકા આરોગ્ય કચેરી દ્વારા મીઝલ્સ રૂબેલા અંતર્ગત પ્રચાર પ્રસાર અભિયાન

પ્રતિનિધિ લાખણી

લાખણી તાલુકા આરોગ્ય કચેરી દ્વારા મિઝલ્સ રૂબેલા અટકાવવા માટે પ્રચાર અને પ્રસાર સાથે લાખણી તાલુકાની દરેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા આયોજન કરવામાં આવેલ છે. જેમાં દરેક શાળાની અંદર બાળકોના વાલીઓ તથા શાળાના શિક્ષકોની મીટીંગ રાખી આરોગ્ય સ્ટાફ દ્વારા મિઝલ્સ રૂબેલા વિશે ચર્ચા કરી કામગીરી કેવી રીતે કરવી તેના વિશે માર્ગદર્શન આપવામાં આવેલ. જેમાં શાળાનો એકપણ વિદ્યાર્થી મિઝલ્સ- રૂબેલાની રસી લીધા વગર વંચીત ન રહી જાય તે માટે વાલી અને શિક્ષકોને ખાસ ભાર આપી રસીના લાભ જણાવી તેમને જાણ કરવામાં આવેલ.

**રાષ્ટ્રીય વંચિત લોકમંચના...**

# ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ પદે વિક્રમ સેંગલની નિમણુંક

તાલુકા પ્રતિનિધિ વાવ



રાષ્ટ્રીય વંચિત લોકમંચના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ રામજીભાઈ રાઠોડે પ્રદેશ બોડીની રચના કરેલી જેમાં રાષ્ટ્રીય વંચિત લોકમંચના ગુ.પ્રદેશ ઉપાધ્યક્ષ પદે વાવ તાલુકાના વાવડી ગામના યુવા અગ્રણી વિક્રમભાઈ નાગજીભાઈ સેંગલની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. વિક્રમ સેંગલ એક ઉત્સાહી અને કાર્યકુશળ કાર્યકર તરીકેની છબી ધરાવે છે. તેમજ વાવ તાલુકા કોંગ્રેસ સેવાદળના પ્રમુખ પદે કાર્યરત છે. તેમની વરણીને સમગ્ર વાવ-સુઈગામ પંથકના રાષ્ટ્રીય લોકમંચના કાર્યકરોએ આવકારી શુભકામના પાઠવી છે. તેમની વરણીને ચોમેરથી આવકાર સાંપડી રહ્યો છે.

## થરામાં પ્રાર્થનાસભા નિમિત્તે યોજાયેલ જલારામ બાપાનાં ભજન

ડીસા

કાંકરેજ તાલુકાના થરા નગરમાં હાઈવે ઉપર જલારામ મંદિરના લાભાર્થે છેલ્લા ૧૮૦ ગુરુવારથી થરામાં જલારામ બાપાના ભજન વિવિધ લાભાર્થીઓના નિવાસ સ્થાને થાય છે. તાજેતરમાં મૂળ થરાના અને હારિજ ખાતે ભૂપેન્દ્રભાઈ વૈકુંઠરામ ઠક્કર (તન્ના) સાથે પરણેલાં પ્રવિણાબેન ઠક્કર(શિક્ષિકા) નું પાલનપુર ખાતે દુઃખદ નિધન થતાં તેમને શ્રધ્ધાંજલી અર્પવા જલારામ બાપાનાં ભજન સ્વરૂપે પ્રાર્થનાસભાનું આયોજન કરાયું હતું. થરાના સદ્ગત કાંતીલાલ ડામરલાલ ઠક્કર (અખાણી)ના સુપુત્રો હરિભાઈ, વિઠલભાઈ અને દિનેશભાઈ (રાધેશ્યામ મંડપ) અને સુપુત્રીઓ લીલાબેન, હર્ષાબેન સહિતના પરિવારે સદ્ગત શિક્ષિકા પ્રવિણાબેનની સ્મૃતિમાં પૂજ્ય જલારામ બાપાનાં ભજનોનું આયોજન કરી અનોખી શ્રધ્ધાંજલી અર્પી હતી.

તા.૫/૭/૨૦૧૮ ને ગુરુવારે યોજાયેલ આ ભજનના કાર્યક્રમમાં ખૂબ જ મોટી સંખ્યામાં જલારામ ભક્તો ખાસ હાજર રહ્યા હતા. થરાના સ્થાનિક ભજનીકો ઉપરાંત રાધનપુર- અમદાવાદથી ખાસ પધારેલ ડી.સી.ગોકલાણી અને વિજયભાઈ ઠક્કર સહિત સૌએ ભજનો અને શ્રધ્ધાંજલી ગીતો ગાઈ સદ્ગત પ્રવિણાબેન ઠક્કર/ તન્નાને શ્રધ્ધાંજલી આપી હતી. આ અવસરે ભજન કાર્યક્રમના સંચાલક અને જાણીતા લોકસાહિત્યકાર પ્રહલાદભાઈ આઈ. ઠક્કર (ઉણવાળા) તેમજ ડીસા રઘુવંશી સમાજના અગ્રણી ભગવાનભાઈ બંધુએ પોતપોતાના પ્રેરણાદાયી વક્તવ્યો દ્વારા પ્રવિણાબેન ઠક્કરને શ્રધ્ધાંજલી અર્પી હતી.

અનુસંધાન પાના નં.૬

# પાલનપુર આઈ હોસ્પિટલ દ્વારા 'આઈ કેમ્પ' યોજાયો

પાલનપુર

શ્રી.ટી.એમ.એસ.જે.એન્ડ શાહ એમ.એમ આઈ હોસ્પિટલ સંચાલિત સમર્પણ હોસ્પિટલ પાલનપુર દ્વારા આયોજીત 'આઈ કેમ્પ' પાલનપુર આઈ હોસ્પિટલ દ્વારા તા.૨૫/૬/૧૮ થી તા.૩૦/૬/૧૮ સુધી આયોજન કરવામાં આવેલ જેમાં ૬૩૯ દર્દીઓને તપાસવામાં આવેલ હતા. જેમાંથી ૬૦ જરૂરીયાતવાળા દર્દીઓને 'આઈ હોસ્પિટલ ખાતે મોતિયાના ઓપરેશન નેત્રમણી બેસાડી કરી આપવામાં આવેલ છે. આ કેમ્પમાં આઈ સર્જન ડૉ. પિયૂષભાઈ શાહ, ડૉ. મૌલેષ જે પટેલ તેમજ દિનેશભાઈ ચૌધરી દ્વારા સેવાઓ આપવામાં આવેલ તથા આ કેમ્પને સફળ બનાવવા આઈ હોસ્પિટલના સ્ટાફના સભ્યોએ પણ સુંદર સહકાર આપ્યો હતો.

**મિઝલ્સ- રૂબેલા અભિયાન અંતર્ગત**

## આચાર્ય નોડલ શિક્ષક અને આંગણવાડી કાર્યકરોની મીટીંગ યોજાઈ



પ્રતિનિધિ બાપલા

પ્રા.આ.કે. બાપલા ખાતે ભારત સરકાર દ્વારા ૨૦૨૦ સુધીમાં ઓરીને નાબુદ કરવા અને રૂબેલાને કંટ્રોલ કરવાના લક્ષને સિધ્ધ કરવા- ૯ માસથી ૧૫ વર્ષના બાળકોને એમ.આર. રસીકરણથી રક્ષિત કરવા પ્રા.આ.કે.ના કાર્યક્ષેત્રમાં આવતી તમામ પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા કેન્દ્રના આચાર્ય અને નોડલ શિક્ષકોને આયોજન અને પ્રચાર પ્રસાર અને તાલીમ અંગે મીટીંગ રાખવામા આવેલ હતી. જેમાં મેડીકલ ઓફિસર ડૉ.પાસવાને મિઝલ્સ- રૂબેલા કેમ્પેઈન કામગીરીનું આયોજન અને અલગ અલગ વીભાગોએ કરવાની કામગીરીની છણાવટ કરી સમજાવી તેમજ ઓરી અને રૂબેલા રોગની ગંભીરતા તેમજ આ રોગથી બાળ મરણ ઘટાડવા અને જન્મનાર બાળક તંદુરસ્ત જન્મે અને તંદુરસ્ત લાંબુ જીવે તે બાબતે સમજ આપી હતી.

મ.પ.હે.સુ. મકવાણાએ આંગણવાડી કાર્યકર બહેનોની મિઝલ્સ રૂબેલા કામગીરીનું આયોજન ઘેર - ઘેર પ્રચાર-પ્રસાર કરવા અને લોકોમાં જાગૃતતા લાવવા બાબતે વિગતવાર જણાવેલ.

આ મિટીંગ- તાલીમમાં હે.સુ.બાપલા, તમામ વર્કરોએ હાજર રહી સંકલનથી કામ કરવા અને કાર્યક્રમને સફળ બનાવવાની પ્રતિજ્ઞા સાથે પૂર્ણ કર્યો હતો.

# દીયોદર હાઈવે ટ્રક-બાઈક અકસ્માતમાં એકનું મોત

પ્રતિનિધિ દીઓદર



દીઓદર તાલુકાના ધુમડ ગામના દેસાઈ પાંચાભાઈ દાનાભાઈ (ઉ.વ.૩૫) બાઈક ઉપર પોતાની પત્નિને લઈ પોતાના વતન પોતાના ભાઈનું છ દિવસ પહેલા વીજકરંટ લાગતા થયેલા મોતનું આજરોજ ધડા ભરવાની વિધી પતાવી દીઓદર આવી રહ્યા હતા. ત્યારે ટ્રક નં.જી.જે.૮.ઝેડ.૨૯૦૮ એ ટક્કર મારતાં માથાના ભાગે ઈજા પહોંચતા દેસાઈ પાંચાભાઈનું મોત નીપજેલ જ્યારે તેમના ધર્મ પત્નિ ગંભીર ઘાયલ થતાં દીઓદર ખાતે પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે ધારપુર ખસેડવામાં આવેલ. મૃતક પાંચાભાઈ સહિત તેના પિતાને ત્રણ પુત્રો હતા. જે પૈકી એક અઠવાડીયામાં બે - બે પુત્રોના મોત થતાં આ પરિવાર ઉપર આફત આવેલ. ઘટનાની જાણ થતાં લોકોના ટોળા સામુહિક આરોગ્યમા દોડી આવેલ.


**સ્વચ્છ ડીસા — જાહેર નોટીસ — સ્વસ્થ ડીસા**

ડીસા નગરપાલિકા વિસ્તારમાં કચરો ઉત્પાદન કરતા તમામ મિલકત ધારકોને આ જાહેર નોટીસથી જણાવવાનું કે દરેક મિલકત ધારક સુકો અને ભીનો કચરો અલગ રાખે અને નગરપાલિકાની કચરા કલેકશનની ગાડીમાં અલગ અલગ આપવા દરેકને વિનંતી છે. તા.૧૫-૦૭-૨૦૧૮ પછી સુકો અને ભીનો કચરો અલગ અલગ હશે તોજ સ્વીકારવામાં આવશે. અને સુકો અને ભીનો કચરો મિક્સ હશે તો કચરા નિકાલની જવાબદારી કચરો ઉત્પાદક કરતા જે તે મિલકત ધારકની રહેશે. જેની દરેક મિલકત ધારકો એ નોંધ લેવાનું રાખશો.

નં.ન.પા./સેની/આઇ.ઇ.સી.એક્ટીવીટી વશી.સને ૨૦૧૮

નગરપાલિકા કચેરી

ડીસા તા.૦૭-૦૭-૨૦૧૮ — ડીસા નગરપાલિકા



**સાધારણ સભાની સૂચના**

ર.જી.નં. ૩૧૪૨૪/૨૨-૦૨-૨૦૦૨

**શ્રી અમીરગઢ મહિલા બચત અને ધિરાણ સહકારી મંડળી લિ., અમીરગઢ**

આથી મંડળીના તમામ સભાસદોને જણાવવામાં આવે છે કે મંડળીની ૧૯ મી વાર્ષિક સાધારણ સભા તા. ૨૯-૭-૨૦૧૮ ને રવિવારના રોજ સવારે ૯-૩૦ કલાકે સેન્ટ પેટ્રીક સ્કૂલ ખાતે રાખવામાં આવેલ છે. તમામ સભાસદોને હાજર રહેવા વિનંતી છે.

સમય : સવારે ૯-૩૦ કલાકે

સ્થળ : સેન્ટર પેટ્રીક સ્કૂલ

લિ.

સંચાલક મંડળના આદેશથી

રબારી ખેંગારભાઈ આંબાભાઈ

આસી.મેનેજરશ્રી

અમીરગઢ મ.બ.અને ધિ.મંડળી



**ભાભર નગર સેવા સદન**

ખાડીયા વિસ્તાર, ભાભર - ૩૮૫૩૨૦ જિ.બનાસકાંઠા

ફોન નં. ૦૨૭૩૫ ૨૨૨૧૩૩, ફેક્સ : ૨૨૨૧૩૩

**એન્જીનીયરોના રજીસ્ટ્રેશન માટે જાહેર નિવિદા**

સરકારશ્રીની ઓનલાઈન બાંધકામ મંજુરી આપવાની યોજના અંતર્ગત એન્જીનિયરોના રજીસ્ટ્રેશન માટે ભાભર નગરપાલિકા દ્વારા રસ ધરાવતા એન્જીનીયરોને નગરપાલિકાની ટાઉન પ્લાનીંગ શાખામાં રૂા ૧૦/- ભરી ફોર્મ મેળવીને ભરવા જણાવવામાં આવે છે. ફોર્મ સાથે રૂા.૨૦૦૦/- રજીસ્ટ્રેશન ફી પેટે મુખ્ય અધિકારી, ભાભરના નામનો ચેક/ડી.ડી. સામેલ રાખવો અથવા ટેક્ષ શાખા, ભાભર ન.પા.ખાતે રોકડમાં ભરવાના રહેશે. સદરહું ફોર્મ નગરપાલિકા ખાતે ટાઉન પ્લાનીંગ શાખામાં કચેરી સમય દરમ્યાન રૂબરૂ જમા કરાવવાનું રહેશે.

કલ્પેશ ભટ્ટ — મુખ્ય અધિકારી

ગમબા રાઠોડ — ઈ.ચા.પ્રમુખ

## તંત્રી સ્થાનેથી ...

**જો રોટી મળે તો બધા દુઃખ સહન થઈ શકે છે.**

# દેશમાં ગ્રામીણ વિદ્યુતીકરણ ક્ષેત્રે સરકાર વધુ મજબુત બને!

દેશના પ્રત્યેક ગામડામાં વીજળીની સુવિધા હોવી જરૂરી હોવા છતાં હજુ અસંખ્ય ગામડાઓ એવા છે કે જયાં ફાનસથી બાળકો અભ્યાસ કરી રહ્યા છે. આ ખુબ જ સમજવા જેવી બાબત છે. વીજળીકરણ માટે સરકાર દ્વારા ૧૧ અબજ ડોલરની ફાળવણી કરી હોવાનો દાવો કરાય છે. પરંતુ દેશના કેટલા ગામડાઓ સુધી વીજળી પહોચી છે તે બાબતની સમીક્ષા કરી છે ખરી? કેમ કે હજુ ઘણા ગામોને વીજળીનો લાભ મળ્યો નથી. ગામડાના અંધારીયા માર્ગો પર લુંટાવાનો ભય સતત રહ્યા કરે છે. બાળકો અભ્યાસ કરી શકતા નથી. દીવડાના અજવાળે મહિલાઓ ઘરમાં કામ કરે છે આઝાદીના આટલા વર્ષો પછી આવી સ્થિતિ પાછળનું કારણ શું? હમણાં દેશના મણિપુર રાજ્યના ‘લાઈસાંગ’ ગામમાં વીજળી પહોંચી એ સાથે સરકાર દ્વારા એવો દાવો કરાયો છે કે હવે ભારતના પ્રત્યેક ગામ સુધી વીજળી પહોંચી ગઈ છે.

જ્યારે હાલમાં દેશના કેટલાય ગામો એવાં છે કે જ્યાં ઘરોમાં એલઈડી લેમ્પથી નહિં પરંતુ કેરોસીનવાળા ફાનસથી પ્રકાશ ફેલાય છે.

સરકારે આવા દેશમાં વિદ્યુતીકરણ કાર્યક્રમ માટે ૧૧ અબજ ડોલરની ફાળવણી કરી છે, વીજળી પહોંચાડવાના ચૂંટણી વખતને સફળ બનાવવાનું કહી સરકાર ખુબ જ ઉત્સાહમાં આવી ચુકી છે. પરંતુ આજે અસંખ્ય લોકો દીવાના પ્રકાશ પર પોતાની આશાઓને પ્રજવલિત કરી રહ્યાં છે. હજુ કરોડો લોકો અંધારામાં જ જીવન ગુજારી રહ્યા હોવાનું પણ કહેવાય છે.

જાણવા મુજબ ભારત દેશમા વીજળીની આપૂર્તિની જવાબદારી રાજ્ય સરકારો ઉપર છે, જે પોતાના રાજનીતિક ફાયદા માટે કેટલીય વખત ગામડાઓમાં વીજ જોડાણ આપી દેતા હોય છે. પરંતુ ચૂંટણી પછી ગામમાં અંધકાર ફેલાઈ જતો હોય છે. આ બાબતે જવાબદારો વિરૂધ્ધ કાર્યવાહી થવી જોઈએ. વર્ષ ૨૦૧૪ માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સત્તા સંભાળી તે સમયે દેશમાં લગભગ ૩૦ કરોડ લોકો વીજળીથી વંચિત હતા. બાદમાં નવેમ્બર ૨૦૧૫ માં વડાપ્રધાને પોતાની મહત્વાકાંક્ષી યોજનાની જાહેરાત કરતાં કહ્યું હતું કે ૧૦૦૦ દિવસની અંદર દેશના લગભગ ૧૮૦૦૦ ગામો એટલે કે દેશના ત્રણ ટકા ગામોમાં વીજળી પહોંચી જશે.કેન્દ્રીય ઉર્જા મંત્રાલયને પોતાની ટીકા થઈ છે પછી સ્પષ્ટીકરણ કરવું પડ્યું કે ગ્રામીણ વિદ્યુતીકરણનો અર્થ ઘરેલુ વિદ્યુતીકરણને ફક્ત ૧૦ ટકા સુધી સીમીત કરવાનો નથી, મંત્રાલયના મતે રાજયોમાંથી આવતા રિપોર્ટ દર્શાવે છે કે ગ્રામીણ વિસ્તારમાં ઘરેલુ વિદ્યુતીકરણનું સ્તર ૮૨ ટકાથી વધુ છે. વિભિન્ન રાજયોમાં ૪૭ થી ૧૦૦ ટકા સુધી ઘરેલુ વિદ્યુતીકરણ છે. પરંતુ સરકારી આંકડા મુજબ પણ ત્રણ કરોડ લોકો સુધી વીજળી પહોંચતી નથી અને સરકારની યોજના ૨૦૧૮ ના અંત સુધીમાં પ્રત્યેક ઘરોમાં વીજળી પહોંચાડવાની છે. જો કે નિષ્ણાંતોનું માનવું છે કે સરકાર જે રીતે ગામોમાં વીજળી પહોંચાડવાનો દાવો કરી રહી છે. તેનો એ અર્થ નથી કે દરેક ઘરમાં વીજળી પહોંચી ગઈ છે. જો કોઈ ગામમાં દસ ટકા ઘરો શાળા કે હોસ્પિટલ વગેરેમાં વીજળી પહોંચી હોય તો પણ ગામને વિદ્યુતીકરણવાળા ગામમાં ગણી લેવાય છે. તેનો અર્થ સ્પષ્ટ છે કે ગામમાં થાંભલા નાંખી માત્ર તાર જોડી દેવામાં આવ્યા બાદ ખુબ જ સરળતાથી તેને વીજળી ધરાવતા ગામની યાદીમાં મુકી દેવાય છે.ગામ- ગામ સુધી વીજળી પહોંચાડવી એ મોટી સફળતા છે પરંતુ હજુ પણ ગ્રામીણ વિદ્યુતીકરણના ક્ષેત્રમાં ઘણું બધું કામ કરવાની જરૂર છે.

## પાવર મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યુટ(પીએમઆઇ), એનટીપીસીને પ્રતિભા વિકાસમાં ઉત્કૃષ્ટતા માટે એટીડી બેસ્ટ એવોર્ડ ૨૦૧૮થી સન્માનિત કરાયા

પાવર મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યુટ (પીએમઆઇ), એનટીપીસીને સતત બીજીવાર એટીડી બેસ્ટ એવોર્ડ ૨૦૧૮થી સન્માનિત કરવામાં આવ્યાં છે. કોર્પોરેટ ઉત્કૃષ્ટતામાં શ્રેષ્ઠ પ્રદર્શન તથા ગુણવત્તા, નેતૃત્વ, તકનીક તથા ઈનોવેશન માટે પ્રતિબદ્ધતાને બનાવીને રાખવા માટે એનટીપીસી પીએમઆઇને આ પ્રતિષ્ઠિત સન્માન મળ્યું છે.એસોશિએશન ફોર ટેલેન્ટ ડેવલપમેન્ટ(એટીડી) વર્જીનિયા, યુએસએમાં સ્થિત દુનિયાનું સૌથી મોટું સંગઠન છે જે પ્રતિભા વિકાસના ક્ષેત્ર માટે સમર્પિત છે. એક સંગઠનના રૂપમાં એટીડી એક સખત વિશ્વસ્તરીય પ્રતિસ્પર્ધાના માધ્યમથી કંપનીઓની ઉત્કૃષ્ટતા અને સર્વશ્રેષ્ઠ પ્રથાઓને માન્યતા આપે છે.આ ઉપલબ્ધિ એનટીપીસીની સર્વોત્તમ એચઆર પ્રથાઓ, શીખલા અને પ્રતિભા વિકાસ અને કંપનીમાં ઉત્પાદકતા વધારીને સામંજસ્યપૂર્ણ તથા પ્રગતિશીલ કાર્ય વાતાવરણને વધારવા માટે ઉચ્ચ ભાગીદારોના પહેલોની પ્રતિબદ્ધતાને મજબૂત કરે છે. એક સંગઠનના રૂપમાં એનટીપીસી હંમેશાથી ઉચ્ચ વિશ્વાસ અને ઉચ્ચ પ્રદર્શનના દર્શનના નિર્માણને બનાવી રાખવા માટે સંસ્કૃતિને ક્યુરોટ કરવા અને શોષિત કરવાના પ્રયાસોમાં મુખ્ય રહ્યું છે.એનટીપીસી એ હંમેશાથી એવા પ્રતિભાશાળી લોકોને આગળ કર્યા છે જેની પાસે ઉચિત કૌશલ, જ્ઞાન તથા દક્ષતા હોય તથા પોતાના માનવ સંસાધનોને કારોબારના બદલતા વાતાવરણના અનુરૂપ રાખ્યું છે. એનટીપીસી હંમેશાથી અનુભવાત્મક અધિગમ, કસ્ટમ આધારિત મેનેજમેન્ટ વિકાસ કાર્યક્રમોના માધ્યમથી સકારાત્મક બદલાવ લાવવા માટે પ્રયાસરત છે.

## સ્કાયબેગ્સ #BagTheBall – આ ફૂટબોલ સિઝનમાં ચેલેન્જ આપવી જોઈએ!




ફિફા(FIFA) વર્લ્ડ કપની ધાકમાં ન હોવું એ અશક્ય છે; વિશ્વની સૌથી મોટી સ્પોર્ટ્સ ઈવેન્ટ કે જે વિવિધ સંસ્કૃતિના લોકોને સાથે લાવે છે! ફિફા વર્લ્ડ કપ ફિવરે ભારતને પણ પકડમાં લીધો છે.આ ઉન્માદ વચ્ચે, સ્ટાઈલિશ યુવા બેગ બ્રાન્ડ સ્કાયબેગ એક રોમાંચક અને રચનાત્મક ચેલેન્જ લોન્ચ કરી છે.તમે રમતના પ્રશંસક છો કે નહી, આ ચેલેન્જ એ દરેક માટે છે.#BagtheBall એક સરળ પરંતુ વિચિત્ર ચેલેન્જ છે જે લોકોને તેમની રચનાત્મકતાને પ્રદર્શિત કરવા માટે પ્રોત્સાહિત કરે છે." "#BagtheBall લોકોની સર્જનાત્મકતાને પડકાર આપે છે અને લોકોને તેમની વય અને લિંગને અનુલક્ષીને ફૂટબોલ ચાલ દર્શાવવા માટે પ્રોત્સાહિત કરે છે.વિશ્વ પ્રસિદ્ધ ક્રિકેટર ઈરફાન પઠાણે ઈન્સ્ટાગ્રામ પર આ કેમ્પેઈનની શરૂઆત કરી અને બોલને પોતાના જ સ્કાયબેગ બેકપેકમાં પ્રાપ્ત કરીને ગોલ કર્યો. તેમના ચાહકોને ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવા માટે એક વિડિઓ શેર કર્યો છે.આ કેમ્પેઈન માટે સ્કાયબેગ્સે પહેલેથી જ સેનકલો વિડિઓ પ્રાપ્ત કર્યા છે.પ્રતિયોગિતામાં ભાગ લેવા માટે, દરેકે પોતાનો બોલને બેગિંગ કરતો વિડિઓ સોશિયલ મીડિયા પર #bagtheball સાથે અને @inskybags ને ટેગ કરીને અપલોડ કરવાનો છે. ભાગ્યશાળી વિજેતા આઈફોન X, ગોપરો અને આઈપેડની સાથે એક મોટો સ્કોર કરશે. પ્રતિયોગિતા ૧૫ જુલાઈ, ૨૦૧૮ના રોજ સમાપ્ત થશે.

**‘રખેવાળ’ ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

ISO 9001:2015 CERTIFIED
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
Stock Market Trading Consultancy
www.nikhilbhatt.in



નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808

# શેરબજારમાં પ્રત્યાઘાતી ઘટાડા બાદ તેજી યથાવત...!!!

## ઇન્વેસ્ટમેન્ટ પોઈન્ટ // નિખિલ ભટ્ટ // : સમીક્ષા સમય : ૦૯.૦૭.૨૦૧૮ થી ૧૩.૦૭.૨૦૧૮

### રોકાણકાર મિત્રો, આનંદ ને ...!

મિત્રો, ગત સપ્તાહે ખરીફ મોસમ માટે કૃષિ જણસોના ટેકાના ભાવમાં જંગી વધારા તથા દેશના સેવા ક્ષેત્રનો જુનનો પીએમઆઈ વધીને એક વર્ષની ઊંચી સપાટીએ રહેતા અને દેશનું અર્થતંત્ર મજબૂત બની રહ્યું હોવાના સંકેતે દેશના શેરબજારોમાં વિદેશી રોકાણકારોની સાથે સાથે સ્થાનિક રોકાણકારોનું માનસ ખરીદી તરફી સુધર્યું હતું અને બજારના મુખ્ય ઈન્ડાઈસિસો પ્રારંભમાં વોલેટાઈલ અને ત્યારબાદ જુલાઈ ફ્યુચર સેગ્મેન્ટ શરૂઆતથી જ એકદમ ઊંચકાયા હતા.સ્થાનિક લેવલે ટેકાના ભાવમાં જંગી વધારાને કારણે ગ્રામ્ય સ્તરે આવક વધશે અને આવક વધવા સાથે ગ્રામ્ય માગમાં પણ વધારો થવાની આશાએ લાંબા ગાળાના રોકાણકારો સક્રિય બન્યા હતા.ટેકાના ભાવમાં વધારો કરવાની દરખાસ્તને કેન્દ્રીય કેબિનેટે મંજુરી આપ્યા બાદ કૃષિ ક્ષેત્રની કંપનીના દરેક સ્ટોકસમાં ઉછાળો આવ્યો હતો.વર્તમાન નાણાંકીય વર્ષના કંપનીઓના પ્રથમ ત્રિમાસિકગાળાના પરિણામોની મોસમ આવતા સપ્તાહથી શરૂ થઈ રહી છે બજારના આગામી ટ્રેન્ડની નજર આ પરિબળો ઉપર રહેશે.

### સ્થાનિક / વૈશ્વિક પરિબળોની વાત કરીયે તો....

મિત્રો, આગામી સપ્તાહે ક્રૂડના ભાવની વધઘટ, ડોલર સામે રૂપિયાની ચાલ તેમજ ગ્લોબલ ટ્રેડવોરનો ભય વગેરે જેવા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પરિબળો બજારની દિશા નિર્ધારિત કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. ગ્લોબલ ટ્રેડવોરનો તણાવ, ક્રૂડના ભાવમાં ઉછાળો અને અન્ય મેક્રો ડેટાની ચિંતાઓને કારણે ટૂંકા ગાળે ભારતીય ઈક્વિટી માર્કેટ ઘટાડા તરફી ઝોક સાથે રેન્જબાઉન્ડ રહેવાની ધારણા છે પરંતુ મારા મતે સારું ચોમાસુ, જીડીપીના સારા આંકડા અને ભારતમાં સ્થાનિક સંસ્થાઓના ભંડોળના સાથને કારણે આ ઘટાડા પર બ્રેક વાગી શકે છે. આ ઉપરાંત ક્રૂડના ભાવની તેમજ ડોલર સામે રૂપિયાના મૂલ્યની સ્થિરતા રોકાણકારોને થોડી રાહત આપી શકે.

સ્થાનિક પરિબળ તરીકે અગ્રણી શેરબજાર બીએસઈ દ્વારા ગત બુધવાર થી અંદાજીત ૨૨૨ કંપનીઓને ડિલિસ્ટ કરી આ કંપનીઓના શેર્સ પાછલા છ મહિના કરતાં વધારે સમયથી સસ્પેન્ડ રહ્યા છે પાછલા વર્ષના ઓગસ્ટમાં સેબી એ શેરબજારોને ૩૩૧ શંકાસ્પદ શેલ કંપનીઓ સામે પગલાં ભરવાનો આદેશ કર્યો હતો જ્યારે સરકારે બે લાખ કરતાં વધારે કંપનીઓની નોંધણી રદ પણ કરી દીધી છે કે જે ઘણા લાંબા સમયથી બિઝનેસ કામગીરી કરતી ન હતી.બીએસઈએ જણાવ્યું હતું કે ૨૧૦ કંપનીઓ છ મહિના કરતાં વધારે સમયથી સસ્પેન્ડેડ છે તેમને શેરબજારની ડિલિસ્ટિંગ કમિટીના આદેશનો અમલ કરીને ચાર જુલાઈ, ૨૦૧૮ થી અમલમાં આવે તે રીતે એક્સ્ચેન્જના પ્લેટફોર્મ પરથી ડિલિસ્ટ કરવામાં આવશે. વધુમાં છ કંપનીઓ - એશિયન ઈલેક્ટ્રોનિક્સ, બિરલા પાવર સોલ્યુશન, ક્લાસિક ડાયમન્ડ (ઈન્ડિયા), ઈનોવેટિવ ઈન્ડસ્ટ્રીઝ, પેરેમાઉન્ટ પ્રિન્ટ પેકેજિંગ અને SVOGL ઓઈલ ગેસ એન્ડ એનર્જી- જેને એનએસઈ દ્વારા ફરજિયાત ડિલિસ્ટ કરવામાં આવી છે તેને પણ બુધવારથી બીએસઈમાંથી ડિલિસ્ટ કરવામાં આવશે. કમ્પલસરી ડિલિસ્ટિંગ રેગ્યુલેશન અનુસાર, ડિલિસ્ટેડ કંપની, તેના પૂર્ણકાલિન ડિરેક્ટર્સ, પ્રમોટર્સ તથા જૂથ કંપનીઓને ફરજિયાત ડિલિસ્ટિંગની તારીખથી ૧૦ વર્ષ માટે સિક્યોરિટી માર્કેટમાં ભાગ લેવા માટે પ્રતિબંધિત કરવામાં આવે છે. આ ડિલિસ્ટેડ કંપનીઓના પ્રમોટર્સને બીએસઈ દ્વારા નિયુક્ત સ્વતંત્ર વેલ્યુઅર દ્વારા નક્કી કરવામાં આવેલી વાજબી કિંમતે પબ્લિક શેરધારકો પાસેથી શેર્સની ખરીદી કરવી પડે છે. વધુમાં આ કંપનીઓને માર્કેટના નિયમનકાર સેબી દ્વારા આપવામાં આવેલી સલાહ પ્રમાણે પાંચ વર્ષ માટે શેરબજારના ડિસમિનેશન બોર્ડ પર મુકવામાં આવે છે. આગામી સપ્તાહે મેન્યુફેક્ચરિંગ અને સર્વિસિસ સેક્ટરના PMI ડેટા, ક્રૂડના ભાવ તેમજ કંપનીઓના ત્રિમાસિક પરિણામો બજારની ચાલ નક્કી કરવામાં મુખ્ય નિર્ણાયક પરિબળ બની રહેવાની ધારણા છે. આ ઉપરાંત ફુગાવો અને દેશની નાણાકીય સ્થિતિ પર પણ રોકાણકારો બાઝ નજર રાખશે. નકારાત્મક વૈશ્વિક સંકેતો તેમજ સ્થાનિક મોરચે ચૂંટણી, CAD પર વધતું દબાણ અને રાજકોષીય ખાધની ચિંતાઓ વગેરે પરિબળોને ધ્યાનમાં લેતાં બજારમાં વોલેટિલિટીનું વાતાવરણ ઉભું થયું છે. માસિક વેચાણના આંકડા જાહેર થવા સાથે આ સપ્તાહે ઓટો શેર્સ ફોકસમાં રહેવાની શક્યતા છે. આ ઉપરાંત શેરબજારમાં યોજાનારી FOMCની બેઠક પર પણ મીટ માંડશે.

### મિત્રો, ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૮ -૧૯ માં વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા....

વિદેશી સંસ્થાઓના વાર્ષિક રોકાણ સંદર્ભે જોઈએ તો ફેબ્રુઆરી ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૧૮,૬૧૯ કરોડની વેચવાલી, માર્ચ ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૭૯૦૪.૮૫ કરોડની ખરીદી, એપ્રિલ ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૯૬૨૦.૫૬ કરોડની વેચવાલી, મે ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૧૨૩૫૯.૭૧ કરોડની વેચવાલી, જુન ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૧૦૨૪૯.૧૭ કરોડની વેચવાલી તેમજ ૦૫ જુલાઈ ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ. ૧૪૮૭.૨૬ કરોડની વેચવાલી કરવામાં આવી હતી.

### ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૭ -૧૮ માં સ્થાનિક સંસ્થાઓના રોકાણકારો દ્વારા...

મે ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૨૭૭.૦૬ કરોડની ખરીદી, જુન ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૬૬૭૬.૧૧ કરોડની ખરીદી, જુલાઈ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૭૮૬.૩૭ કરોડની ખરીદી, ઓગસ્ટ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૬૨૦૫.૨૨ કરોડની ખરીદી, સપ્ટેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૨૧,૦૨૫.૫૩ કરોડની ખરીદી, ઓક્ટોબર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૦૦૯૦.૯૧ કરોડની ખરીદી, નવેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૯૨૪૩.૨૧ કરોડની ખરીદી, ડીસેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૮૧૪૨.૮૮ કરોડની ખરીદી, જાન્યુઆરી ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૩૯૮.૭૩ કરોડની ખરીદી, ફેબ્રુઆરી ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૧૭,૮૧૩ કરોડની ખરીદી, માર્ચ ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૬૬૯૩.૯૧ કરોડની ખરીદી, એપ્રિલ ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ. ૮૬૬૩.૮૮ કરોડની ખરીદી, મે ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ. ૧૫૦૫૪.૪૮ કરોડની ખરીદી, જુન ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ. ૧૪૧૪૬.૧૫ કરોડની ખરીદી તેમજ ૦૫ જુલાઈ ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ. ૫૯૨.૮૮ કરોડની ખરીદી કરવામાં આવી હતી.

### બજારની ભાવિ દિશા.....

અગ્રણી શેરબજાર બીએસઈ ગત બુધવારથી ૨૨૨ કંપનીઓને ડિલિસ્ટ કરી આ કંપનીઓના શેર્સ પાછલા છ મહિના કરતાં વધારે સમયથી સસ્પેન્ડ રહ્યા છે પાછલા વર્ષના ઓગસ્ટમાં સેબીએ શેરબજારોને ૩૩૧ શંકાસ્પદ શેલ કંપનીઓ સામે પગલાં ભરવાનો આદેશ કર્યો હતો જ્યારે સરકારે બે લાખ કરતાં વધારે કંપનીઓની નોંધણી રદ પણ કરી દીધી છે કે જે ઘણા લાંબા સમયથી બિઝનેસ કામગીરી કરતી ન હતી.બીએસઈએ જણાવ્યું હતું કે, ૨૧૦ કંપનીઓ છ મહિના કરતાં વધારે સમયથી સસ્પેન્ડેડ છે તેમને શેરબજારની ડિલિસ્ટિંગ કમિટીના આદેશનો અમલ કરીને ચાર જુલાઈ, ૨૦૧૮થી અમલમાં આવે તે રીતે એક્સ્ચેન્જના પ્લેટફોર્મ પરથી ડિલિસ્ટ કરવામાં આવશે. વધુમાં છ કંપનીઓ - એશિયન ઈલેક્ટ્રોનિક્સ, બિરલા પાવર સોલ્યુશન, ક્લાસિક ડાયમન્ડ (ઈન્ડિયા), ઈનોવેટિવ ઈન્ડસ્ટ્રીઝ, પેરેમાઉન્ટ પ્રિન્ટ પેકેજિંગ અને SVOGL ઓઈલ ગેસ એન્ડ એનર્જી- જેને એનએસઈ દ્વારા ફરજિયાત ડિલિસ્ટ કરવામાં આવી છે તેને પણ બુધવારથી બીએસઈમાંથી ડિલિસ્ટ કરવામાં આવશે. કમ્પલસરી ડિલિસ્ટિંગ રેગ્યુલેશન અનુસાર, ડિલિસ્ટેડ કંપની, તેના પૂર્ણકાલિન ડિરેક્ટર્સ, પ્રમોટર્સ તથા જૂથ કંપનીઓને ફરજિયાત ડિલિસ્ટિંગની તારીખથી ૧૦ વર્ષ માટે સિક્યોરિટી માર્કેટમાં ભાગ લેવા માટે પ્રતિબંધિત કરવામાં આવે છે. આ ડિલિસ્ટેડ કંપનીઓના પ્રમોટર્સને બીએસઈ દ્વારા નિયુક્ત સ્વતંત્ર વેલ્યુઅર દ્વારા નક્કી કરવામાં આવેલી વાજબી કિંમતે પબ્લિક શેરધારકો પાસેથી શેર્સની ખરીદી કરવી પડે છે. વધુમાં આ કંપનીઓને માર્કેટના નિયમનકાર સેબી દ્વારા આપવામાં આવેલી સલાહ પ્રમાણે પાંચ વર્ષ માટે શેરબજારના ડિસમિનેશન બોર્ડ પર મુકવામાં આવે છે.

મિત્રો, બજાર હવે એ હકીકતને ધીમે ધીમે સ્વીકારી રહ્યું છે કે દલાલ સ્ટ્રીટમાં કોર્પોરેટ અર્નિંગમાં રિકવરીની ધારણા છે. વર્ષ ૨૦૧૭ - ૧૮ના નાણાકીય વર્ષના ચોથા ક્વાર્ટરમાં પ્રાઈવેટ સેક્ટર બેન્કને બાદ કરતા નિફ્ટી ફ્યુચર કંપનીઓના અર્નિંગમાં ૧૨% વૃદ્ધિ જોવા મળી હતી. આની સામે અર્નિંગમાં ૧૬ થી ૧૮% વૃદ્ધિની ધારણા હતી.છેલ્લા ચાર વર્ષથી કોર્પોરેટ અર્નિંગ ગ્રોથ એક આંકડામાં જોવા મળ્યો છે. બજારના વેલ્યુએશનને વ્યાજબી ઠેરવવા માટે કંપનીઓમાં મજબૂત અર્નિંગ ગ્રોથની હવે જરૂર છે. સિમેન્ટ, એફએમસીજી અને ઓટોમોબાઈલ જેવા ક્ષેત્રના વોલ્યુમમાં સારી રિકવરી છે પરંતુ હવે કાચા માલના ઊંચા ખર્ચ અને ઈંધણના ભાવમાં વધારાથી તેમના ખર્ચમાં વધારો થઈ રહ્યો છે. બજાર આગામી છ થી આઠ મહિનામાં રેન્જમાં ટ્રેડ થવાની શક્યતા છે.વર્ષ ૨૦૧૭ - ૨૦૧૮ ના નાણાકીય વર્ષમાં એફડીઆઇ નાણાપ્રવાહનો વૃદ્ધિદર ૩ % ના પાંચ વર્ષના નીચા સ્તરે હતો.

વિદેશી ફંડ્સના આઉટફ્લોથી ભારતના શેરબજાર અ?ને રૂપિયા પર વધુ દબાણ આવી રહ્યું છે. જૂનમાં ઓટો ક્ષેત્રના ડેટા સારા આવ્યા છે. તેમાં સારી વૃદ્ધિ થઈ છે પરંતુ આગામી સમયગાળામાં ઈંધણના ઊંચા ખર્ચને કારણ તેમાં દબાણ આવી શકે છે. બજારને સપોર્ટ કરી શકે તેવા ક્ષેત્રમાં આઈટી, ફાર્મા અને બેન્કનો સમાવેશ થાય છે. જુલાઈ સિરિઝમાં આ ક્ષેત્રોમાં શોર્ટ પોઝિશનનું ઓછું રોલઓવર થયું હતું. રોલઓવર ડેટા સંકેત આપે છે કે તેજીવાળામાં મોમેન્ટમ ઘટી રહ્યું છે.હાલમાં મિડ કેપ અને સ્મોલ કેપ શેરોમાં ઘટાડો ચાલુ રહ્યો છે. ખાસ કરીને એગ્રી ઈનપુટનું ઉત્પાદન કરતી કૃષિ ક્ષેત્રની કંપનીઓ વધુ સારો દેખાવ કરી શકે છે કારણ કે દેશમાં ચોમાસા આગળ વધી રહ્યું છે. એવો અંદાજ છે કે આગામી થોડા દિવસોમાં સમગ્ર દેશમાં વરસાદ થશે તેથી જુલાઈ દરમિયાન બજારની નજર ચોમાસાની પ્રગતિ પર રહેશે.

આગામી સપ્તાહે બે કે ત્રણ પરિબળોને કારણે બજાર પોઝિટિવ રહેવાની ધારણા છે. પ્રથમ એ કે નવા મહિનાનો પ્રારંભ થયો છે અને ગયા મહિને બજારમાં ઘણી મુશ્કેલી જોવા મળી હતી. ફંડ્સ દ્વારા પોઝિશનના વેચાણ અને પીએમએસના વેચાણથી ઘણી મિડ કેપ કંપનીઓના શેરોમાં ઘટાડો થયો હતો. બજાર નવા મહિનાનો પ્રારંભ હકારાત્મક વલણ સાથે કરશે. બીજું એ કે જીએસટીના નવા રેટ્સથી બજારમાં ઉત્સાહ આવી શકે છે. ત્રીજું એ કે લાર્જ-કેપ શેરોની ખરીદવાની બજારની માગ ચાલુ રહેશે. મ્યુચ્યુઅલ ફંડ્સ તેમના એસઆઈપી કલેક્શન મારફત મિડ કેપ શેરોની સરખામણીમાં લાર્જ કેપ શેરોની ખરીદી પર વધુ ભાર મૂકે છે. મિડ કેપ શેરોમાં હવે ઘટાડાનું જોખમ નિયંત્રિત થયું, કારણ કે મોટા ભાગના મિડ કેપ શેરોમાં ભારે કરેક્શન આવ્યું છે અને આગામી મહિનાઓમાંથી તેમાં રિકવરીની પ્રક્રિયા ચાલુ થઈ શકે છે. બજાર માટે મહત્ત્વનો છે તેવો બીજો મુદ્દે ક્રૂડ ઓઈલ અંગે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની બેઠક છે. તેનાથી બજારમાં થોડી રાહત થઈ શકે છે. તેનાથી ભારતને પોઝિટિવ અસર થશે. ચલણમાં ઘટાડાનો સવાલ છે ત્યા સુધી ભારત બીજા દેશો કરતા વધુ સારી સ્થિતિમાં છે. કેટલીક લાર્જ કેપ કંપનીઓમાં ટ્રેન્ડ મજબૂત રહેવાની ધારણા છે. આ કંપનીઓના શેરોમાં નોંધપાત્ર કરેક્શન આવ્યું છે અને તેમાં આગામી સપ્તાહે તેજી આવી શકે છે.

બાકી મારા મતે “ તબક્કાવાર નફો બુક કરે એ જ શાણો રોકાણકાર ”...કેમ ખરું ને ....!!!

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!! મિત્રો, ખેર હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી અંદાજીત ....શેરબજારની રુખ







**નિફ્ટી ફ્યુચર ચાર્ટ સંકેત** નિફ્ટી ફ્યુચર તા. ૨૫/૦૬/૨૦૧૮ ના રોજ ૧૦૭૮૪ પોઈન્ટ ખુલીને ૧૦૫૫૬ પોઈન્ટના નીચા મથાળે થી ૧૦૮૧૯ પોઈન્ટના ઊંચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૨૬૩ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૧૪૪ પોઈન્ટના ઘટાળે ૧૦૬૮૯ પોઈન્ટ બંધ થયેલ...!!!

**બેન્ક નિફ્ટી ફ્યુચર ચાર્ટ સંકેત** બેન્ક નિફ્ટી ફ્યુચર તા. ૨૫/૦૬/૨૦૧૮ ના રોજ ૨૬૧૧૦ પોઈન્ટ ખુલીને ૨૬૧૧૦ પોઈન્ટના નીચા મથાળેથી ૨૬૭૯૭ પોઈન્ટના ઊચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૬૮૭ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૪૫૩ પોઈન્ટના ઉછાળે ૨૬૩૩૫ પોઈન્ટ બંધ થયેલ...!!!

### નિફ્ટી ફ્યુચર બંધ (૧૦૭૭૩)

આગામી વધઘટે સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૭૧૭ પોઈન્ટના પ્રથમ અને ૧૦૬૮૮ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડિંગ સંદર્ભે ૧૦૮૦૮ પોઈન્ટથી ૧૦૮૧૮ પોઈન્ટ, ૧૦૮૩૦ પોઈન્ટની અતિ મહત્વની નીચી સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૮૩૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

### બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ (૨૬૪૮૫)

આગામી વધઘટે સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૬૨૬૦ પોઈન્ટના પ્રથમ અને ૨૬૦૨૬ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસ ટ્રેડિંગ સંદર્ભે ૨૬૫૦૫ પોઈન્ટથી ૨૬૫૭૫ પોઈન્ટ, ૨૬૬૦૬ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૬૬૦૬ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

### ટ્રેડીગ સંદર્ભે ફ્યુચર સ્ટોક ધ્યાને લઈએ તો ......

૧) એશિયન પેઈન્ટ્સ ( ૧૩૩૨ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ આ ફ્યુચર સ્ટોક રૂ.૧૨૯૦ ના પ્રથમ સપોર્ટથી ખરીદવાલાયક...!! પેઈન્ટ્સ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૩૪૭ થી રૂ.૧૩૬૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે....!!

૨) ઈન્ડીગો લિમિટેડ ( ૧૦૭૪ ) :- આ સ્ટોક રૂ.૧૦૩૩ નો પ્રથમ તેમજ રૂ.૧૦૧૭ ના બીજો અતિ મહત્વનો સપોર્ટ ધરાવે છે. ફયુચર ટ્રેડીંગ સંદર્ભે ફન્ડામેન્ટલ આ સ્ટોક રૂ.૧૧૦૩ થી રૂ.૧૧૧૩ સુધી ની તેજી તરફ રુખ નોંધાવશે...!!

૩) મહિન્દ્રા & મહિન્દ્રા ( ૯૨૩ ) :- ૧૦૦૦ શેર નું ફયુચર ધરાવતો આ સ્ટોક રૂ.૯૦૯ નો પ્રથમ તેમજ રૂ.૮૮૮ ના સ્ટ્રોંગ સપોર્ટ થી ખરીદવાલાયક ઓટો સેક્ટરનો આ સ્ટોક સાપ્તાહિક ટ્રેડીંગલક્ષી રૂ.૯૪૭ થી રૂ.૯૬૦ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા છે....!!

૪) ટાટા એલેક્સી ( ૧૩૫૯ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૩૯૩ આસપાસ વેચાણલક્ષી આ સ્ટોક રૂ.૧૪૦૪ ના સ્ટ્રોંગ સપોર્ટથી રૂ.૧૩૨૭ થી રૂ.૧૩૧૭ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૧૪૦૪ ઉપર પોઝીટીવ બ્રેકઆઉટ...!!

૫) લ્યુપીન લિમિટેડ ( ૯૧૫ ) :- રૂ.૯૪૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૯૬૦ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! ટૂંકાગાળે રૂ.૯૦૩ થી રૂ.૮૯૬ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૯૬૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!

૬) રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ ( ૯૭૯ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૯૯૭ આસપાસ વેચાણલક્ષી આ સ્ટોક રૂ.૧૦૧૩ ના સ્ટ્રોંગ સપોર્ટથી રૂ.૯૬૦ થી રૂ.૯૪૭ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૧૦૧૩ ઉપર પોઝીટીવ બ્રેકઆઉટ...!!

### હવે જોઇએ અંગત અભિપ્રાયરૂપી સાપ્તાહિક સ્ટોક......

૧) જિન્દાલ પોલિ ( ૨૪૦ ) :- જિન્દાલ ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૨૨૬ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૨૦૯ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૨૫૭ થી રૂ.૨૬૪ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૨૬૭ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

૨) **RPP** ઈન્ફ્રા લિ. ( ૨૦૮ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૯૭ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૯૦ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૨૨૧ થી રૂ.૨૨૭ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!

૩) બીગબ્લોક કન્સ્ટ્રકશન ( ૮૦ ) :- રૂ.૭૪ નો પ્રથમ તેમજ રૂ.૬૭ ના બીજા સપોર્ટથી સાપ્તાહિક ટ્રેડીંગલક્ષી આ સ્ટોક રૂ.૮૮ થી રૂ.૯૨ સુધીની તેજી તરફી રુખ નોધાવશે ....!!!

૪) યશ પેપર્સ ( ૭૨ ) :- પેપર સેક્ટરનો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૮૧ થી રૂ.૮૮ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૬૭ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!

૫) બોમ્બે ડાઈંગ ( ૨૦૩ ) :- રૂ.૧૯૬ નો પ્રથમ તેમજ રૂ.૧૮૭ ના સ્ટોગ સપોર્ટથી ટેક્ષટાઈલ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક ટૂંકાગાળે રૂ.૨૨૩ થી રૂ.૨૩૦ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા....!!!

૬) ભારત એગ્રી ફર્ટી ( ૧૬૦ ) :- સ્થાનિક ફંડોની લેવાલીની શક્યતાએ આ સ્ટોકમાં રૂ.૧૪૭ આસપાસના સપોર્ટથી ડિલેવરીબેઇઝ રોકાણ રૂ.૧૭૪ થી રૂ.૧૮૮ ના ભાવની સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!

૭) મીરા ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ ( ૨૦૬ ) :- આ સ્ક્રીપમાં નજીકનો પ્રથમ રૂ.૧૯૦ ના સ્ટ્રોંગ સ્ટોપલોસે સાપ્તાહિક અંદાજીત રૂ.૨૨૧ થી રૂ.૨૩૦ ના સંભવિત ભાવની શક્યતા છે...!!

૮) બાલકૃષ્ણ પેપર ( ૬૮ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ પેકેજીંગ સેક્ટરનો આ સ્ટોક રૂ.૬૧ આસપાસ રોકાણકારે રૂ.૭૪ થી રૂ.૮૧ ના ટાર્ગેટ ભાવની શક્યતાએ તબક્કાવાર રોકાણ કરવું. ટુંકાગાળે રૂ.૫૭ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!

### રોકાણ સંદર્ભે સ્મોલ સેવિંગ્ઝ સ્ક્રીપો ધ્યાને લઈએ તો

૧) વ્યાપાર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ ( ૩૦ ) :- ફાયનાન્સ સેક્ટરનો આ સ્ટોક ડિલેવરીબેઈઝ રૂ.૩૭ થી રૂ.૪૨ ના ભાવની સંભાવના ધરાવે છે...!! રૂ.૨૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!

૨) હેકઝા ટ્રેડેક્સ લિમિટેડ ( ૩૩ ) :- ડિલેવરીબેઈઝ રોકાણકારે ફાયનાન્સ સેક્ટરનાં આ સ્ટોકને રૂ.૨૮ ના અતિ મહત્વના સપોર્ટ થી ખરીદવાલાયક સાપ્તાહિક ટ્રેડિંગ સંદર્ભે રૂ.૩૭ થી રૂ.૪૨ સુધીની તેજી તરફી રૂખ નોંધાવશે....!!!

૩) ૨જીજી ઈન્ફોટેક લિમિટેડ ( ૭૦ ) :- ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૬૩ નો પ્રથમ તેમજ રૂ.૫૭ ના સ્ટ્રોંગ સપોર્ટ થી ખરીદવાલાયક ટેકનોલોજી સેકટર નો આ સ્ટોક ટુંકાગાળે રૂ.૭૮ થી રૂ.૮૮ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શકયતા...!!

૪) **MBL** ઈન્ફ્રા લિમિટેડ ( ૧૮ ) :- રૂ.૧૬ આસપાસ રોકાણલક્ષી આ સ્ટોક મધ્યગાળે રૂ.૨૧ થી રૂ.૨૫ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૨૬ ઉપર તેજી તરફી ધ્યાન.....!!

**નિફ્ટી ફ્યુચર સાપ્તાહિક રેન્જ ૧૦૬૮૮ થી ૧૦૮૧૮ પોઈન્ટ ધ્યાને લેશો.....!!**

# રસ માધુરી

★ રાજકારણ ★ જીંદગીનું ચિંતન ★ વાર્તા વિનોદ
★ વ્યંગ કથા ★ ફિલ્મસીટી અને તમામ પ્રકારની વાનગીઓ...

### ખોટું

એક દિવસ બાબલાએ મૌલિકને પુછયું, મૌલિક તને ખબર છે શબ્દોશમાં એક એવો પણ શબ્દ છે, જેનું ઉચ્ચારણ હંમેશા ખોટુ થાય છે ?

મૌલિક :ના, એમ બને જ નહી હું એવો શબ્દ જાણતો નથી.

બાબલો :એવો શબ્દ છે, એ ખોટું !

OOOOO

### ખુશ ખબર

બાબલો : પપ્પા તમને એક ખુશીની વાત સંભળાવું ?

પપ્પા : હા જણાવ દીકરા....

## કેપ્સુલ

બાબલો : પપ્પા તમારે મારા માટે આ વર્ષે નવા પુસ્તકો ખરીદવા નહીં પડે !

પપ્પા : કેમ ? શું નિશાળમાંથી મળવાના છે ?

બાબલો : ના પપ્પા પણ હું આ વખતે નાપાસ થયો છું !

એક યુવક ગધેડા સામે પડી ગયો. એક સુંદર યુવતીએ તે જોઈને કહ્યું,“તારા મોટાભાઈના ચરણસ્પર્શ કરી રહ્યો છે ?”

યુવક બોલ્યો : હા, ભાભી

OOO

પતિ : મહિલાઓ પોતાના મગજની સરખામણીએ પોતાની સુંદરતા પર વધારે ધ્યાન કેમ આપે છે ?

પત્ની : કારણ કે પુરૂષ ભલેને ગમે તેટલો મૂરખ કેમ ન હોય. આંધળો નથી હોતો.

OOO



# તમારૂં કામ એટલે મહાભયાનક

**કંઈક નરમ કંઈક ગરમ** — રેણુ વિષ્ણુકુમાર બારોટ

જેવો હું ઓફિસમાં પહોંચ્યો ને આ કાળઝાળ ગરમી.. બફારાથી એક છુટકારો મેળવવા ઠંડા પાણીનો ગ્લાસ પીધો ના પીધો કે ઓફિસમાં બોસ બહેચરદાસનો પ્રવેશ થયો. આમ તો આ બોસ બહેચરદાસનો પ્રવેશ થાય એટલે અમારો આખો સ્ટાફ ઉભો થઈને એમનું અભિવાદન કરતાં ગુડમોર્નીંગ સર.. કહે છે.. ભલે ને મોં પર સર કહેતા હોય પણ પાછળ.. બહેચર બંધો.. તો કોઈ બહેચર બંબુ.. વળી બહેચર બંબ પણ કહે છે.. હું શું કહું છું એ મહેરબાની કરીને પુછવું નહી.. હું સ્ટાફના વહેતા પ્રવાહથી અલગ છું.. એ પણ માનવું નહીં. લાગમાં આવે તો હું પણ બહેચર બફાટ કે બહેચર બોગસ કહું ખરો.. પણ એ દિવસે કંઈક ટનાટન થઈને આવેલા જીન્સ પેન્ટ અને નીચે રબ્બરના બુટ.. હા બુટ હું જોઈ રહે.એ દરમિયાન આખો ઓફિસ સ્ટાફ એમને ગુડમોર્નીંગ કહી ચુકયો હતો પણ મારૂં ધ્યાન બહેચરદાસ બોસના બુટ પર હતું. મને વિચાર આવેલો. આ રબ્બરના બુટે બુટે બહેચરીયાને એની કેબીન મધ્યે માર્યો હોય તો આડેધડ બફાટ કરવાનું ભુલી જાય.

હું ગુડમોર્નીંગ કહેવાનું ચુકયો કે બોસે મને જોતાં જ કહ્યું, આપણી ઓફિસમાં આપણા સ્ટાફમાં બધાં કરતાં મિસ્ટર બારોટનું કામ એટલે મહાભયાનક.બોસે જાણે બફાટ કર્યો કે સ્ટાફમાં જે જે મારા વેરી હતા. એમાંના કેટલાક મલકાઈ ગયા તો કેટલાક તાલી મારવાની ચેષ્ટા કુચેષ્ટા કરી ઉઠયા.. મેં તત્કાળ એમની નોંધ લઈ લીધી. એ સાથે જ અવસર મળે તો રબ્બરના બુટે બુટે બરાબર ફટકારવાના મનમાં મનોરથ ઘડી દીધા..

એ સાથે જ બોસે બારોટજીનું કામ મહાભયાનક કહ્યું એટલે સૌથી પહેલાં બોસનો જ ધોયલો ધોઈ નાખવાની પ્રચંડ આંધી ઉભી થઈ પણ જ્યાં ઘેર ઘરવાળી રેણુદેવીની આગળ ઉંચા અવાજે બોલી શકતો નથી એ મહાભયાનક બોસને બુટે બુટે કયાંથી મારવાનો હતો ? હા કોઈની બુટે બુટે પ્રસાદી ખાય એ સો ટકાની વાત છે.

બોસે બારણું ખોલ્યું, એમનું માથા વિનાનું શરીર કેબીનમાં હતું. માથું સ્ટાફ હતું એ બોલ્યા,મિસ્ટર બારોટનું કામ એટલે મહાભયાનક.. મેં એમના ભણી જોયું.. મારી અંદરનો બારોટ જાણે બળપૂર્વક પોકારી ઉઠયો.. અલ્યા ઓ બહેસુરીયા અંદર જઈને તારૂં સ્થાન ગ્રહણ કરીને કમ્પ્યુટર પર મીનાક્ષી શેષાદ્રી કે મીનાકુમારીના ફોટા જોવા માંડે છે કે પછી અંદર પ્રસાદી આપવાને આવું ?

પણ હું સમજી ના શકયો કે બોસે શા માટે મારા કામને મહાભયાનક કહ્યું.. બાકી મારા કામને એકે સંસ્થાએ એવોર્ડ આપ્યો નથી. એ નક્કી.. ના પત્નીએ મારા કામને બીરદાવ્યું છે.. ના સસરા એન્ડ કું. એ એમને તો સરેયામ કહ્યું. જો સુધરેલું કામ વધુ બગાડવું હોય તો એમને આપો. આમ તો મારા માટે સારૂં જ છે.. કોઈ કામ આપે અને હું બગાડી લાવું તો ફરી વાર આપે નહીં.

રક્ષાબંધનના પાવન પ્રસંગે સસરા એન્ડ કું.એ મને ભોજન માટે કહ્યું હતું જો જમણવાર બાસુંદીનું સ્થાન હતું. બાસુંદી લેવા ગયો અને હું બાસુંદીના સ્થાને રબડી લઈને આવેલો.. એ દિવસે સાસુશ્રીએ મારા કામને મહા ભયાનક એવો શબ્દ પ્રયોજયો હતો. કહ્યું હતું કે, એમને કોઈ કામ ના સોંપાય. એમનું કામ એટલે મહા ભયાનક. જેમ સ્ત્રીઓના અપહરણની શરૂઆત દુષ્ટ રાવણના કરતુતની સાથે આરંભ થયેલો એમ જ કદાચ મહાભયાનક કહેવાની શરૂઆત સાસુથી થઈ ગઈ હોય એમ માનું છું.

સાસુએ મહાભયાનક કહેલું એમાં ઘરવાળીએ વચ્ચે ડપકો ભજીયું મુકતાં ઉમેરેલું માત્ર મહાભયાનક નહીં એમનું તો દરેક કામ મહાભયાનકનું ય ભયાનક. મેં સાબુ લેવા મોકલ્યા હતા અને માથું ધોવાના એક ડઝન સાબુનું પેકેટ લઈને આવેલા.. સસરાની ચોકઠ પર મારી આવી દશા જોઈને થયેલું હે બારોટ મનવા.. કેસરી વસ્ત્રો ધારણ કર.. હાથમાં તંબુરો.. પગમાં ચાખડીઓ ધારણ કરીને ગંગાઘાટે બાવો બની જા.. એમાં જ તારો ઉધ્ધાર છે. આજે દેશમાં બાવાઓની અતિશય બોલબાલા છે. બધે જ પૂજાય છે. હા.. પકડાય ત્યારે થૈ પડશે..

અનુસંધાન પાના નં.૬ ઉપર

# કેવા ગ્રહો કુબેર જેવું ધન આપે ?




ધનવાન બનવા માટે વ્યક્તિને પોતાના ગ્રહો બાબતે જાણકારી રાખવી જોઈએ. ગ્રહ વ્યક્તિના પુર્વ જન્મના સંચિત કર્મોનું આઈનો (દર્પણ) છે. વ્યક્તિએ પુર્વ જન્મમાં જેવું કર્મ કરેલ હોય છે તેવું જ ફળ વ્યક્તિ ત્યાર પછીના જન્મમાં ભોગવે જતો હોય છે. જો તેમાં જો પાપ કર્મો દેખતા હોય અને આ જન્મમાં પણ તમે એવા જ કર્મ કરશો તો પછી આગળના જન્મોમાં પણ અશુભ ફળ જ ભોગવશો. પણ જો તમારા આ જન્મમાં કર્મો સારા હશે તો પુર્વના કર્મોમાં શુભ ફળ મળતા થશે. આપના પુર્વ જન્મના પાપ કર્મોમાંથી મુકત થતા જશો. જેમ કે કીડીયારૂ પુરવું, શ્વાનને રોટલી નાખવી, માછલીને લોટની ગોળીઓ બનાવી નાખવી, પંખીને ચણ નાખવા માલીક વગરની ગાયોને ઘાસ નાખવી, અશકત વ્યક્તિઓને મદદ કરવી વગેરે.

કેવા ગ્રહો કુબેર જેવું બન આપે ?

જે જાતકની જન્મકુંડળીમાં કન્યા રાશીમાં મંગલ, શુક્ર, શની અને રાહુ રહેલ હોય તેવી વ્યક્તિને ઉપરનું ફળ મળે છે.

દ્રષ્ટાંતકુંડળી :અત્રે આપેલ દ્રષ્ટાંતકુંડળીમાં કન્યા રાશીમાં મંગળ, શુક્ર, શનિ અને રાહુ રહેલ છે જે ઉપરનો યોગ બનાવી રહ્યા છે.

**જયોતિષી બંસીલાલ હીરાલાલ લોધા**
**(મો.૯૩૭૭૪૪૦૯૦૭, રેલ્વે સ્ટેશન રોડ, ડીસા)**

# જીવજંતુના સ્વરક્ષણની કુદરતી વ્યવસ્થા

**અજબ ગજબની દુનિયા** — કમલેશ કંસારા

આજે વિશ્વમાં કરોડોની સંખ્યામાં જીવજંતુઓ જોવા મળે છે. આપણી આજુબાજુ જોઈએ તો માખી, મચ્છર, ઉધઈ, કીડી, મંકોડા, પતંગીયા, મધમાખી, ઈયળો વાંદા વગેરે અસંખ્યની સંખ્યામાં આખો દિવસ આમતેમ ઉડતા ચાલતા જોવા મળે છે. એમાં દરરોજ અસંખ્ય જીવજંતુઓ મૃત્યુ પામે છે અને બીજા અનેક જન્મ લે છે. આવા જીવજંતુઓ આ પૃથ્વી પર અનેક પ્રકારના જીવલેણ રોગો ઉત્પન્ન કરવા માટે જવાબદાર હોવાથી માનવે આ જીવજંતુઓ સામે યુદ્ધે ચઢયો છે. આ જીવજંતુઓના નાશ કરવાને માટે અનેક પ્રકારનો ઝેરી કીટનાશકોની શોધ કરીને તેમનો નાશ કરવાના પ્રયત્નો કરવા લાગ્યો છે. ખેતરોમાં થતા પાકને આ જીવજંતુઓ નાશ કરે છે .ઘરમાં પણ જીવલેણ બીમારી પેદા કરીને માનવને મૃત્યુ સમીપ લઈ જાય છે. ઉલટાનું કેટલાક જીવજંતુઓ તો આ ઝેરને પચાવીને એવા શક્તિશાળી બન્યા છે કે એમનો નાશ જ સંભવ બન્યો નથી.

આપણને પ્રશ્ન થાય કે ઝેરી કીટનાશકોની શોધ થવા છતાંય આ લોકો આજે કેવી રીતે જીવે છે ? આની પાછળ ઘણાં જ કારણો અને પરીબળો જવાબદાર છે. એમાંનું એક કારણ છે જન્મ સંખ્યાનું. આ જીવજંતુઓ કરોડોની સંખ્યામાં પ્રજોત્પત્તિ કરી શકે છે જેટલો એમનો નાશ થાય છે તેનાથી વધુ પ્રમાણમાં તેઓ જન્મે છે.

કુદરતે પણ એમનામાં વિશેષ પ્રકારની રક્ષણની ખાસ વ્યવસ્થા કરેલી હોય છે. ચોમાસામાં થતા લીલા રંગના તીતીઘોડા લીલા ઘાસમાં કે હરીયાળી વનસ્પતિ પર બેઠા હોય ત્યારે તેઓ શિકારી પક્ષીથી પોતાની જાતને બચાવવામાં સફળ થાય છે .આવા અનેક જીવજંતુઓને કુદરત પ્રકૃતિમાં ભળી જવાની ખાસ વ્યવસ્થા કરી છે. જેને વૈજ્ઞાનિક ભાષામાં કેમોફલેજ કહેવાય છે.

કેટલાક જીવજંતુઓ ખવાયેલા પાંદડા જેવા હોય છે. એટલે વૃક્ષોના પાંદડા પર જો તેઓ બેઠા હોય ત્યારે તેનો શિકાર કરનાર જીવ તેને ઓળખી શકતો નથી. એ પોતાના શરીરને લીલાં પાંદડા સાથે દબાઈને સ્થિર બેસી રહે છે. જો તે સહેજ હાલે એટલે તેનું ભક્ષણ થયું જ સમજો.

કેટલાક પતંગિયાનો કલર સુકાયેલા પાંદડા જેવો હોય છે. તેઓ સુકાયેલી વનસ્પતિ પર બેઠા હોય છે ત્યારે એની ઓળખ શીકારી કરી શકતો નથી. એટલે તેઓ એના આધારે પોતાનો જીવ બચાવે છે.

નાની કીડી જેવી પીળા રંગની ઉધઈ ઝાડના થડ પર પોતાની ઉપર માટીનું આવરણ વીંટાળી દે છે. વળી ઉધઈ સહેલાઈથી પકડાતી નથી. તે પોતાના રાફડામાં કે લાકડામાં ખુબ ઉંડે સુધી ઉતરીને પોતાનું રક્ષણ કરે છે. વળી લાકડા જેવા રંગને કારણે ઉધઈ પકડાતી નથી. જ્યારે લાકડુ તુટે ત્યારે જ તે બહાર આવે છે.

કેટલાંક જીવજંતુઓને આપણા હાથમાં પકડીએ ત્યારે દુર્ગંધ છોડે છે. જ્યારે કેટલાક પાણી પણ છોડે છે. જેના કારણે આપણે ગભરાઈને તેને છોડી દઈએ છીએ. જ્યારે કેટલાક જીવજંતુઓને પકડીએ ત્યારે તેઓ ડંખ મારે છે. જેમાં ભમરી, મધમાખી, મંકોડા અને લાલ કીડીઓ.

કેટલાક જીવજંતુઓને કુદરતે વિશિષ્ટ પ્રકારની અદ્‌ભૂત શક્તિ આપેલી હોય છે. આપણી આંખોમાં સામાન્ય રીતે એક જ લેન્સ જોવા મળે છે. જ્યારે નાના જીવજંતુઓને કુદરતે આંખમાં ઘણાં જ લેન્સ આપ્યાં છે. **અનુસંધાન પાના નં.૬ ઉપર**

# મ્યુનિસિપાલીટીના મલાઈદાર હોદ્દાઓ !!

**દેખ કબીરા** — હંસામૃત વાલમીયા

અમે હાઈસ્કૂલમાં ભણતા હતા એ સમયે સમાજશાસ્ત્ર ઉર્ફે સમાજવિદ્યાનો તાસ લેનાર એક અસાવ નર્ધન જેવા સ્વભાવે આળસુ સમાજ જેવા અધ્યાપકે અમને મળેલા..એ અધ્યાપક વિશે અનેક વિશેષણો છાપી શકાય પણ એ તો ગુરૂદેવો ભવ, એ સાર્થક કરવા અમે એમને આજે શત શત વંદન કરીએ છીએ. દેખ કબીરા.. એ સમયના પાઠયક્રમ મુજબ ઈતિહાસ, ભુગોળ અને નાગરિક શાસ્ત્ર એમ ત્રણ વિષયોનો અનુબંધ એટલે સમાજશાસ્ત્ર અથવા સમાજવિદ્યા ગણાય.

ગુરૂએ એક ગામની વ્યાખ્યા શીખવી એ પછી તાલુકાની સમજ આપી અને છેલ્લે જિલ્લાની સમજ આપી તાસ પૂરો કર્યો એ અધ્યાપકનો મુખ્ય મુદ્દો હશે. સ્થાનિક સ્વરાજયની કંઈ કંઈ સંસ્થાઓ હોય છે અને તેનાં કાર્યો શું હોઈ શકે ? હેતુ કથન મુજબ ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા, જિલ્લા પંચાયત એટલી સંસ્થાઓ અંગે થોડી ઘણી ચર્ચા કરવામાં આવી.

અમને આજે પણ યાદ છે કે મોટાં નગરોમાં નગર પાલિકાઓ હોય છે જ એ રીતે જોતાં અમદાવાદ-વડોદરા -સુરત-ભાવનગરની જેમ લગભગ ૩૩ જેટલાં નગરોમાં નગરપાલિકાએ ચોક્કસ અસ્તિત્વ ધરાવે છે અને એ બધાં નગરોમાં અમદાવાદ નગરપાલિકા એટલે એક મોટામાં મોટો કમાઉ દિકરો અને તેમાં અનેક ખાતાઓ મલાઈદાર છે જે અમુક થતું અને એટલે જ આ મહા નગર પાલિકાઓમાં ખાતાઓની ફાળવણી જોઈ જોઈને થાય છે. જેટલા મલાઈદાર હોદા મળે એટલું તમારૂં ભાગ્ય.દેખ કબીરા.

હમણાં એક કમનસીબ હોદ્દેદાર અમને મળ્યા. તેમણે નામ નહીં આપવાની શરતે આ રીતે વાત કરી. ભાઈ મ્યુનિસિપલ કાઉન્સીલરને હોદ્દો જેને મળે છે તેની પાંચ પેઢી ચાલે એટલી મલાઈ વગર માગ્યે મળી જાય છે.. દેખ કબીરા..

સ્ટેન્ડીંગ કમીટી અને બીજા ચેરપર્સનના હોદ્દાઓ ખુબ જ મધવાળા હોય છે. આજુબાજુ અનેક મધમાખીઓ ભ્રમણ કરતી હોય છે. પાલીકાના વોર્ડ મુજબ અનુદાન મળતું હોય છે. ઉપરાંત ભથ્થાં તગડાં, સગવડો તગડી, અલાયદી ગાડી, ચેમ્બર ઉપરાંત કવાર્ટસ બાગ બગીચા, હોલ બુકીંગ જેવી અનેક વધારાની સુવિધાઓ મફત મળે એટલે આવાં મલાઈદાર હોદ્દાઓ કોણ છોડે ?

મ્યુનિસિપાલ કાઉન્સીલરો જે તે સમયે ચાલતી રાજય સરકારની બોડી આધારીત હોય છે. તેની સામે વિપક્ષના સભ્યો પણ હોય છે. જ્યારે આ સંસ્થાની મીટીંગ હોય અથવા સામાન્ય બેઠક હોય તેમાં પક્ષ અને વિપક્ષ સામસામે બાંયો ચડાવીને બેઠા હોય છે. પ્રજાનું કામ ગમે તેવું થાય એ જોવાની એ જરાય તસ્દી લીધા વગર પક્ષ-વિપક્ષના સભ્યો ફિલ્મી ઢબે મારામારી પણ કરી બેસતા હોય છે. આવી બીનાલોકશાહી ગેરશીસ્તથી ચાલતી સમગ્ર પાલીકાઓ ઉપર લોકતંત્રનું નિયમન જરાય રહેતું નથી.

**ડૉ. બી.પાટણવાડીયા**
**(અમદાવાદ)**
**મો.૯૬૦૧૮૯૭૦૪૧**

# નો એન્ટ્રીની સિક્વલ ફિલ્મમાં સલમાનના બદલે અક્ષય હશે



બોલિવુડના ખિલાડી ગણતા અક્ષય કુમારની ફિલ્મો હાલમાં સારી સફળતા મળી રહી છે. તેની ફિલ્મો સરેરાશ સફળ રહી છે. અક્ષય કુમાર હવે એક નવી ફિલ્મમાં સલમાન ખાનની ભૂમિકા અદા કરવા જઈ રહ્યો છે. અક્ષય કુમારની તમામ ફિલ્મોને સફળતા મળ્યા બાદ હવે તે મશાલા ફિલ્મમાં કામ કરવા જઈ રહ્યો છે. અક્ષય કુમાર હવે અનીસ બાઝમીની સુપરહિટ ફિલ્મ નો એન્ટ્રીની સિક્વલ ફિલ્મમાં કામ કરવા જઈ રહ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ તે આ ફિલ્મમાં સલમાનની ભૂમિકાને અદા કરવા જઈ રહ્યો છે. મુળ ફિલ્મમાં સલમાન ખાને રોમેન્ટિક ભૂમિકા અદા કરી હતી. હવે તેની ભૂમિકા નવી ફિલ્મમાં અક્ષય કુમાર અદા કરનાર છે. રિપોર્ટની વાત પર વિશ્વાસ કરવામાં આવે તો વર્ષ ૨૦૦૫માં આવેલી ફિલ્મ નો એન્ટ્રીની સિક્વલ બનાવાશે. ફિલ્મની પટકથા પર કામ ચાલી રહ્યુ છે. ફિલ્મના કાસ્ટિંગને લઈને ચર્ચા ચાલી રહી છે. અત્રે નોંધનીય છે કે નો એન્ટ્રી ફિલ્મમાં અનિલ કપુર, ફરદીન ખાન, બિપાશા બાસુ, લારા દત્તા અને સેલિના જેટલીએ ભૂમિકા અદા કરી હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સુપર હિટ થઈ હતી. અનીસ બાઝમી સિક્વલ ફિલ્મ બનાવવા માટે કમર કસી ચુક્યા છે. તેઓ છેલ્લા કેટલાક સમયથી સલમાનની રાહ જોઈ રહ્યા હતા. જો કે સલમાન ખાન હવે સમય કાઢી શકે તેવી સ્થિતીમાં નથી. જેથી તેની જગ્યાએ અક્ષય કુમારને લઈને આ ફિલ્મની સિક્વલ ફિલ્મ બનાવવા માટેની તૈયારી કરી લેવામાં આવી છે. અન્ય કલાકારો પણ બદલાય તેવી શક્યતા દેખાય છે. કલાકારોની પસંદગીની પ્રક્રિયા હાલમાં ચાલી રહી છે

# ગુજરાતના શહેરોને સ્માર્ટ સીટી બનાવવાની જરૂર નથી ગ્રામ્ય વિકાસને મજબુત બનાવવું જરૂરી

**દ્રષ્ટીકોણ** — ચંદ્રશેખર ત્રિવેદી

દેશ અને ગામડાના વિકાસ માટે સરકાર દ્વારા વિવિધ પ્રકારની યોજનાઓ પ્રસ્તુત કરવામાં આવી છે. જો ગામડાઓનો વિકાસ થશે તો ઘણા ખરા પ્રશ્નો હલ થઈ શકે તેમ છે અને આ માટે ખાસ કરીને સરકાર અને ગ્રામ્ય જનતાએ પ્રયત્નો કરવા જોઈએ. વિકાસશીલ દેશોની ભારતા તમામ ક્ષેત્રે આગળ આવે તો બેકારીને પડકારી શકાય. ભારતીય અર્થતંત્રના ખરા મુળીયાં શહેરોમાં નહી પરંતુ તેના મુળીયાં હકીકતમાં ગામડાઓમાં છે. ગામડાઓથી જ અર્થતંત્રના પાયાનો વિકાસ શકય બની શકે તેમ છે.

દેશના અર્થતંત્રમાં પરિવર્તન લાવવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા નીત નવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તેમ છતાં સરકાર જે તે યોજના પ્રસ્તુત કરે છે તેનો વિપક્ષો દ્વારા વીરોધ કરવામાં આવી રહ્યો છે. કેમ કે વિપક્ષ પાસે વિરોધ કરવા સિવાય કોઈ હથિયાર છે જ નહીં.

અત્યાર સુધી ભારતના વિકાસની સાચી રણનીતિ અને કાર્યયોજના તથા ગ્રામીણ ક્ષેત્રની કરવામાં આવેલી ઉપેક્ષા ભારતીય અર્થતંત્રની કુદરતી તાસીરની વિરૂદ્ધની બને અવૈજ્ઞાનિક કહી શકાય.જેથી અત્યારની એનડીએ સરકાર અદ્‌ભૂત સુધારવા માગતી હોય તેવું સ્પષ્ટ જણાય છે અને આ બાબત ખરેખર દિશાસુચક કહી શકાય.

વર્તમાન સંજોગોમાં સરકાર સમક્ષ હાલમાં ઘણી બધી સમસ્યાઓ છે કે તેનો ઝડપથી નિકાલ લાવી શકાતો નથી. ત્યારે કયારેક ઘણી બધી બાબતો જતી કરવી પડતી હોય છે અને ઘણું સહન કરવું પડતું હોય છે. દરેક શહેર પરિવર્તન ઈચ્છે છે ત્યારે ગુજરાતના શહેરોને સ્માર્ટ સીટી બનાવવાની જરૂર નથી. ગ્રામ્ય વિકાસ તરફનું મનોબળ મજબુત બનાવવું જોઈએ.

શહેરીકરણ એ ગુજરાત માટે સૌથી મોટો પડકાર છે આ શહેરીકરણને પગલે સૌરાષ્ટ્રના પશ્ચિમ દરીયાકાંઠાનો અને પૂર્વપટ્ટીના આદિવાસી વિસ્તારોનો યોગ્ય વિકાસ થયો નથી. તેની પાછળનું કારણ શું ? આમ તો અધિકારીઓની નિષ્ક્રીયતા કારણભુત માની શકાય. આદિવાસી વિસ્તારોનો વિકાસ થશે તો અર્થતંત્રને સુધારી શકાશે પરંતુ આ બાબતે હજી ચર્ચા વિચારણા ચાલી રહી છે. બીજી વાત એ છે કે આદિવાસી યુવાનોને શિક્ષણની તકોથી વંચિત કેમ રાખવામાં આવે છે તેઓને શહેરી વિસ્તારના યુવાનોને પ્રાપ્ત થતી સ્નાતકો શા માટે ઉપલબ્ધ કરાતી નહીં હોય ? સત્તાધિશોની આ જાતિ યોગ્ય તો ન જ કહેવાય. દરેક યુવાનોને સમાન તકો મળવી જોઈએ.

સમાજશાસ્ત્રીઓનું માનવું છે કે, આ પ્રકારનો ઘટનાક્રમ ગુજરાતમાં ભેદભાવભર્યો જણાય છે. શહેરી અને આદિવાસી વિસ્તારોમાં તફાવત જોઈએ તો અમદાવાદ મેડીકલ ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય હબ તરીકે પ્રસ્થાપીત થઈ ચુકયું છે. ત્યારે બીજી તરફ દાહોદ સહિત કેટલાક અંતરીયાળ ગામોમાં હજી પણ પાયાની સગવડતાઓ ઉપલબ્ધ નથી તેની પાછળનું કારણ શું ?

અંતરીયાળ ગામોમાં કુપોષણ, બાળમૃત્યુ દર, સ્ત્રી ભૃણ હત્યા, નિરક્ષરતા વિગેરે હોવાથી આ ગામોનો વિકાસ થઈ શકયો નથી. અંતરિયાળ વિસ્તારોમાં શિક્ષણની પુરતી સવલતો હોતી નથી. પ્રાથમિક શિક્ષણથી જ અગવડોની સમસ્યા નજરે પડી રહી છે. **અનુસંધાન પાના નં.૬ ઉપર**

**અર્થતંત્રમાં પરિવર્તન લાવવા સરકાર દ્વારા માત્ર પ્રયત્નો જ થઈ રહ્યા છે**

# જવાબદાર દીદી અસ્મા અયુબખાન

**એનું નામ છે જીવન** — નટવર હેડાઉ

તે ૨૬, જુલાઈ ૨૦૦૫ નો દિવસ હતો. વરસાદે મુંબઈ શહેરને પોતાનું રુદ્ર સ્વરૂપ દેખાડયું હતું. તે દિવસે ધોધમાર વરસતો વરસાદ અટકવાનું નામ લેતો ન હતો. જરા વારમાં ગટરો અને નાળા છલકાવા લાગ્યા. પાણી રસ્તા પર વહેવા લાગ્યું અને રસ્તા સૂમસામ દેખાવા લાગ્યા. ત્યાંથી ક્યારેક કોઈ એકલદોકલ વાહન નીકળતાં જોવા મળતાં હતા. સૌ કોઈ અટકીને વરસાદ બંધ થાય તેની રાહ જોવા લાગ્યાં વરસાદ રહી - રહીને ક્યારેક ધીમો પડતો તો ક્યારેક તૂટી પડતો હતો. સતત વરસાદને કારણે પાણીનું સ્તર ઊંચું આવવા લાગ્યું તેમાં લોકો પોતાના માટે બચાવનો ઉપાય કરવા લાગ્યા. ચિલ્ડ્રન સોસાયટીના મકાનમાં તે સમયે આ બાળકો વરસાદ બંધ થાય તેની રાહ જોતાં હતાં. ધીમે ધીમે પાણીનું સ્તર વધતા ચિલ્ડ્રન સોસાયટીના વધારાના બાલગૃહના સૂવાના ઓરડાઓ સુધી પહોંચી ગયું. જ્યાં એ બાળકો ઊભા હતાં સ્ટાફના લોકોએ તરત બાળકોને નિયામકના ઓરડા સુધી પહોંચાડી દીધાં જે સહેજ ઊંચાણ પર હતો. પણ વરસાદ ઓછો થતો ન હતો અને પાણીનું સ્તર પણ ઘટતું ન હતું. ચિંતા અને ભય વચ્ચે બાળકો પોતાની સ્કૂલની પ્રાર્થના ગાવા લાગ્યાં ‘ઈતની શક્તિ હમેં દેના દાતા મનકા વિશ્વાસ કમજોર હો ના ...’ પરંતુ એ બધાની વચ્ચે ઊભેલી તેર વર્ષની અસ્મા અયુબખાન તો કંઈક બીજું જ વિચારતી હતી તે જોઈ રહી હતી કે કઈ રીતે ત્યાં બબ્બે ફુટ પાણી ભરાઈ ગયા છે. સતત પડતા વરસાદને કારણે થોડી જ વારમાં વધતા પાણીનો આ પ્રવાહ તેમના ઓરડાને પણ લપેટમાં લઈ લેશે. જ્યાં તે બધાં ઊભા હતા. તે બધાં બાળકોમાં કદમાં સૌથી ઊંચી હતી. શું એ પોતાની નજર સામે એ બધાં બાળકોને ડૂબતા જોઈ શકે ખરી. જે આખો દિવસ પ્રેમથી તેને દીદી... દીદી કહીને બોલાવતાં હતાં ના એવું કેમ બને. પાણી તો સતત વધી જ રહ્યું હતું! અસ્માએ એક નજર પ્રાર્થના કરતાં બાળકો તરફ નાંખી અને બીજી જ ક્ષણે પોતાને શું કરવું તે નક્કી કરી લીધું.

તેણે બાળકોને ખભે બેસાડયા અને હિંમત કરીને પાણીમાં ઊતરી પડી. ત્યાં ઘણું ઊંડું કાળું ગંદું પાણી હતું. જે તેના ખભા સુધી આવતું હતું. અસ્માને તરતાં આવડતું ન હતું. તેથી માથું ઊંચું રાખી લપસણી જગ્યાએ તે ધીરેધીરે ચાલવા લાગી તેણે એ બાળકોને બીજી ઊંચી જગ્યાએ પહોંચાડયા. અને પછી બીજાં બાળકોને પણ એ જ રીતે ખભે બેસાડીને સુરક્ષિત જગાએ પહોંચાડયાં એ રીતે અસ્માએ અનેક ચક્કર લગાવી ઓછામાં ઓછા ચાલીસ બાળકોને સુરક્ષિત બહાર કાઢયાં બાકીના બાળકોને સ્ટાફના અન્ય માણસોએ મદદ કરી બચાવ્યાં.

જ્યારે અસ્માને પૂછવામાં આવ્યું કે ‘આમ કરવા જતાં તને બીક ન લાગી ? તો અસ્માએ કહ્યું કે મને કોઈ વાતનો ડર નહોતો. ચીકણી લપસણી જગ્યામાં નાક અને પછી મોં સુધી આવેલ કાળા ગંદા પાણીમાં ખભા પર બાળકોને બેસાડીને આગળ વધતી હતી ત્યારે મારા મનમાં એક જ ભાવના હતી કે હું તેમની દીદી છું. મારે તેમને બચાવવાં છે. અસ્માએ કહ્યું, હું તેમને કોઈપણ રીતે ડૂબતાં જોઈ કશું તેમ ન હતી.

તારી સાથેના બીજાં બાળકોએ એવું કેમ ન વિચાર્યું અથવા તને જોઈને તેમણે એવું કેમ ન કર્યું ? કેમ કે હું જ એ સૌમાં મોટી હતી.અસ્માની મોટીમોટી આંખોમાં આંસુ ઊભરાયાં. તે બોલી હું તેમની દીદી હતી. ત્યાં બીજા પણ ઘણા મોટા લોકો હતા પણ એ આ બાળકોની સૌથી મોટી વડીલ બની. અસ્માનું નામ રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર **અનુસંધાન પાના નં.૬ ઉપર**

## ડીસાની...

પાના નં.૧ ચાલુ

ગયા હતા. જોકે મકાનમાલિકે અન્ય દાગીના સુરક્ષિત જગ્યાએ મુકેલ હોવાથી મોટું નુકસાન ટળી ગયું હતું. આ તસ્કરોએ ગઈરાત્રે સોમનાથ ટાઉનશીપના અન્ય બે મકાનને પણ નિશાન બનાવ્યા હતા. પરંતુ આ મકાનોમાંથી કંઈ હાથ લાગ્યું નહોતું અને તસ્કરોને ખાલી હાથે પરત ફરવાનો વારો આવ્યો હતો.

ગઈરાત્રે એક જ સોસાયટીના બે મકાનના તાળાં તૂટતાં સોસાયટીના રહીશોમાં ફફડાટ ફેલાયો છે ત્યારે પોલીસ નાઈટ પેટ્રોલિંગને વધુ સઘન બનાવી તસ્કર ટોળકીને ઉગતી જ ડામવા કડક પગલાં લે તેવી માંગણી જોર પકડી રહી છે.

## ડીસા ...

પાના નં.૧ ચાલુ

માટે આયોજન નક્કી કરવા માટે ગતરોજ પાલિકાની ખાસ સાધારણ સભા બોલવાઈ હતી. આ સભામાં અગાઉના કાર્યોને બહાલી આપ્યા બાદ આગામી સમયમાં હાથ ધરાનાર નવા વિકાસ કાર્યો અંગે ચર્ચા કરાઈ હતી. ડીસા નગરપાલિકાના નવા ચૂંટાયેલા પ્રમુખ શિલ્પાબેન માળીની અધ્યક્ષતા માં મળેલી આ સાધારણ સભામાં શહેરના વિકાસના કાર્યોને વેગ મળી રહે તે માટે પાલિકા દ્વારા વિકાસના કાર્યો અને નગરજનોની સુવિધાઓ અંગે ચર્ચા કરાઈ હતી. ડીસા નગરપાલિકા દ્વારા આગામી સમયમાં પાલિકાની નવીન કચેરીના નિર્માણ ઉપરાંત નગરજનો માટે ટાઉનહોલ અને ફાયર ફાયટર સ્ટેશન બાંધવા માટે જમીન ફાળવવા સરકાર પાસે માંગણી કરતો ઠરાવ કરી સોલાર પ્લાન્ટ જેવા મહત્વના વિકાસ કાર્યો હાથ ધરવાની જાહેરાત કરાઈ હતી.

આજે પોતાના પ્રમુખ તરીકેના બીજા કાર્યકાળમાં મળેલી આ પ્રથમ સાધારણ સભામાં ડીસા નગરપાલિકાના પ્રમુખ શિલ્પાબેન માળીએ તમામ સભ્યોનો આભાર પણ વ્યક્ત કર્યો હતો.

ગતરોજ મળેલી પાલિકાની સાધારણ સભામાં વિપુલભાઇ શાહ,કૈલાસબેન શાહ સહિત શાસક અને વિપક્ષના અન્ય સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા.આ સભામાં ઉપસ્થિત ડીસાના ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યાએ નવીન પ્રમુખ શિલ્પાબેન માળીની સૂઝબુઝને બિરદાવી શહેરના વિકાસ માટેની તેમની ઝંખના બદલ અભિનંદન પાઠવ્યા હતા. આગામી સમયમાં શિલ્પાબેન માળીના નૈતૃત્વમાં ડીસા શહેર વિકાસની હરણફાળ ભરશે તેવો વિશ્વાસ વ્યક્ત કરી ધારાસભ્યએ પાલિકા પ્રમુખ દ્વારા લેવાયેલા નિર્ણયોમાં નગરપાલીકા દ્વારા બનાવવામાં આવેલા બગીચામાં એક દિવસ માટે માત્ર મહિલાઓ અને બાળકોને પ્રવેશ આપવાની પણ જાહેરાત કરી હતી.

## દાંતાના ...

પાના નં.૧ ચાલુ

તુરંત તપાસનો દૌર હાથ ધરી ધારાસભ્યને ફોન કરનાર ઈસમના મોબાઈલ ફોનને ટ્રેસ કરતા આ મોબાઈલ ફોન દાંતા તાલુકાના પેથાપુરના પરા વિસ્તાર પાતળિયાના કોઈ ઈસમનો હોવાની વિગતો ખુલવા પામી હતી જેના પગલે અમીરગઢ પોલીસે પાતળિયા ગામે ધસી જઇ ઊંડી તપાસ કરતા આ ફોન રામાજી લાલાજી ડાભી નામના ૫૦ વર્ષીય વૃદ્ધ ઈસમે કર્યો હોવાનું જાણવા મળતા પોલીસે આ વૃદ્ધ ઈસમની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ડીસાના શિવનગર...

પાના નં.૧ ચાલુ

જોકે થોડા સમય પૂર્વે તેણીના મામાનું પણ અવસાન થયા બાદ મામી મજૂરી કરી ઘરનું ગુજરાન ચલાવતા હતા. આવી સ્થિતિમાં ગત રોજ સવારે સપનાબેન ઘરે એકલી હતી એ વખતે તેણીએ કોઈ અગમ્ય કારણોસર શરીરે કેરોસીન છાટી અગ્નિસ્નાન કરી લીધું હતું. જોકે આ ઘટનાની જાણ થતાં આસપાસના લોકોએ દોડી જઇ ગંભીર રીતે દાઝેલી સપનાબેનને તુરંત ડીસાની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડી હતી. જોકે તેણીની હાલત ગંભીર જણાતાં ડીસા ખાતે પ્રાથમિક સારવાર બાદ તેણીને વધુ સારવાર માટે પાલનપુર ખસેડવાની ફરજ પડી હતી. હાલ આ યુવતીની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. જોકે આ યુવતીએ કયા કારણોસર આવુ પગલું ભર્યું તેની કોઈ વિગતો જાણી શકાઇ નથી. આ યુવતીના પરિવારજનોના જણાવ્યા અનુસાર થોડા સમય અગાઉ પણ આ યુવતીએ ગળે ટુંપો ખાઈ જીવન લીલા સંકેલવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો.પરંતુ તે સમયે પરિવારે તેણીને બચાવી લીધી હતી.પરંતુ આ વખતે આ યુવતીની હાલત ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે.

## થરામાં પ્રાર્થનાસભા...

અનુસંધાન ૩ નુ ચાલુ..

રાધેશ્યમ મંડપના હરિભાઈ ઠક્કરે સૌ પ્રત્યે ઋણ સ્વીકારની લાગણી વ્યક્ત કરી હતી. જલારામ મંદિર થરાના કાર્યકરો સર્વ અચરતભાઈ ઠક્કર, અરવિંદભાઈ લાટીવાળા, વિજયભાઈ ટેસ્ટીવાળા, નિરંજનભાઈ એ. ઠક્કર, વિનોદભાઈ ગોકલાણી, રાજુભાઈ લાટીવાળા, તરૂણભાઈ ઠક્કર, કનુભાઈ ભોગીલાલ આચાર્ય, દિપકભાઈ અખાણી, ચીમનભાઈ તન્ના, હર્ષદભાઈ આઈ. ઠક્કર, ચીમનલાલ મકનજીભાઈ ઠક્કર, ચંપકભાઈ કે. અખાણી, દિનેશભાઈ સોની, પત્રકાર પ્રવિણભાઈ પાંચાણી સહિત અનેક અગ્રણીઓએ ખાસ ઉપસ્થિત રહીને કાર્યક્રમને દિપાવ્યો હતો. પૂજ્ય મમતામૈયાએ ખાસ ઉપસ્થિત રહીને આશીર્વચન પાઠવ્યા હતા. તન્ના પરિવારના ભૂપેન્દ્રભાઈ તન્ના, પ્રવિણભાઈ તન્ના સહિત સૌ સ્નેહીજનો તેમજ કાંતિલાલ ડામરલાલ પરિવારના સૌ સ્નેહીજનો સહિત થરા- તાણા નગરની ધર્મપ્રેમી પ્રજા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને મોડી રાત સુધી જલારામ બાપાનાં ભજનો માણ્યાં હતા.

## રાધનપુર ...

પાના નં.૮ ચાલુ

કચેરી દ્વારા પાલિકાને ૪૦ લાખ લીટર પાણી આપવાનું બંધ થતા લોકો પાણી વિના ધીરજ ગુમાવી ચુક્યા હતા,અને પાલિકામાં ગમે તે સમયે હંગામો થાય તેવી પરિસ્થિતિનું નિર્માણ થવા પામ્યું હતું,પાલિકા દ્વારા ટેન્કર દ્વારા લોકોને પાણી પૂરું પાડવામાં આવતું હતું,પરંતુ તે અપૂરતું હતું.જેથી પાલિકાના કોંગ્રેસના કોર્પોરેટરોએ પણ ધીરજ ગુમાવીને શનિવારે ગાડીઓ ભરીને જ્યાંથી રાધનપુરને પાણી પૂરું પાડવામાં આવતું હતું,તે રાણકપુર ગામે જઈ ચડ્યા હતા,અને પાણીપુરવઠા અને નર્મદા યોજનાના અધિકારીઓનો ઉધડો લીધો હતો.પાલિકાના પ્રમુખના પતિ ભુરાજી ઠાકોર,ધારાસભ્ય અલ્પેશ ઠાકોરના પી.એ. હાર્દિકભાઈ ત્રિવેદી, પાલિકાના કારોબારી ચેરમેન કાનજીભાઈ પરમાર, સેનીટેશન ચેરમેન હરદાસભાઈ આહીર, પાલિકાના સદસ્યો, જિલ્લા પંચાયતના સદસ્ય જગદીશભાઈ રાઠોડ, કોંગ્રેસના અગ્રણીઓ પુંજાજી ઠાકોર, રમેશભાઈ ગોકલાણી, પ્રકાશભાઈ, સુભાષભાઈ મકવાણા, તાલુકા પંચાયતના ઉપપ્રમુખ હકાભાઈ ભરવાડ સહીત અગ્રણીઓએ અધિકારીઓને ઉધડો લેતા જણાવ્યું હતું કે ધારાસભ્ય અલ્પેશ ઠાકોરનો વિસ્તાર હોવાથી ભાજપવાળાઓએ જાણી જોઈને પાણી બંધ કર્યું છે,જેના કારણે લોકો પાણી વિના વલખા મારી રહ્યા છે,જો પાણી ચાલુ નહિ કરવામાં આવે તો પાણીપુરવઠા કચેરીને તાળાબંધી કરવાની ચીમકી પણ આપવામાં આવી હતી.

## વડાલીમાં...

પાના નં.૮ ચાલુ

વડાલી શહેરની એક કોલેજીયન હિન્દુ જૈન સમાજની યુવતિને એક જીપ ચાલક લઘુમતિ યુવક લગ્નની લાલચ આપી ભગાડીને લઈ જતાં ચકચાર મચી જવા પામી છે.ત્યારે આ કથિત લવ જેહાદના મામલે વડાલી શહેરના વિવિધ હિન્દુ સમાજના સંગઠનો તથા હિન્દુ સમાજના લોકોએ બહોળી સંખ્યામાં એકઠા થઈ ભારે હોબાળો મચાવ્યો હતો અને રેલી યોજી યુવતિને પરત લાવવાની માંગ સાથે વડાલી શહેરની બજારો બંધ કરાવી પોલીસ સ્ટેશન આગળ એકઠા થઈ જય શ્રીરામના નારા લગાવ્યા હતા.

જેના પગલે જીલ્લા પોલીસ વડા, નાયબ કલેક્ટર, મામલતદાર તથા એલસીબી સીપીઆઈ સહિતનો પોલીસ કાફલો વડાલી પોલીસ સ્ટેશન ખાતે દોડી આવ્યો હતો. જ્યાં પોલીસે યુવતિને બે- ત્રણ દિવસમાં પરત લાવવાની ખાત્રી આપી હતી.જેથી મામલો શાંત થયો હતો.જોકે,યુવતિને પરત લાવવામાં નહિ આવે તો અચોક્કસ મુદત સુધી બજારો બંધ રાખવાની ચિમકી સાથે લેખિતમાં આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

## રવીયાણામાં...

પાના નં.૮ ચાલુ

ઉચ્ચ કક્ષાએ લેખિત રજુઆત કરી છે.રવિયાણા ગામેથી પસાર થતી આ મિત્તલ કંપનીની ક્રૂડ ઓઈલ ની પાઈપ લાઈન જ્યારે નીકળી ત્યારે લોકો એ વિરોધ કર્યો હતો, પણ કંપની અને સરકારના અધિકારીઓ સાથે મળી સમાધાન કરવી ખેડૂતો ને નજીવા વળતરઆપી લોભામણી લાલચ આપેલ કે અહીયા પોઈન્ટ બની જશે તો તમારા ગામના માણસોને નોકરી આપીશું ત્યારે અભણ અને ભોળા ગામલોકો એ ગામમાં ઉદ્યોગ આવતો હોવાથી જમીન સંપાદન કરી આપી હતી પરંતુ પાછળથી કંપનીએ ફેરવી તોળી રવિયાણા ગામના કોઈ વ્યક્તિને નોકરી ના આપી અને બહાર ના હિન્દી ભાષી લોકોને નોકરી એ રાખ્યા લોકોની અને આ કંપની દંદ્વારા ખેડૂતો ને ફાયદો થવાની આશા પર પાણી ફરી વળ્યું છે ઉપરથી ખેડૂતોને અત્યારે મોટું નુકસાન થઈ રહ્યું છે ,

કંપની એ રવીયાણા ખોડા રોડ પર જે બાંધકામ કર્યું છે તે ખેડૂતોની જમીન કરતા પાંચ ફૂટ ઊંચું પુરાણ કરાવી ને બાંધકામ કર્યું છે અને તેની લાંબી દીવાલના કારણે ચોમાસામાં વરસાદ નું પાણી ખેડૂતોના ખેતરોમાં ભરાઈ જાયછે અને વાવણી કરેલો મહા મૂલો પાક નિષ્ફળ જાય છે અને કરોડો નું નુકસાન થાય છે રવિયાણા ખોડા રોડ પર દીવાલના કારણે ત્રણથી ચાર ફૂટ પાણી ભરાઈ જાય છે અને ચોમાસામાં આ રોડ પર નિકળાતું નથી અને આ રોડ પર આવતા ગામો શિહોરી કે દિયોદરથી સંપર્ક વિહોણા બની જાય છે .આ ગામના લોકોને પ્રોજેકટ ચાલુ હોવાથી ખુબજ ધ્રુજારી આવવાના કારણે લોકોની નીદ પણ હરામ થઈ ગઈ છે ,હાઈ ફોક્સ લાઈટોથી આજુબાજુના ખેતરોમાં પાકને મોટું નુકસાન થાય છે ,અને કંપનીમાં મોટા અવાજે સાયરન વાગવાથી પશુઓ અને લોકો પરેશાન થઈ રહયા છે .આ પ્રોજેકટની ઊંચી દીવાલ થી પાણી નો નિકાલ થતો નથી અને ૫૦ થી૬૦ ખેડૂતો ના ખેતરો મા પાણી ફરિવળે છે ,અને ચોમાસુ પાક નિષ્ફળ જાય છે અને ખેડૂત ને મોટું નુકસાન ભોગવવું પડેછે ,તેવી ઉચ્ચ કક્ષાએ રવિયાણા ગામના જાગૃત નાગરિક ભરતભાઈ.કે પટેલે કલેકટર અને મુખ્યમંત્રી ને કરીછે કે. જે પુરાણ કરીને ખેડૂતો ની જમીન કરતા આશરે પાંચ ફૂટ ઊંચો પ્રોજેકટ બનાવ્યો છે અને તેની દીવાલ ઊંચી અને લાંબી બનાવેલ છે તેના કારણે પાણી ખેતરોમાં ભરાઈ રહે છે.અને નુકસાન ભોગવવું પડશે,કંપની એ પાણી ના નિકાલ માટે સાવ નાના નાના નાળા મુક્યા છે તો તેની જગ્યાએ પાણીનો નિકાલ થાય તે રીતે મોટા નાળા મૂકે ગત ૨૦૧૭ ના ભયાનક પુર મા ખેડુતો ને આ દીવાલ ના કારણે ખેતી પાક અને રહેણાક ને મોટું નુકસાન ભોગવવું પડ્યું હતું તેવી રજુઆત અમે ઉચ્ચ કક્ષાએ કરી છે , ત્યારે આ બાબતે સરકાર અને જવાબદાર અધિકારી ઓ કંપની ના જવાબદારો એ પૂર્ણ તપાસ કરી ખેડૂતોની માગણીઓ પુરી કરી અને ખેડૂતોને થતા નુકસાનથી બચાવે તે જરૂરી છે.

## બાપલા ...

પાના નં.૮ ચાલુ

કૌશિકકુમાર રામેશ્વર સોની તથા આગળની ડ્રાયવર સીટ બાજુમાં બેઠેલા ડીસાના હવાઈ પીલરની સામે આવેલ કચ્છી કોલોનીમાં રહેતા નીકુલકુમાર પ્રવિણભાઇ પારકર (ઠક્કર) બન્નેની ધરપકડ કરી તેમની વિરુધ્ધ પોલીસે પ્રોહીબીસન મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## પ્રજાને...

પાના નં.૮ ચાલુ

જયશ્રીબેન પટેલ, પૂર્વ ધારાસભ્યો અતુલ પટેલ, અમીતભાઇ ચોધરી, જિલ્લા ભા.જ.પ. પ્રમુખ નૌલેશભાઇ શાહ ઉપસ્થિત રહયાં હતાં.

આ પ્રસંગે નિવાસી અધિક કલેકટર એચ.એમ. જાડેજા, ગાંધીનગર પ્રાંત અધિકારી ઋતુરાજ દેસાઇ, કલોલ પ્રાંત અધિકારી હર્ષ યાદવ, ગાંધીનગર મામલતદાર કે.એ. પટેલ સહિત સબંધિત તાલુકાના અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
**ચાંદી ચોરસા ૩૯૨૦૦-૩૯૫૦૦**
રૂપુ કાચું ૩૯૦૦૦-૩૯૫૦૦
સોનુ તોલો ૩૧૨૦૦-૩૧૪૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૨૦૦**
પામોલીન ૧૧૮૦
સોયા રીફાઈન ૧૪૦૦
રાયડાતેલ ૧૫કી.૧૩૬૦
**સીંગતેલ૧૫ કી. ૧૪૭૦-૧૫૦૦**
સીંગતેલ ૧૫ લી.૧૩૬૦
**સીગતેલ ૫ લી. ૪૬૬**
તિરૂપતી કપા. ૧૩૯૦
૫ લીટર ૪૩૫
વનસ્પતિ ઘી ૧૦૦૦-૧૧૦૦
કોપરેલ ૧૫ કિલો ૩૧૦૦-૩૨૦૦
૫ કે. કોપરેલ૧૧૫૦
૫લી. અંકુર સીંગતેલ ૪૬૫
**૧૫ લીટર સનફલાય ૧૩૨૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૩૪૫
૫ લી. ૪૧૦
૨ લી. ૧૭૦
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૬૦૦૦
કીચન ચેમ્પીયન મોગર ૫૫૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૬૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૭૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૭૦૦
દાવત સ્પેસીયલ ૮૦૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૮૦૦૦
દાવત દિલખુશ ૮૦૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૨૦૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૨૦૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦

ઈ.ગેટ સુપર ૧ કી.૧૧૦૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૪૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૭૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૭૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૫૦૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૮૨૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૮૦૦૦
હેરીટેજ દુબાર ૬૨૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પોપુલર ૬૪૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
કાયનાત પ્રીમીયમ ૮૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
પરી નં.૧ ૯૨૦૦
પરી નં. ૭ તીબાર ૮૨૦૦
પરી સુપર દુબાર ૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦

દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૪૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૪૫૦-૩૫૫૦**
**ખાંડ એમ. ૩૬૫૦**
ખાંડએલ. ૩૬૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર ૯૫૦-૧૦૦૦**
દાણ ૭૦ કી.ગ્રા.૯૫૦-૧૦૦૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૪૦૦
જીરાળુ ૧૫૦૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૧૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા. ૫૭૦
**પરચુરણ**
સોજી ૮૦૦
મેંદો ૭૮૦
શ્રીફળ એમ. ૧૪૨૫
નિરમા સાબ ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૩૨૦૦
ખાંડ બુરૂ ૩૫૦૦
કોકમ ફુલ ૧૫૦
એલચી ૯૦૦-૧૦૦૦
મોરૈયો ૬૫-૮૦
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૩૦૦-૩૬૦
સુકી ડુંગળી ૧૮૦-૩૨૦
લસણ ૫૦૦-૬૦૦
ધાણા ૫૦૦-૧૦૦૦
મરચાં ૬૦૦-૯૦૦
લીંબુ ૫૦૦-૬૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૮૫-૯૦
રીંગણ ૩૦૦-૪૦૦
ટામેટા ૬૦૦-૬૪૦
**ભીંડા ૪૦૦-૫૦૦**
કોબી ૧૬૦-૨૪૦
વટાણા ૧૪૦૦-૨૦૦૦
ટીંડસા ૮૦૦-૧૨૦૦
ગવાર ૬૦૦-૧૦૦૦
બાદશાહ બટાકા ૪૪૦-૪૮૦
**સાંગા બટાકા ૨૪૦- ૨૬૦**
**દે.ગવાર ૧૨૦૦-૧૩૦૦**
**ચોળી ૧૨૦૦-૧૪૦૦**

**રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....**

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :...................... પતિ/પિતા :......................
માતા : ......................જ.તા. ................ઉ.વ.
પરિચય: ..................................................
સરનામુ : ..................................................
મોકલનારની સહી : ........................................

## કંઈક નરમ ગરમ

### અનુસંધાન પાના નં.૫ નું ચાલું

પણ બાવો બની શકતો નથી.એક સાધારણ કદનો માત્રને માત્ર માણસ જ હું રહ્યો છું પરંતુ મહાભયાનક શબ્દ લમણે વાગ્યો અને જુનું બધું યાદ આવી ગયું.. શા માટે બોસ બહેચરદાસે મહાભયાનકમ શબ્દ વાપર્યો હશે. પુછવાનું મન થઈ આવ્યું.. જો કે રોકાઈ ગયો. બોસ બહેચરદાસને પુછવાનો હતો. હે મારા દીનાનાથ બહેચરદાસ આપે મને મહાભયાનક કેમ કહ્યો ? અરે મને નહીં મારા કામને મહાભયાનક કેમ કહ્યું ?

બપોર સુધી હું પુછવા પુછવાના પ્રયાસો કરતો રહ્યો પણ ગમે તેવો ઉત્તમ કક્ષાનો બોલર નબળી પીચ પર નિષ્ફળ જાય છે એમ થયું .બપોર સુધી હું પુછી ન શકયો. બોસ બેચરદાસ ઘેર ગયા અને પંદર દીવસની રજા પર ઉતરી ગયા. હું પુછી ના શકયો એ બાબતનો રંજ રહ્યો. પણ છેક છુટવાના ટાણે પટાવાળાએ કહ્યું, બોસે કહ્યું છે કે, તમારૂં કામ મહાભયાનક છે.

મારૂં કામ ભયાનક છે કે નહીં એની મને ખબર નથી. પણ મીરાંબાઈની ગુજરાતી કવિતાના અર્થની સમજુતી વખતે ઓસ્ટ્રેલિયાના કાંગારૂને ભણાવી ચુકયો છું.નરસિંહરાવ દિવેટીયાની કવિતા મંગલ મંદીર ખોલો ટાણે ઉત્તર ગુજરાતમાં કોઈ મરી જાય પછી છાજીયાં કેવી રીતે અને કયાં ગવાય એ સમજાવી ચુકયો છું. મારા વર્ગના વિદ્યાર્થીઓ પણ ધ્યાનથી સાંભળી રહ્યા છે. અરે મારા હેડમાસ્તરે મારી આ પ્રવૃત્તિ પછીય કહ્યું નથી કે મિ.બારોટ.. તમારૂં ભણાવવાનું તો મહાભયાનક બાકી તમે પ્રેમાનંદનો, બીજો અવતાર છો.. જેમ આદ્ય કવિ પ્રેમાનંદ એક રસમાંથી બીજા રસમાં છટકી જતો હતો એમ તમેય મીરાંબાઈની કવિતામાંથી ઓસ્ટ્રેલિયાના કાંગારૂ ભેગા થઈ ગયા.

વાહ એ વાત હતી ત્યારે હું એક આદર્શ શિક્ષક હતો પણ પછી તો સાહેબ ગીરી છોડી અને બીજી નોકરીમાં ભરાયો.. ત્યાં મહાભયાનક એવો એક શબ્દ પામ્યો..

સાચે જ મારૂં કામ.. મહાભયાનક છે ? મેં એક દિવસ મારા આત્માને એક સવાલ પુછ્યો.. જવાબ મળ્યો.. ના..ના.. આ જગતમાં મારા કરતાંય મહા ભયાનક એવા કંઈ કેટલાય પડયા છે.. દા.ત.. હા.. દાખલા તરીકે ઉપરવાળો ?

ઉપરવાળાનાં કામ એટલાં તો મહાભયાનક છે કે વાત જ ન પુછશો.. બિચારો ભગવાન ભગવાન કરીને મરી જાય તો ભગવાન એની સામે જોવા જેટલીય તસદી લેતા નથી અને જે ભગવાનને ભરપેટ ગાળો આપે છે એનો તો જાણે કે ખજાનો ખોલી આપે છે. કયાંક કહેતા પણ હશે કે તું મને ગાળ આપ.. દોષ આપ.. હું તને ધન અને સમૃધ્ધિ આપીશ.. આ ઉપરવાળાના કામો પણ એટલા ભયાનક છે કે શું કહેવું ? ગરીબો એને શોધતા શોધતા બધે ફરતા હતા ત્યારે.. એ હા.. ત્યારે એ મધુવનમાં.. મધુરી બંસી વગાડતા હતા. હે પ્રભુ જગતમાં આ બારોટના જ કામો ભયાનક નથી. તમારા કામો પણ જ્યાં એટલાં મહાભયાનક છે કે...

**રેણુબેન વિષ્ણુભાઈ બારોટ (અમદાવાદ)**
**મો.નં.૯૮૨૪૨૩૪૬૬૮**

## અજબગજબની દુનિયા

### અનુસંધાન પાન ૫ નું ચાલુ.

જેના દ્વારા તે પોતાની આંખમાં ચારે બાજુનું દ્રશ્ય જોઈ શકે છે એટલે અચાનક થતાં આક્રમણથી તે પોતાની જાતને બચાવી શકે છે.કુદરતે ઘણાં જીવજંતુઓને ત્રણ કે તેથી વધારે પગ આપ્યા હોય છે. એટલે તે ખુબ જ ઝડપથી દોડી શકે છે. કયારેક ભાગી જતા એમના પગને જો કોઈ નુકશાન થાય તો પણ તેઓ દોડીને પોતાની રક્ષા કરવામાં સફળ થાય છે. ઉડતા પક્ષી, પતંગીયાને કુદરતે પાંખો આપી છે. જેના સહારે જાનનો ખતરો લાગતા પાંખોના જોરે તે ઉડીને પોતાની જાતને બચાવી શકે છે.

કેટલાક જીવો ઘાયલ થવા છતાંય પોતાની જાતને ફરીથી બેઠી કરે છે. વાંદાને આપણે મારી મારીને અધમુઓ કરી દઈએ તો પણ થોડોક સમય પછી તે પુનઃ ચેતના મેળવીને બેઠો થઈ જાય છે અને નાસી જાય છે. દિવાલ પર દેખાતી ગરોળીને જ્યારે આપણે મારવા જઈએ ત્યારે તેની પુંછડી તુટી જાય છે. આપણું ધ્યાન તુટેલી પુછડી પર જતાં તે ગરોળી રફુચક્કર થઈ જાય છે. ચોમાસામાં ખેતરોમાં દેખાતા અળસીયાના બે ટુકડા કરવામાં આવે તો પણ તે જીવતા રહે છે. એનું કારણ એ કે બે જીવોનો વિકાસ થતાં તે જીવીત રહે છે. કુદરતે પૃથ્વી પરના ઘણા જીવોને બચાવ માટે ખાસ પ્રકારની શક્તિ આપી છે.ભારતમાં મેલેરીયાના નાબુદ માટે અનેક યોજનાઓ અમલમાં મુકવા છતાંય આજે એનોફીલીસ મચ્છર આજે પણ જીવે છે. એનો નાશ કરવાને માટે અનેક પ્રકારના જંતુનાશક દવાઓ શોધવામાં આવી. પરંતુ પોતાની જાતને એ દવાના અનુરૂપ ઢાળીને પોતાનો બચાવ કરવામાં સફળતા મેળવી છે. આજે પણ સ્વતંત્ર ભારતમાં મેલેરીયાના રોગે માઝા મુકી છે.વાતાવરણમાં રહેલા પર્યાવરણની સમતુલામાં પણ કેટલાક જીવજંતુઓ સમતુલા જાળવવામાં મદદરૂપ થાય છે. જેના કારણે જીવજંતુઓમાં આવનારા ખતરા સામે ઈશ્વરે કુદરતી રીતે સ્વબચાવના રક્ષણની ક્ષમતા પ્રદાન કરેલી છે. **કમલેશ કંસારા અમદાવાદ**

## દ્રષ્ટીકોણ..

### અનુસંધાન પાન ૫ નું ચાલુ.

આ દિશામાં જાગરૂકતા પણ કેળવાતી નથી. તેમજ અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારોમાં મેલેરીયા, ટીબી સહિતના પાણીજન્ય રોગોનું પ્રમાણ મહત્તમ જોવા મળે છે.

અંતરીયાળ ગામોના વિકાસ માટે સરકારે તત્પર રહેવું જોઈએ. વર્તમાન સંજોગોમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, જુનાગઢ, ભાવનગર અને ગાંધીનગર જેવી મહાનગરપાલિકાઓના વિસ્તારોમાં વિકાસ વાઈબ્રન્ટ દેખાય છે પરંતુ આદિવાસી વિસ્તારમાં આનાથી ઉલટી ગંગવા વહી રહી હોય એવું જણાય છે. વર્તમાન સંજોગોમાં જોવા જઈએ તો ગુજરાતની સ્થાપનાને ૫૮ વર્ષના વહાણાં વીતી ગયા તેમ છતાં જે વિકાસ થવો જોઈએ તે થઈ શકયો નથી. રાજયના કેટલા આદિવાસી વિસ્તારો વિકાસથી વંચિત છે ? આ બાબતની રાજય સરકારે સમીક્ષા કરી છે કે નહીં ? અને જો નક્કી હોય તો તેની પાછળનું કારણ શું ?

હાલમાં ઔદ્યોગિક દ્રષ્ટીએ જોઈએ તો ગુજરાત અગ્રેસર છે પણ આ બધું જ અમુક વિસ્તારોમાં નજરે પડે છે. આદિવાસી વિસ્તારોમાં કેટલા ઉદ્યોગો છે તે બાબતે શા માટે સમીક્ષા થતી નહીં હોય ?

અમદાવાદ જેવા મહાનગરમાં ટ્રાફિકની સમસ્યા કેન્સર સમાન બની રહી છે. કારણ કે ગગનચુંબી ઈમારતો બનાવવાની છુટ મળી જાય છે પરંતુ પાર્કીંગ, ગટર, રસ્તા, પાણી, રમતગમતના મેદાનની સુવિધાઓ ઘટતીજાય છે. રાજયમાં શહેરીકરણના પગલે સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના અને મુખે પટ્ટીના આદિવાસી વિસ્તારો વિકાસથી વંચિત રહી જવા પામ્યા છે. .

## એનું નામ છે જીવન

### અનુસંધાન પાન ૫ નું ચાલુ.

માટે મોકલવામાં આવ્યું અને તેને વીશેષક્ષેત્રના 'બાપુ ગયાધાની પુરસ્કાર'માટે પસંદગી થઈ. વડોદરા ગુજરાતના બાપુ ગાયધાની પુરસ્કાર પ્રેમ કરતા તેમના નામે રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર જે એક લાખનો બાપુ ગયાધાની પુરસ્કાર છે. અસ્માને દેશના વડાપ્રધાનના હસ્તે રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર આપવામાં આવ્યો. બીજે દિવસે રાજપથ પર હાથી પર બેસી નીકળતાં તેને જોઈ સૌએ તાળીઓથી તેનું સ્વાગત કર્યું.

**નટવર હેડાઉ**

# હત્યાના ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

પાટણ

પાટણમાં એક વર્ષ પૂર્વે એક શખ્સને માર મારીને તેની લાશને સીરવાડ સીમમાં બોર પાસે ફેંકી દેવા બાતે ચાર જણા સામે પાટણ શહેર બી ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી આ કેસમાં એક આરોપી એક વર્ષથી નાસતો ફરતો હતો, પાટણ એલસીબીએ બાતમીના આધારે સાંતલપુર હાઈવે પરથી ઝડપી પાડ્યો હતો.

પાટણ શ્રમજીવી વિસ્તારમાં રહેતા કનુભા કાન્તીજી ઝાલાને આરોપી કિરણ જોષી, દિનેશ જોષી, ભરત જોષી અને બળદેવ અમથાભાઈ રબારીએ ગત ૩૦ એપ્રિલ ૨૦૧૮ ના રોજ ઝઘડાની અદાવતમાં માર મારી મોતને ઘાટ ઉતારી તેની લાશને સીરવાડા સીમમાં બોર નજીક ફેંકી ફરાર થઈ ગયા હતા.

આ ગુનામાં દિનેશ જોષી, ભરત જોષી અને બાબુ જોષીની અટકાયત કરવામાં આવી હતી. જ્યારે કિરણ જોષી બળદેવ રબારી નાસતા ફરતા હતા. પાટણ એલસીબીએ બાતમીના આધારે બળદેવ રબારીને ઝડપી પાડ્યો હતો.

# શંખેશ્વર કોલેજમાં વૃક્ષારોપણ વૃક્ષજતન કાર્યક્રમ યોજાયો

શંખેશ્વર

શ્રી એન.એમ.શાહ આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ, શંખેશ્વરમાં પર્યાવરણ સંવાદ વૃક્ષારોપણ અને વૃક્ષ જતન વિષય પર પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કોલેજના આચાર્ય ર્ડા.રાજેશ ત્રિવેદીએ મહેમાનોને આવકારી "પર્યાવરણની શુધ્ધી અને પ્રદૂષણ નિયંત્રણ "વિષય પર પોતાના વિચારો રજૂ કર્યો. આ પ્રસંગે મુનિરાજ લલિતેશ વિજયજી મ.સા. તથા મુનિરાજ નયશેખરજી મ.સા.એ આર્શીવાદ આપી કાર્યક્રમને ખુલ્લો મૂક્યો. આ પ્રસંગે શંખેશ્વર તાલુકા ના પી.એસ.આઈ.આર.બી.વાઢિયા, અતિથિ વિશેક તરીકે ઉપસ્થિત રહ્યા હતા. શંખેશ્વર યુવા મોરચા ભાજપના અગ્રણી કૌશલ જોષીએ વિદ્યાર્થીઓને વૃક્ષ જતનની પ્રતિજ્ઞા લેવડાવી હતી. આ પ્રસંગે એન.એસ.એસ. ના સ્વયં સેવકોએ ૧૫૦ જેટલા વૃક્ષોરોપ્યા હતા. આ કાર્યક્રમમાં અધ્યક્ષીય સ્થાન ટ્રસ્ટી હરગોવિંદભાઈ શાહે શોભાવ્યું હતું. તથા પેઢીના મેનેજર બ્રિજેશભાઈ ભંડારી હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ર્ડા.મુળજીભાઈ પટેલે કર્યું તથા આભાર વિધી ર્ડા. રાજેશ રબારી એ કરી હતી.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| **પીલુડા** | | ઈસ. | ૧૩૦૦-૧૫૦૬ |
| જીરું | ૨૯૬૧ - ૩૫૩૧ | સુવા | ૧૦૬૯-૧૧૦૦ |
| રાયડો | ૭૨૦- ૭૫૦ | જીરૂ | ૨૮૮૦-૩૪૬૮ |
| એરંડા | ૮૧૫ - ૮૩૧ | રાજગરો | ૧૦૬૧-૧૨૦૩ |
| ઈસબગુલ | ૧૨૨૦ - ૧૫૫૧ | અજમો | ૭૫૩ |
| ચીકુડી | ૧૨૮૦ - ૧૪૦૧ | ચીકુડી | ૧૩૧૩-૧૩૭૧ |
| રજકો | ૨૦૫૦ - ૨૨૦૬ | ર.બાજરી | ૪૪૩-૪૯૦ |
| તલ | ૧૪૩૫ - ૧૪૩૫ | **થરા** | |
| બીજડા | ૧૦૦૧ - ૧૦૦૧ | જીરૂ | ૨૮૦૦-૩૬૮૫ |
| અજમો | ૧૦૫૦ - ૧૫૦૦ | એરંડા | ૮૧૫-૮૪૪ |
| બાજરી | ૨૫૦ - ૨૬૫ | ઘઉં | ૩૩૮-૩૭૦ |
| **ડીસા** | | બાજરી | ૨૩૦-૨૭૨ |
| ઘઉં | ૩૫૧-૩૭૦ | ગવાર | ૭૦૮-૭૪૦ |
| બાજરી | ૨૫૧-૨૭૬ | જુવાર | ૫૯૦-૮૪૧ |
| રાજગરો | ૧૦૭૫-૧૧૭૦ | રજકા બા. | ૪૮૦-૫૧૦ |
| મગફળી | ૭૦૦-૯૦૦ | **સિધ્ધપુર** | |
| એરંડા | ૮૧૫-૮૨૮ | રાયડો | ૬૭૭-૭૨૭ |
| રાયડો | ૭૧૧-૭૩૦ | એરંડા | ૮૦૦-૮૩૨ |
| **ભીલડી** | | અડદ | ૬૦૦-૭૭૫ |
| એરંડા | ૮૦૫-૮૨૩ | ગવાર | ૭૧૬-૭૬૦ |
| રાયડો | ૭૧૧ | ઘઉં | ૩૪૨-૪૧૦ |
| બાજરી | ૨૪૫-૨૫૮ | જુવાર | ૫૬૦-૯૩૦ |
| ઘઉં | ૩૩૨-૩૩૬ | બાજરી | ૨૦૫-૨૭૩ |
| ગવાર | ૭૦૦-૭૨૦ | **પાટણ** | |
| જુવાર | ૬૪૧ | જીરૂ | ૧૮૯૦-૩૪૧૪ |
| મગફળી | ૬૧૧-૮૫૫ | વરીયાળી | ૮૩૦-૧૫૭૧ |
| **નેનાવા** | | સુવા | ૯૦૦-૧૧૦૦ |
| તલ | ૧૬૦૦ | મેથી | ૪૦૦-૪૬૦ |
| બાજરી | ૨૬૨-૨૯૭ | રાયડો | ૬૭૦-૭૪૩ |
| રજકા બા. | ૪૯૭ | એરંડા | ૮૧૮-૮૩૩ |
| સુવા | ૯૦૧-૯૬૦ | અજમો | ૭૨૫-૧૨૭૬ |
| અજમો | ૧૧૫૧-૧૪૦૦ | ઘઉં | ૩૪૫-૩૯૮ |
| મેથી | ૫૩૬ | બાજરી | ૨૩૫-૨૭૧ |
| રાજગરો | ૭૫૨-૭૮૦ | રજકા બા. | ૪૦૦-૫૬૮ |
| તારામીરા | ૭૯૦ | ગવાર | ૭૦૦-૭૪૧ |
| જુવાર | ૬૦૧ | જુવાર | ૪૦૦-૧૧૦૦ |
| વરી. | ૧૦૦૦ | રજકો | ૧૫૦૦-૨૪૪૬ |
| એરંડા | ૮૨૦-૮૩૩ | ચીકુડી | ૧૩૨૫-૧૩૫૧ |
| રાયડો | ૭૧૫-૭૪૦ | અસાળીયો | ૭૫૦ |
| ગવાર | ૭૬૪-૭૬૦ | બંટી | ૩૪૯-૩૭૧ |
| અસાળીયો | ૭૫૫ | કુરી | ૫૫૦ |
| બીજડા | ૭૦૧ | **થરાદ** | |
| ચીકુડી | ૧૨૭૧-૧૪૬૦ | રાયડો | ૭૧૨-૭૫૩ |
| મગફળી | ૫૪૦-૬૦૦ | એરંડા | ૮૦૦-૮૩૧ |
| રજકો | ૧૭૦૦-૨૨૨૦ | બાજરી | ૨૫૦-૨૭૦ |
| ઈસ. | ૧૨૦૦-૧૫૩૦ | ચિકુડી | ૧૨૦૦-૧૪૦૦ |
| જીરૂ | ૨૮૦૦-૩૫૨૧ | ગવાર | ૭૧૦-૭૩૮ |
| **પાંથાવાડા** | | મેથી | ૫૫૦-૮૧૦ |
| ઘઉં - | ૩૦૧/- ૩૪૫/- | જીરુ | ૨૩૦૦-૩૫૦૦ |
| બાજરી - | ૨૫૦/- ૨૬૫/- | અજમો | ૧૦૦૦-૧૮૫૦ |
| ગવાર - | ૬૯૫/- ૭૨૦/- | ઈસબગુલ- | ૧૨૦૦-૧૫૨૦ |
| રાજગરો- | ૧૧૪૪/- ૧૧૭૧/- | રજકો | ૧૭૦૧-૨૪૦૦ |
| એરંડા- | ૮૨૦/- ૮૩૦/- | સોવા | ૧૧૦૦-૧૧૧૧ |
| મગફળી - | ૭૦૦/- ૮૪૪/- | વરીયાળી | ૧૩૫૦-૧૩૯૧ |
| **ધાનેરા** | | રજકાબાજરી | ૪૫૦ |
| ઘઉં | ૩૩૦-૩૪૫ | **રાહ** | |
| બાજરી | ૨૫૯-૨૮૦ | રાયડો | ૭૧૫-૭૪૦ |
| ચોળા | ૧૬૦૦ | એરંડા | ૮૨૫-૮૩૨ |
| ગવાર | ૭૦૯-૭૫૫ | બાજરી | ૨૪૦-૨૬૫ |
| રજકો | ૨૦૬૧-૨૪૦૦ | ચિકુડી | ૧૩૦૦-૧૪૦૦ |
| રાયડો | ૬૮૫-૭૪૫ | સોવા | ૯૮૦-૧૦૪૦ |
| એરંડા | ૮૧૦-૮૨૯ | | |

# ઊંઝામાં વેટ વિભાગે કરોડોની જી.એસ.ટી. ચોરી પકડી પાડી

ઊંઝા

ઉત્તર ગુજરાતમાં ઊંઝા, ઉનાવા સહિત અન્ય સ્થળોએ આવેલ ઑઈલ મિલો, વેપારીઓ, ટ્રાન્સપોર્ટરો પર રાજ્યના વેટ વિભાગના અધિકારીઓની ટીમે સઘન ચેકિંગ કરી, કરોડોની જી.એસ.ટી.ની ચોરી પકડી પાડી વાંધાજનક દસ્તાવેજો કબજે કરતાં વેપારી આલમમાં ફફડાટ ફેલાયો છે.

ઉત્તર ગુજરાતના ઊંઝા, ઉનાવા, સિધ્ધપુર, ગાગલાસણ, પાલનપુર, ડીસા વગેરે સ્થળોએ કેટલાક ઑઈલ મિલરો, વેપારીઓ કથિત ગેર-રીતિઓ આચરીને જી.એસ. ટી.ની ચોરી કરતા હોવાનું રાજ્યના વેટ વિભાગના અધિકારીઓને ધ્યાનમાં આવતા વેટ વિભાગના અધિકારીઓની ટીમે અચાનક આવા સ્થળોએ દરોડા પાડ્યા હતા. જેમાં તપાસ દરમિયાન કરોડોની જી.એસ.ટી.ની ચોરી પકડાઈ હોવાનું કહેવાય છે. દરોડા દરમિયાન, બેનામી વ્યવહારોના પુરાવા તેમજ વાંધાજનક દસ્તાવેજો મળી આવ્યા હતા.

જે જપ્ત કરવામાં આવ્યા હતા. કહે છે કે, બોગસ બિલોના માધ્યમથી આચરાયેલ ગેરરીતિઓ પણ પકડાયેલ છે. ઑઈલ મિલો પરના દરોડામાં લગભગ છ કરોડ રૂપિયાની વેટ વિભાગે વસૂલાત કરી હોવાનું કહેવાય છે. કહે છે કે, ઉત્તર ગુજરાતમાં ધિકતા વેપાર ધંધાઓ ચાલી રહ્યા છે ત્યારે વેટ વિભાગના અધિકારીઓ દ્વારા વધુ દરોડા પડાય તો જી.એસ.ટી.ની મોટી કરચોરી બહાર આવવાની શક્યતા છે.

# શંખેશ્વર કોલેજમાં પર્યાવરણ સંવાદ : વૃક્ષારોપણ અને વૃક્ષજતન કાર્યક્રમ યોજાયો

**દરેકે જીવનમાં એક વૃક્ષ વાવવું જોઈએ અને તેને બાળકની જેમ ઉછેરવું જોઈએ : પૂ.નયશેખર વિજયજી**



યશપાલસિંહ ટી.વાઘેલા

થરા

શંખેશ્વર મહાતીર્થે શ્રી એન.એમ.શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ શંખેશ્વરમાં પર્યાવરણ સંવાદ : વૃક્ષારોપણ અને વૃક્ષ જતન વિષય પર પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું જેમાં કોલેજના આચાર્ય ર્ડા. રાજેશ ત્રિવેદીએ મહેમાનોને આવકારી "પર્યાવરણની શુધ્ધી અને પ્રદુષણ નિયંત્રણ" વિષય પર પોતાના વિચારો રજૂ કર્યા. આ પ્રસંગે મુનિરાજ લલિતેશ વિજયજી મ.સા., તથા મુનિરાજ નયશેખર વિજયજી મ.સા.એ આશિર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે શંખેશ્વર તાલુકાના પી.એસ.આઈ. આર.બી. વાઢિયા, અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. શંખેશ્વર યુવા મોરચાના ભાજપના પ્રમુખ કૌશલ જોશીએ વિધાર્થીઓને વૃક્ષ જતનની પ્રતિજ્ઞા લેવડાવી હતી. આ કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને ટ્રસ્ટી હરગોવિંદભાઈ શાહે શોભાઈ હતું. તથા ૧૦૮ પેઢીના મેનેજર બ્રિજેશભાઈ ભંડારી હાજર રહ્યા હતા. આ પ્રસંગે એન.એસ.એસ.ના સ્વયં સેવકોએ ૧૫૦ જેટલા વૃક્ષો રોપ્યા હતા. સાથે કોલેજના શિક્ષક અને શિક્ષિકાઓ પણ ઉપસ્થિત રહેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ર્ડા.મુળજીભાઈ પટેલે કર્યું હતું. તથા આભારવિધિ ર્ડા.રાજેશભાઈ રબારી એ કર્યું હતું. આ પર્યાવરણ સંવાદ કાર્યક્રમમાં કોલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં બાળક-બાળીકાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઉનાવા (મીરાં દાતાર) ગામે સમાજ વિરોધી પ્રવૃત્તિઓને નેસ્તનાબૂદ કરવામાં પોલીસ નિષ્ફળ

ઉંઝા

ઉંઝા નજીકના યાત્રા સ્થળ ઉનાવા (મીરાં દાતાર) ગામે પોલીસ તંત્રની નિષ્ક્રિયતાના પરિણામે સમાજ વિરોધી પ્રવૃત્તિઓ,-નેસ્ત નાબૂદ કરવામાં તંત્ર નિષ્ફળ નિવડતા કાયદો વ્યવસ્થાની સ્થિતિ કથળી છે.

અંદાજે ૨૦ હજારની વસતી ધરાવતા ઉનાવા (મીરાં દાતાર) ગામે છેલ્લા ત્રણેક વર્ષથી પોલીસ તંત્ર કાર્યરત થયેલ છે. પરંતુ કાયદો-વ્યવસ્થાની જાળવણી અને પ્રજાના જાનમાલના રક્ષણ માટે જે કાયદાકીય પગલાં લેવાવા જોઈએ તે લેવાતા નથી. પરિણામે યાત્રા સ્થળમાં દારૂ, જુગાર, કેફી પદાર્થોનું ધૂમ વેચાણ અને અસામાજીક પ્રવૃત્તિઓ ધમધોકાર ચાલે છે.

પોલીસ દ્વારા અવાર નવાર દરોડા પાડવામાં આવે છે પરંતુ સમાજ વિરોધી બદીઓ બંધ થાય તે દિશામાં કોઈ જ અસરકારક પગલા લેવાતા નથી.આ વિસ્તારમાં મિલ્કત વિરૂધ્ધના જે ગુનાઓ નોધાયા છે તે પૈકીના મોટા ભાગના ગુનાઓનો ભેદ આજદિન સુધી વણ ઉકલ્યો રહ્યો છે. ગાંધીના ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં અત્રે દેશી દારૂ ગાળવાની-વેચવાની અને પીવાની પ્રવૃત્તિ બેરોક-ટોક ચાલી રહી હોવાનું ચર્ચાય છે.જયારે ઉનાવામાં ટ્રાફિકની વિકટ સમસ્યાને હલ કરવા માટે પોલીસ તંત્ર દ્વારા પગલા લેવાતાં નથી. નાઈટ પેટ્રોલીંગ યોગ્ય રીતે થતું જ નથી. હાઈ-વે પર વાહન ચેકીંગના નામે વાહન ચાલકોને કનડગત કરીને નાણાં પડાવવામાં આવતા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

# વારાહીમાં આજે રઘુવંશી દેશી લોહાણા સમાજની બેઠક મળશે

રાધનપુર

વારાહી ધામમાં આજથી ચાલીસ વર્ષ પહેલા રઘુવંશી દેશી લોહાણા સમાજના સાતસો જેટલા કુટુંબો વસતા હતા,અને વારાહી પરગણા રઘુવંશી દેશી લોહાણા મહાજન લખાતું અને બોલાતું હતું,આજે આ કુટુંબોમાંથી મોટાભાગના કુટુંબો રાધનપુર, પાટણ, મેહસાણા, અમદાવાદ, સાબરકાંઠા ,કચ્છ, સૌરાષ્ટ્ર, મુંબઈ અને પરદેશમાં જઈને વસ્યા છે.વારાહીમાં સમાજની વાડી હતી તે અનુકૂળ ના હોવાથી પોલીસ સ્ટેશન રોડ ઉપર ગાયત્રી મંદિરની બાજુમાં વિપુલભાઈ અને પિયુષભાઈ વલ્લભભાઈ પ્રાગજીભાઈ અખાણી પરીવારે જમીન આપતા આ જગ્યામાં વિશાળ અને અદ્યતન વાડી બનાવવાના આયોજન માટે રવિવારે સમાજના મોભીઓની એક ખાસ બેઠક આશાપુરા માતાજીના મંદિરના પ્રાંગણમાં મળશે,જેમાં દૂર-દૂરથી સમાજના મોભીઓ હાજર રહેશે.

# રાધનપુર તાલુકાની ઓધવનગર શાળાના ભુલકાઓને ખારેકનો નાસ્તો અપાયો



કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુર તાલુકાના ઓધવનગર વાડી વિસ્તાર પ્રાથમિક શાળાના ભુલકાઓને વિસનગર તાલુકાના વડનગરના ગોવિંદભાઈ જોઈતારામ ત્રિવેદી તરફથી આ વિસ્તારની પ્રખ્યાત અને પૌષ્ટિક એવી ખારેકનો નાસ્તો કરાવવામાં આવ્યો હતો,

તમામ બાળકોને ૧૦ કિલો ખારેક લાવીને ભરપેટ નાસ્તો કરાવતા બાળકો પણ ખુશખુશાલ થઈ જવા પામ્યા હતા. આ પ્રસંગે શાળાના આચાર્ય ધરમસિંહભાઈ નાયીએ આભાર વ્યક્ત કર્યો હતો

# પાટણમાં જગન્નાથજીની ૧૩૬ મી રથયાત્રા માટે તડામાર તૈયારીઓનો પ્રારંભ

પાટણ

પાટણમાં નિકળનારી ભગવાન જગન્નાથની રથયાત્રાને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે રથયાત્રા સમિતિ અને જગન્નાથ મંદિર ટ્રસ્ટ દ્વારા રથયાત્રાને લઈને તડામાર તૈયારીઓ ચાલી રહી છે. અને શહેરના વિવિધ વિસ્તારોમાં શણગાર વગેરે પ્રવૃત્તિ હાથ ધરાઈ છે.

ભારત દેશમાં ત્રીજા નંબરની અને ગુજરાતમાં બીજા નંબરની જગન્નાથજીની ૧૩૬ મી રથયાત્રા આગામી અષાઢી બીજને તા.૧૪/૭/૧૮ ના રોજ ભવ્ય રીતે નિકળશે અને સમગ્ર શહેરને ભગવાન જગન્નાથમય બનાવી દેવા માટે રથયાત્રા સમિતિ અને જગદીશ મંદિર ટ્રસ્ટ દ્વારા તૈયારીઓનો દોર શરૂ થઈ ચુક્યો છે.શહેરના રથયાત્રાના માર્ગો પર રંગબેરંગી ધજા-પતાકાઓ લગાવવામાં આવી રહ્યા છે, તો બીજી તરફ રથયાત્રામાં ભાવિક ભક્તો માટે મગ- ચણાના પ્રસાદને પણ વીણીને સાફ કરવાની કામગીરી મંદિર પરિસરમાં ચાલી રહી છે.

ચાલુ વર્ષે ૬૦૦ મણ પ્રસાદનો ઉપયોગ થશે. ભગવાન જગન્નાથ, ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાજીના ત્રણે રથોને વાજતે ગાજતે મંદિર પરિસરમાં લાવીને તેની સાફસફાઈ કરવામાં આવી હતી. ભગવાન માટે નવા વાઘા માટે બનારસથી ૩૨ મીટર રેશમનું કાપડ લાવવામાં આવ્યું છે. તેનાથી ભગવાનના નવા વાઘા બનાવવાની કામગીરી શરૂ થઈ ચુકી છે.અષાઢ સુદ એકમના દિવસે ભગવાન જગન્નાથને કેસરી અને જાંબલી રંગના ઝરીયલ જામાના વાઘા તથા બીજના દિવસે રામ ખંડના વાઘાથી સજ્જ કરવામાં આવશે. રથયાત્રા દરમ્યાન પોલીસ ખડેપગે ફરજ બજાવશે.

**પ્રયોગશીલ કૃષકનો નવતર પ્રયોગ**

# વઢિયાર પંથકમાં મીલીયા ડુબીયા (મલબારી લીમડા)ના વાવેતરનો સફળ પ્રોજેક્ટ

પાટણ

ભારત સહિત વિશ્વના દેશોમાં ગ્લોબલ વૉર્મિંગે અજગરી ભરડો લીધો છે. જેનું મુખ્ય કારણ વૃક્ષોનું છેદન છે. ભારત દેશ પણ વધુને વધુ વૃક્ષોનું વનીકરણ થાય તે પ્રકારનું આયોજન કરી રહ્યું છે. ગુજરાત રાજ્ય પણ વ્રુક્ષોના ઉછેર માટે ઝુંબેશ ઉપાડી છે. જિલ્લા કલેકટરશ્રીના રાહબર હેઠળ પાટણ જિલ્લામાં પણ વૃક્ષોનું વનીકરણ થાય, રણ વિસ્તાર અટકે, વધુ વરસાદ થાય તે માટે અધિકારીઓ દ્વારા ખેતરના સેઢા-પાળા ઉપર વૃક્ષોનું વાવેતર કરવા પ્રોત્સાહિત કરવા જણાવ્યું છે. પાટણ જિલ્લાના શંખેશ્વર તાલુકાના કુંવારદ ગામના ખેડૂત રાજુભાઈ જાદવે આ હાકલને નવતર પ્રયોગ દ્વારા સફળ બનાવવા પોતાના ખેતરમાં મીલીયા ડુબીયા (મલબારી લીમડા)ના ૧૦૦૦ રોપાઓનું વાવેતર કરેલ છે.

ગુજરાતમાં સજીવ ખેતીના વ્યાપને વધારવા માટે ખેડૂત જાગૃતિ અભિયાન સક્રિય બન્યું છે. રાજ્યમાં સામાજિક વનીકરણ વિભાગની વિવિધ યોજનાઓ અંતર્ગત ખેડૂતો વૃક્ષ ખેતી તરફ પ્રોત્સાહીત બની વધુ આવક મેળવતા થયા છે.

માહિતી બ્યુરો, પાટણની ટીમે કુંવારદ ગામના રાજુભાઈ જાદવે વાવેતર કરેલ મીલીયા ડુબીયારોપાના ખેતરની મુલાકાત લીધી હતી. રાજુભાઈ જાદવે જણાવ્યું હતું કે, મુજપુર ખાતે ખેડૂતોની શિબિરમાં મીલીયા ડુબીયાના વૃક્ષો ઉપર માર્ગદર્શન મળેલ. જેનાથી ૧ હેકટરમાં ૧૦૦૦ રોપાઓનું વાવેતર કર્યું છે.રોપાઓ લુણાવાડા માનસી બાયો વર્મીટિક પાસેથી મેળવ્યા હતા. તેમના માર્ગદર્શન હેઠળ રોપાનો ઉછેર એક વર્ષમાં ૮ થી ૧૦ફૂટનો થાય છે. મલબારી લીમડો ૮ થી ૧૦ વર્ષમાં વૃક્ષ તરીકે તૈયાર થઇ જાય છે.આ લાકડાનો ઉપયોગ ફર્નિચર તેમજ પ્લાયવુડ બનાવવામાં થાય છે. માવજત મુજબ પ્રતિ હેકટરે રૂ. ૧૫ થી ૨૦ લાખ સુધીની આવક થાય છે.રૂ. ૬,૦૦૦/-ના ભાવે પ્રતિ ટન લાકડું વેચાય છે. કાપણી બાદ ફરીથી નવી ડાળખીઓ ફુટે છે. એક વૃક્ષનું૪૦ થી ૬૦ મણ લાકડું ઉપજે છે.આ રોપાને પ્રાણીઓ ખાઈ જવાનો ભય રહેતો નથી.ઉધેવ પણ આવતી નથી. આંતર પાક તરીકે કઠોળ ચણા લેવાય છે. તેની પણ સારી એવી ઉપજ થાય છે. આ ખેતી ઘણી જ સસ્તી છે અને આવકનું પ્રમાણ પણ સારું છે. શંખેશ્વર તાલુકાના આજુબાજુના ગામોના ખેડૂતોએ૧૦ હજાર જેટલા રોપાઓનું વાવેતર કર્યું છે. રાજુભાઈ જાદવના ખેતરમાં વાવેલ મીલીયા ડુબીયા(મલબારી લીમડા)ની ખેતી જોવા માટે ઘણા ખેડૂતો આવે છે. તેમને જરૂરી માર્ગદર્શન આપે છે અને મીલીયા ડુબીયાની ખેતી કરવા માટે પ્રોત્સાહિત કરે છે.

**સંપાદન- ડી.પી.પટેલ**

# સમીની છાત્રાલય અને આશ્રમ શાળાને બે વર્ષથી ગ્રાન્ટ ન ચૂકવાતા હાલાકી

પાટણ

પાટણ જિલ્લા નાયબ નિયામક (અનુસુચિત જાતિ-કલ્યાણ) દ્વારા સમી તાલુકાની એક સંસ્થા સંચાલિત છાત્રાલય અને આશ્રમ શાળાના વિદ્યાર્થીઓની ગ્રાન્ટો બે વર્ષથી માંડ ચૂકવાતા સંસ્થાના વયોવૃધ્ધ સંચાલકને ભૂખ હડતાળ કરવી પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.

સમી તાલુકાના સેવા સંઘ સંચાલિત છાત્રાલય અને આશ્રમ શાળાઓના વિદ્યાર્થીઓની ભોજન ગ્રાન્ટ (નિભાવ ગ્રાન્ટ) તથા અન્ય ગ્રાન્ટ છેલ્લા બે વર્ષથી ચુકવવામાં નહિ આવતા સંસ્થામાં ગંભીર કટોકટી સર્જાઈ હોવાથી પાટણ જીલ્લા અનુસુચિત જાતિ કલ્યાણ કચેરીના નાયબ નિયામક દ્વારા જો બાકી રહેલી ગ્રાન્ટ ઝડપથી ચુકવવામાં નહિં આવે તો તેમની વિરૂધ્ધમાં સંસ્થાના સંચાલકે ભૂખ હડતાલ પર ઉતરવાની કલેક્ટરને રજુઆત કરી છે. સમી તાલુકાના સેવા સંઘના સંચાલક પ્રેમચંદ પરમારે એક યાદીમાં જણાવ્યું છે કે સમી જેવા પછાત વિસ્તારમાં બે છાત્રાલયો અને બે શાળાનું સંચાલન કરે છે

વિદ્યાર્થીઓની નિભાવ ગ્રાન્ટ દર ત્રણ માસે ચુકવવાનો નિયમ છે. તેમ છતાં છેલ્લા બે વર્ષથી વિદ્યાર્થીઓની ભોજન ગ્રાન્ટ તથા કર્મચારીઓની વેતન ગ્રાન્ટ તેમજ નિરીક્ષણ ગ્રાન્ટ ચુકવાતી નથી, જો કે છેલ્લે રજુઆત કરાતા નિયામક તેમજ પાટણ જિલ્લા કલેક્ટર પાટણ જિલ્લા નાયબ નિયામકને ગ્રાન્ટ ચુકવવા આદેશ કર્યો હોવાનું જાણવા મળે છે.

# રાધનપુરની શ્રી બી.જે.ગઢવી બી.એડ્.કોલેજમાં સ્વામી વિવેકાનંદની પુણ્યતિથિ ઉજવાઈ



રાધનપુર

રાધનપુર શ્રી કરણી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી બી.જે.ગઢવી બી.એડ. કૉલેજમાં સ્વામી વિવેકાનંદની પુણ્યતિથિ ઉજવવામાં આવી. જેમાં સૌપ્રથમ સ્વામીજીના જન્મ અને બાળપણ વિશે કોલેજના પ્રશિક્ષણાર્થી ઠાકોર અલ્કાએ રજુઆત કરી હતી. ત્યારબાદ શિકોગાની ધર્મ પરિષદ રાઠોડ જલ્પાએ અંગ્રેજીમાં વક્તવ્ય આપ્યું હતું. સ્વામી વિવેકાનંદના પ્રવાસ અનુભવો વિશે પંચાલ ભારતીએ વક્તવ્ય આપ્યું હતું. ત્યારબાદ સ્વામીજીના પ્રેરક પ્રસંગો વિશે ઠાકોર હરેશે અને સ્વામી વિવેકાનંદનું સમગ્ર જીવન વૃતાંત વિશે ચૌધરી દેવીબેને પીપીટી પ્રેઝન્ટેશન કર્યું હતું. કોલેજના ગ્રંથપાલ રામજીભાઈએ પણ સ્વામીજીના પ્રેરક પ્રસંગોમાંથી એક દૃષ્ટાંત ટાંક્યું હતું. આ પ્રસંગે કોલેજના આચાર્ય ડૉ. મનીષાબેન વ્યાસે કાર્યક્રમને બિરદાવ્યો હતો અને આ દિને સ્વામીજીને યાદ કરીને તેમના વિચારોને શિક્ષણમાં અપનાવવા અપીલ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું ઍંકરિંગ ખત્રી ધારાએ કર્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન કોલેજના પ્રા. શૈલેષભાઈ યોગીએ કર્યું હતું. અંતે આભારવિધિ પ્રા. દિલીપભાઈ પ્રજાપતિએ કરી હતી. કૉલેજના સ્ટાફમિત્રો સ્નેહલબેન કાપડિયા, જીગ્નાબેન ઠક્કર, રામજીભાઈ ચૌધરી, ભરતભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતા.

# કાણોદર ગ્રામપંચાયતના પાંચ સભ્યોનાં રાજીનામાં

**૨૦ વર્ષથી ગટરનું કામ અધ્ધરતાલ રહેતાં ગ્રામ પંચાયતના ૫ સભ્યોએ રાજીનામા ધર્યા**

પાલનપુર

પાલનપુર તાલુકાના કાણોદર ગામ ના ઈન્દીરાનગર વિસ્તારમાં ગટર લાઈન ન હોવાના કારણે ચોમાસામાં ગંદુ પાણી ભરાઈ જાય છે. જ્યાં ભયંકર રોગચાળો પ્રસરવાની દહેશત વચ્ચે ગટર લાઈન નાંખવા તેમજ સફાઈ કરવા માટે વારંવાર રજૂઆતો કરવા છતાં ગ્રામપંચાયત દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં આવતી નથી. આ મુદ્દે શનિવારે રહીશોએ હોબાળો મચાવ્યો હતો. અને ગ્રામપંચાયતના સભ્યો સામે રજુઆત કરતાં આ સભ્યો સરપંચ સમક્ષ ગયા હતા. પરંતુ સરપંચ દ્વારા ધ્યાન ન અપાતા પાંચેય સભ્યો પાલનપુર તાલુકા પંચાયત ખાતે દોડી આવી પોતાના હોદ્દા ઉપરથી રાજીનામાં ધરી દેતા ભારે ચકચાર મચી જવા પામી છે. પાલનપુર તાલુકાના કાણોદર ગામમાં ગ્રામપંચાયત દ્વારા વિકાસના કામો થઈ રહ્યા છે. પણ ગામના છેવાડાના વિસ્તારોમાં જાણે વ્હાલા દવાલાની નિતી અપનાવવામાં આવી છે. જ્યાં ઈન્દિરાનગર વિસ્તાર તો ગ્રામપંચાયતના તાબામાં આવતો જ ન હોય તે હદે રહીશો સાથે ભેદભાવ રાખવામાં આવી રહ્યો છે. સમગ્ર ગામમાં વિકાસના કામો અંતર્ગત ગટર લાઈન નાખવામાં આવી છે. પરંતુ ઈન્દીરાનગર વિસ્તારમાં ગટર લાઈન ન હોવાના કારણે ચોમાસામાં ગંદા પાણી ભરાઈ જાય છે. જ્યાં ભયંકર રોગચાળો પ્રસરવાની દહેશત રહે છે.


સંજય જોષી

આ સ્થળે ગટર લાઈન નાંખવા તેમજ સફાઈ કરવા માટે વારંવાર રજૂઆતો કરવા છતાં ગ્રામપંચાયત દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં આવતી નથી. આ મુદ્દે શનિવારે રહીશોએ હોબાળો મચાવ્યો હતો. અને ગ્રામપંચાયતના સભ્યો સામે રજુઆત કરતાં આ સભ્યો સરપંચ સમક્ષ ગયા હતા. પરંતુ સરપંચ દ્વારા ધ્યાન ન અપાતા પાંચેય સભ્યો પાલનપુર તાલુકા પંચાયત ખાતે દોડી આવી પોતાના હોદ્દા ઉપરથી રાજીનામાં ધરી દેતા ભારે ચકચાર મચી જવા પામી છે.

**રાજીનામુ આપનારા સભ્યો**

૧.પેથાભાઈ બેચરભાઈ રાઠોડ
૨.પનીબેન પરસોત્તમભાઈ ચાવડા
૩.કમલેશભાઈ નરોત્તમભાઈ પંચાલ
૪.અર્જુનજી ગોડાજી ઠાકોર
૫.વિજય ચમનજી માજીરાણા.

**નાના ભૂલકાઓનો શુ વાંક ?**

આ અંગે ગ્રામ પંચાયત સભ્ય પનીબહેનએ જણાવ્યું હતુ કે, ખુલ્લી ગટરમાં ગંદુ પાણી વહી રહ્યું છે. આ ગટર લાઈનની બાજુમાં પ્રાથમિક શાળા નંબર ૩ આવેલી છે. જ્યાં ભારે બદબુથી નાના બાળકો ભયાનક રોગચાળાનો ભોગ બને તેવી દહેશત છે. વળી ચોમાસામાં અહીયા ગટરના ગંદા પાણી ભરાઈ રહેતા રહીશો ત્રાહિમામ પોકારી જાય છે. વારંવાર રજૂઆતો કરવા છતાં સરપંચ દ્વારા અમારો અવાજ સાંભળવામાં આવતો નથી. એટલે નાછૂટકે અમો ૫ સભ્યો રાજીનામું આપ્યું છે.

# વહીવટી તંત્ર વધુ લોકભિમુખ બની પ્રજાકીય પ્રશ્નોનું ઝડપી નિરાકરણ કરે : મંત્રી પરબતભાઇ પટેલ

**ગાંધીનગર અને કલોલ ખાતે પ્રાંત કક્ષાએ જિલ્લાના પ્રશ્નો અંગે સમીક્ષા બેઠક યોજાઇ**

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાની ગાંધીનગર અને કલોલ પ્રાંત કક્ષાની બેઠકને સંબોધતા ગાંધીનગર જિલ્લા પ્રભારી અને પાણી પુરવઠા અને જળ સંપતિ રાજ્ય મંત્રી પરબતભાઈ પટેલે જણાવ્યું હતું કે વિવિધ વિકાસલક્ષી યોજનાઓનું અસરકારક અમલીકરણ થાય તથા જિલ્લા વહીવટી તંત્ર વધુ લોકાભિમુખ બનીને પ્રજા સુધી ત્વરીત લાભો આપીને પ્રજાના પ્રશ્નોનું ઝડપી નિવારણ થવુ જોઈએ. ગાંધીનગર ખાતે અને કલોલ ખાતે યોજાયેલ સમીક્ષા બેઠકમાં મંત્રી પરબતભાઈ પટેલે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ અને તેના



પ્રજાને મળેલ લાભો તથા ઉપલબ્ધિઓથી વિકાસ કાર્યોને વધુ વેગ મળયો છે. વહીવટી અડચણો ઝડપથી દૂર થાય અને વિકાસલક્ષી કાર્યોથી પ્રજાને આત્મસંતોષ થાય તે પ્રમાણે કાર્યપ્રણાલીમાં ઝડપ લાવી સમય મર્યાદામાં ગરીબલક્ષી સહાય યોજનાનાં લાભો પ્રત્યેક જરૂરત મંદ લોકોને પ્રાપ્ત થાય તે દિશામાં કાર્યો હાથ ધરવા જોઈએ. વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીથી દેશની ઈમેજ વધી છે. ખેડૂતોને પાકોનાં ટેકાના ભાવ, પાક વીમો, પ્રધાનમંત્રી આવાસ યોજના, પેન્શન યોજના સહિત એ.ટી.વી.ટી. અને જિલ્લા આયોજન મંડળના હાથ ધરાયેલા વિકાસ કામોના અમલીકરણ અંગે સમીક્ષા કરી હતી. જિલ્લા કલેકટર એસ.કે. લાંગાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતુ કે વિવિધ વિકાસ કાર્યક્રમોમાં લોક ભાગીદારીથી જ શ્રેષ્ઠ પરિણામો હાંસલ થાય છે. ગાંધીનગરમાં તાલુકા કક્ષાએ અને દરેક સમાજને સ્પર્શતા પ્રશ્રનોની સમીક્ષા કરીને રાજય સરકારનાં લાભો પ્રજાને ઝડપભેર મળે તેવા પ્રયાસો કરાશે.

જિલ્લા પ્રભારી મંત્રી પરબતભાઈ પટેલે જિલ્લા વિકાસ અધીકારી હીતેષ કોયા, મ્યુનીસીપલ કમિશ્નર એસ.એલ. અમરાણી, જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંહ યાદવ સાથે બેઠક કરી હતી. પ્રાંત કક્ષાની ગાંધીનગર અને કલોલ ખાતે યોજાયેલ બેઠકમાં ધારાસભ્ય શંભુજી ઠાકોર, બલરાજસિંહ ચૌહાણ, તાલુકા પંચાયતનાં પ્રમુખઓ અને હોદ્દેદારો ઉપસ્થિત રહયાં હતાં. કલોલ ખાતે યોજાયેલ સમીક્ષા બેઠકમાં સાંસદ

અનુસંધાન પાના નં.૬

# બાપલા ગામની સીમમાંથી વિદેશી દારૂ ભરેલી કાર સાથે બે ઝડપાયા

પાંથાવાડા

પાંથાવાડા પોલીસ મથકના સૂત્રોના જણાવ્યા અનુસાર સમગ્ર રાજ્યમાં દારૂની બદીને ડામવા માટે રાજ્ય પોલીસ વડાએ કરેલા આદેશના પગલે શનિવારે બપોરે પાંથાવાડા પી.એસ.આઈ.પોતાના સ્ટાફ સાથે પેટ્રોલિંગમાં હતા.બાપલા નજીક નાકા બંધી કરતા સામેથી આવતી હોન્ડા સીટી કાર નંબર-જીજે-૧૮-એએ-૭૫૫૧ને થોભાવી તેની તલાસી લેતા અંદરથી રૂ!૪૭,૨૦૦ના કિંમતની


દિનેશ ત્રિવેદી

વિદેશી દારૂ બિયરની બોટલ નંગ-૪૭૨,રૂ!૫૦૦ના કિંમતનો મોબાઈલ નંગ-૧ તથા રૂ! બે લાખની હોન્ડા સીટી કાર મળી કુલ રૂ!૨,૪૭,૭૦૦ના મુદ્દામાલ સાથે ડીસાના માર્કેટની બાજુમાં આવેલ ગુરૂ ગ્રીન સોસાયટીમાં રહેતા કારના ચાલક

અનુસંધાન પાના નં.૬

# મગરવાડા નજીક જીપ અને છકડો રીક્ષા વચ્ચે અકસ્માત : આઠને ઈજા


પુષ્કર ગોસ્વામી

તા પ્રતિ. વડગામ

ગતરોજ શનિવાર બપોરે વડગામ ના મગરવાડાની સીમમાં છાપી-વડગામ રોડ ઉપર છાપી તરફથી પેસેન્જર ભરેલી કમાન્ડરજીપ વડગામ તરફ રનીગમા હતી ત્યારે સામેથી છાપી તરફ જતૈ રીકસાછકડાએ ટક્કર મારતાં કમાન્ડરજીપે પલ્ટી મારતાં આઠ પેસેન્જરોને ઈજાઓ થતાં ખાનગી વાહન દ્વારા વડગામ રેફરલ હોસ્પિટલમાં રીફર કરતાં મેડિકલ ઓફીસર ડૉ.અનિલ ભાઈ ડાભી એ સારવાર કરી બે દરદીઓને વધુ સારવાર માટે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં રીફર કર્યો હતા.

જેમાં ઈજાગ્રસ્તોમાં અશોક ભાઈ શર્મા, વડગામ ૨.સોમાભાઈ મણા ભાઈ રબારી, દુધવા તા.થરાદ ૩.રઘાભાઈ મણાભાઈ રબારી, લિંબુહણી તા.થરાદ ૪.શારદા બેન રામાભાઈ કંકોડીયા, મગરવાડા ૫.ગલબાજી સેધાજી ઠાકોર, નાનોસણા ૬.જગ્નેશ પુરબીયા, વડગામ ૭.સુલતાનભાઈ જમાલભાઈ વરાળીયા, બાદરગઢ ૮.શીવરામભાઈ મણાભાઈ મેજીયાતરનો સમાવેશ થાય છે.

# રવીયાણામાં ઓઈલ કંપનીના એકમથી અસરગ્રસ્ત ખેડુતોને કરોડોનું નુકશાન

**વરસાદી પાણીનું વહેણ બંધ કરાતા પાણી ખેતરો મકાનોમાં ફરી વળે છે**

પ્રતિનીધી શિહોરી રવીયાણા

કાંકરેજ તાલુકાના રવીયાણા ગામે આવેલ મુન્દ્રા ભટિન્ડા ક્રૂડ ઓઈલ પાઈપ લાઈનના પોઈન્ટ (એકમ) ની ઊંચી દીવાલથી ચોમાસામાં પાણીનો નિકાલ ના થતા ખેડૂતોને ખેતી પાકમાં કરોડોનું નુકસાન થાય છે અને કંપનીના વિશાળગેટ અને લાંબી દીવાલ ના કારણે દર ચોમાસે ૫૦થી ૬૦ ખેડૂતોના ખેતરો અને રહેણાક મકાનોમાં પાણી ભરાઈ જાય છે તેવી


વિજય સીલ્વા, મહાદેવ પરમાર

ગામલોકોએ ઉચ્ચકક્ષાએ રજુઆત કરી છે. કાંકરેજ તાલુકાના રવિયાણા ગામે મુન્દ્રા ભટિન્ડા ક્રૂડ ઓઈલ પાઈપ લાઈનનો પોઈન્ટ એકમ મુકવામાં આવ્યો છે તે એકમના કારણે મોટું નુકસાન થઈ રહ્યું છે પરંતુ મિત્તલ કંપની કે અધિકારીઓ કોઈ ખેડૂત ની રજુઆત ને ધ્યાને લેતા નથી, આ બાબતે ગામ લોકોએ

અનુસંધાન પાના નં.૬

# વડાલીમાં હિન્દુ યુવતિને લઘુમતિ સમાજનો યુવક ભગાડી જતાં હોબાળો

**વિવિધ હિન્દુ સંગઠનોએ બજારો બંધ કરાવી પોલીસને આવેદનપત્ર આપ્યું**

પ્રતિ. વડાલી

સાબરકાંઠા જીલ્લાના વડાલી શહેરની હિન્દુ જૈન સમાજની યુવતિને લઘુમતિ સમાજનો એક જીપ ચાલક યુવક લગ્નની લાલચે ભગાડી જતાં હોબાળો મચી જવા પામ્યો છે.શહેરના વિવિધ હિન્દુ સંગઠનોએ કથિત લવ જેહાદના



નરેન્દ્રસિંહ રાઠોડ

મામલે બજારો બંધ કરાવી રેલી કાઢી પોલીસ મથકે જઈ યુવતિને પરત લાવવા તેમજ યુવકને ઝડપી લેવા આવેદનપત્ર પાઠવ્યું હતું.

અનુસંધાન પાના નં.૬

# રાધનપુરમાં પાલિકા સદસ્યો દ્વારા પાણી પુરવઠા કચેરીને તાળાં મારવાની ચીમકી

**૧૫ દિવસથી પાણી ના અપાતાં કોર્પોરેટરો વિફર્યા : શહેરના લોકો પાણી વિના ત્રાહિમામ પોકારી ગયા છે**

રાધનપુર

રાધનપુર પાલિકાને પાણીપુરવઠા વિભાગ દ્વારા દરરોજ ૪૦ લાખ લીટર પાણી આપવામાં આવતું હતું,જે પાલિકાના બોરના પાણી સાથે મિક્ષ કરીને લોકોને પીવાનું પાણી પાલિકા દ્વારા પૂરું પાડવામાં આવતું હતું,પરંતુ છેલ્લા પંદર દિવસથી નર્મદા યોજનાની કેનાલ સફાઈ અને રીપેર કરવાના બહાના હેઠળ પાલિકાને પાણી આપવાનું બંધ કરવામાં આવતા લોકો પાણી વિના ત્રાહિમામ પોકારી ગયા


કમલ ચક્રવર્તી

હતા,અને ચારે બાજુ પાણીનો કકળાટ વ્યાપી જવા પામ્યો હતો.સત્તાધીશ પાલિકાના કોંગ્રેસના કોર્પોરેટરોએ લોકોને જવાબ આપવાના ભારે થઈ પડ્યા એટલે વિફર્યા હતા,અને શનિવારે સવારે સાડા દસ વાગ્યાના સુમારે ચારથી પાંચ ગાડીઓ ભરીને કાંકરેજ તાલુકાના રાણકપુર જઈને પાણીપુરવઠા અને નર્મદા યોજનાના અધિકારીઓ સમક્ષ હૈયાવરાળ કાઢીને જો સોમવાર સુધી પાણી આપવામાં નહિ આવે તો રાધનપુરની પાણીપુરવઠા કચેરીને તાળાબંધી કરવાની ચીમકી પણ ઉચ્ચારી હતી,જેથી શનિવારે સાંજે ચાર વાગ્યાથી પાણી આપવા અધિકારીઓ માની ગયા હતા. છેલ્લા પંદર દિવસથી પાણીપુરવઠા

અનુસંધાન પાના નં.૬

## કેનાલ રીપેરીંગ તો બહાનું છે

પાલિકાના કારોબારી ચેરમેન કાનજીભાઈ ડી.પરમારના જણાવ્યા મુજબ નર્મદા કેનાલ રીપેરીંગ તો એક બહાનું છે,આ તો ધારાસભ્ય અલ્પેશ ઠાકોરનો મતવિસ્તાર હોવાથી જાણીજોઈને પાણી બંધ કરવામાં આવ્યું છે,જો તે ચાલુ કરવામાં નહિ આવે તો સોમવારે પાણીપુરવઠા કચેરીને તાળાબંધી કરવામાં આવશે અને ઉપવાસ આંદોલન પણ કરવામાં આવશે.

## બોરની ચાવી અમને આપી દેવાઈ છે

પાલિકાના સેનીટેશન વિભાગના ચેરમેન હરદાસભાઈ આહિરના જણાવ્યા મુજબ પાણીપુરવઠા વિભાગ દ્વારા જાણીજોઈને પાણી આપવાનું બંધ કરવામાં આવ્યું હોવાથી લોકો પાણી વિના વલખા મારી રહ્યા છે.અધિકારીઓને રજુઆત કર્યા બાદ પાલિકાને જે બોર ઉપરથી પાણી પૂરૂં પાડવામાં આવે છે તે ચામુંડા સોસાયટી પાસેના બોરની ચાવી અમને સોંપી દેવામાં આવી છે.અને શનિવારે સાંજે ચાર વાગ્યાથી પાણી આપવાનું ચાલુ કરવામાં આવશે.

**શ્રદ્ધાંજલિ**


ચૌધરી જગમાલભાઈ નાગજીભાઈ
સ્વ.તા. ૦૬/૦૭/૨૦૧૮

સુમન કરમાય અને સૌરભ રહી જાય,
જીવન વહી જાય અને નામ રહી જાય,
સ્વજન મટીને સ્વ.જન થઈ ગયા
અંતરમાં વસીને અંતર પાડી ગયા.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ
અર્પે એજ અભ્યર્થના...

સદગતનું બેસણુ સમાજના રિતરિવાજ પ્રમાણે તારીખ ૦૯/૦૭/૦૧૮ ને સોમવારે રાખેલ છે. મુ.ગેળા, તા. લાખણી

લિ.
બાબરાભાઈ નરસુંગભાઈ ચૌધરી
(પૂર્વ ચેરમેન, શિક્ષણ સમિતિ - બ.કાં.)
ભેમાભાઈ નરસુંગભાઈ ચૌધરી
ભાવેશભાઈ બાબરાભાઈ ચૌધરી
મુ.પેપરાળ, તા.લાખણી

**દ્વિતીય વાર્ષિક પુણ્યતિથિએ**
**અશ્રુભીની શ્રદ્ધાંજલિ**



**સ્વ.વર્ધાજી લાધાજી બારોટ**
જન્મ તા. ૦૧/૦૬/૧૯૬૦ । સ્વ. તા. ૦૮/૦૭/૨૦૧૬

વટ વૃક્ષ જેવા વિશાળ કુટુંબમાંથી અણધારી વિદાય લીધી જીવનભર પરિશ્રમના દિવસો વિતાવી સૌને સમૃધ્ધ અને અખંડ બનાવી ચંદન જેવુ જીવન જીવીને સુખ સૌને આપી ગયા, પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

લિ. શોકાતુર પરિવાર..

બારોટ ભરતસિંહ વર્ધાજી (પુત્ર)
બારોટ ભગવતસિંહ વર્ધાજી (પુત્ર)
બારોટ ભરતભાઈ રત્નાજી (ભત્રીજ)
બારોટ દિનેશભાઈ રાયમલજી (ભત્રીજ)
બારોટ દશરથભાઈ બાબુજી (ભત્રીજ)
બારોટ તગાજી લાધાજી (ભાઈ)
બારોટ બાબુજી લાધાજી (ભાઈ)
બારોટ દુર્ગેશભાઈ બાબુજી (ભત્રીજ)
બારોટ વિષ્ણુસિંહ તગાજી (ભત્રીજ)
બારોટ પબજીજી રૂપાજી (ભત્રીજ)